દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 116 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 May 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

શનિવાર, ૧૭ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આતંકવાદને મામલે પાકિસ્તાનને ઉઘાડું પાડવા ભારત વિવિધ દેશમાં પ્રતિનિધિમંડળ મોકલશે

## આ પ્રતિનિધિમંડળ ૧૦ દિવસના સમયગાળામાં જુદા જુદા દેશની મુલાકાત લેશે અને સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલા વિસ્તારની તેઓ મુલાકાત લેશે

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં હાથ ધરવામાં આવેલા ‘ઑપરેશન સિંદૂર’ના ભાગરૂપ આતંકવાદને મામલે પાકિસ્તાનને વૈશ્વિક સ્તરે ઉઘાડું પાડવા ભારત હવે વિવિધ દેશમાં પ્રતિનિધિમંડળ મોકલશે.

તમામ પક્ષના પ્રતિનિધિઓનો સમાવેશ કરતું પ્રતિનિધિમંડળ જુદા જુદા દેશમાં મોકલી ભારત હવે આતંકવાદને મામલે પાકિસ્તાનને વૈશ્વિક સ્તરે ઉઘાડું પાડશે.

વિપક્ષ સહિત વિવિધ રાજકીય પક્ષના નેતાઓએ સરકારના આ નિર્ણયને વધાવી લીધો છે અને તેને સમર્થન આપ્યું છે.

જોકે પ્રતિનિધિમંડળમાં કેટલા સભ્ય હશે એ સ્પષ્ટ કરવામાં નહોતું આવ્યું. અમુક નેતાઓનું કહેવું છે કે આ પ્રતિનિધિમંડળમાં કદાચ ૩૦ કરતાં વધુ સાંસદનો સમાવેશ કરવામાં આવશે.

આ પ્રતિનિધિમંડળ ૧૦ દિવસના સમયગાળામાં જુદા જુદા દેશની મુલાકાત લેશે અને સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલા વિસ્તારની તેઓ મુલાકાત લેશે. સાંસદોનું પ્રતિનિધિમંડળ આ માટે રવાના થાય તે અગાઉ મિનિસ્ટ્રી ઑફ એક્સ્ટર્નલ અફેર્સ (એમઈએ) સાંસદોને ટૂંકમાં માહિતી આપશે.

આ પ્રતિનિધિમંડળમાં મુખ્યત્વે ભાજપ, કૉંગ્રેસ, ટીએમસી, દ્રમુક, એનસીપી (શરદ પવાર), જેડીયુ, બીજેડી, માર્ક્સવાદી તેમ જ અન્ય પક્ષના સાંસદનો સમાવેશ કરવામાં આવશે.


સાંસદોને ૨૨-૨૩મી મેથી શરૂ થતી વિવિધ દેશની દસ દિવસની મુલાકાતે જવા તૈયાર રહેવા જણાવી (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનની શાન આવી ઠેકાણે, ભારત સાથે સમાધાન માટે વાતચીત જરૂરીઃ વિદેશ પ્રધાન

ઇસ્લામાબાદઃ ભારતની કડક કાર્યવાહી બાદ પાકિસ્તાનની શાન ઠેકાણે આવવા લાગી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી અને નાયબ વડા પ્રધાન ઇશાક ડારે ફરી એકવાર વિવાદાસ્પદ મુદ્દાઓના ઉકેલ માટે ભારત સાથે “વ્યાપક વાતચીત” કરવાની હાકલ કરી છે. ડારનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારતે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે પાકિસ્તાન સાથે કોઈપણ વાતચીત ફક્ત આતંકવાદ અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) સંબંધિત મુદ્દાઓ પર જ થશે. પાકિસ્તાનના સંસદમાં ડારે જણાવ્યું હતું કે “ભારત સાથે યુદ્ધવિરામ ૧૮ મે સુધી લંબાવવામાં આવ્યો છે પરંતુ અંતિમ સમસ્યાઓનો ઉકેલ રાજકીય વાતચીત દ્વારા જ આવશે.”

નોંધનીય છે કે ૨૨ એપ્રિલે કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ (જુઓ પાનું ૨) ▶▶

## કાનમાં આજે ડોક્યુમેન્ટરી ‘મુંબઈ સમાચાર ૨૦૦ નોટ આઉટ’નું સ્ક્રીનિંગ




મુંબઈઃ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં આજે એક ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. એશિયાનાં સૌથી જૂનાં અને વિશ્વસનીય અખબાર ‘મુંબઈ સમાચાર’ પર બનાવાયેલી ડોક્યુમેન્ટરી ‘મુંબઈ સમાચાર ૨૦૦ નોટ આઉટ’નું સ્ક્રીનિંગ થશે. વર્ષ ૧૮૫૭માં ભારતની સ્વતંત્રતાના પ્રથમ ચળવળના, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના મૃત્યુનાં, ભારતને મળેલી આઝાદીના, અને કૉંગ્રેસના જન્મના સમાચાર પ્રસિદ્ધ કરનારું એશિયાનું સૌથી જૂનું તેમજ આજે પણ સતત ચાલી રહેલું અખબાર ‘મુંબઈ સમાચાર’ હવે ‘કાન’ મહોત્સવમાં પહોંચી ગયું છે અને આજે ‘કાન’ મહોત્સવમાં ‘મુંબઈ સમાચાર ૨૦૦ નૉટ આઉટ’ ડૉક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ થશે.

વર્ષ ૧૮૨૨માં વિદ્વાન ફરદુનજી મર્ઝબાને આ અખબાર શરૂ કર્યું હતું. ત્યારથી માંડીને અત્યારના યુવા તંત્રી નીલેશ દવે સુધીના તંત્રીઓની વિગત આ ડોક્યુમેન્ટરીમાં સાંકળી લેવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દસ્તાવેજી ફિલ્મ ‘મુંબઈ સમાચાર ૨૦૦ નૉટ આઉટ’નું ટ્રેલર લૉન્ચ કર્યું હતું અને ત્યાર બાદ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે વર્ષ ૨૦૨૪ના સપ્ટેમ્બરમાં મુંબઈમાં યોજાયેલા એક સમારોહમાં આ ડૉક્યુમેન્ટરી રિલીઝ કરી હતી. આ ડૉક્યુમેન્ટરી મુંબઈ સમાચારની ૨૦૦ વર્ષની સફળ સફરની માહિતી આપે છે.■

## વકફ કાયદાની બંધારણીય યોગ્યતાને પડકારતી નવી અરજીની સુનાવણી કરવાનું સુપ્રીમે નકાર્યું

નવી દિલ્હીઃ વકફ અમેન્ડમેન્ટ ઍક્ટ ૨૦૨૫ની બંધારણીય યોગ્યતાને પડકારતી નવી અરજીની ચકાસણી કરવાનું સુપ્રીમ કોર્ટે શુક્રવારે એમ કહીને નકાર્યું હતું કે દરેક જણને સમાચારપત્રમાં ચમકવું છે.

મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યૉર્જ માસિહની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે વકફ કાયદાની બંધારણીય યોગ્યતાને પડકારતી અનિર્ણીત પડી રહેલી અરજીની સુનાવણી ૨૦મી મેએ કરવામાં આવશે.

ત્યાર બાદ સુપ્રીમ કોર્ટ કેસને મામલે વચગાળાની રાહત આપવાને લગતી બાબતોની સુનાવણી હાથ ધરશે, એમ કોર્ટે કહ્યું હતું. શુક્રવારે જેવી અરજીની સુનાવણી હાથ ધરવામાં આવી કે તરત જ કેન્દ્ર સરકાર વતી ઉપસ્થિત રહેલા (જુઓ પાનું ૨) ▶▶

## ‘ઑપરેશન સિંદૂર’ બાદ સંરક્ષણ બજેટમાં ₹ ૫૦,૦૦૦ કરોડના વધારાનો પ્રસ્તાવ

નવી દિલ્હીઃ ‘ઑપરેશન સિંદૂર’ની સફળતા બાદ ભારતે સંરક્ષણ બજેટમાં રૂ. ૫૦,૦૦૦ કરોડનો વધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો હોવાનું સરકારી સૂત્રોએ શુક્રવારે સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું. પૂરક બજેટ મારફતે સંરક્ષણ ક્ષેત્રને આ રકમ પૂરી પાડવામાં આવે એવી શક્યતા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ સાથે જ ભારતનું એકંદર સંરક્ષણ બજેટ રૂપિયા સાત લાખ કરોડના આંકને આંબી જશે. પહેલી ફેબ્રુઆરીએ નાણાં પ્રધાન (જુઓ પાનું ૨) ▶▶

## ગાઝામાં ઇઝરાયલી હુમલામાં ૮૨નાં મોત

દેઇર અલ-બલાહ (ગાઝા પટ્ટી) : યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેમનો પ્રાદેશિક પ્રવાસ પૂર્ણ કર્યો ત્યારે શુક્રવારે ગાઝામાં ઇઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા ૮૨ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ મળ્યા છે. રાતોરાત અને શુક્રવારે થયેલા હુમલાઓમાં ગાઝામાં, જેમાં દેઇર અલ-બલાહ અને ખાન યુનિસ શહેરનો સમાવેશ થાય છે, ઇન્ડોનેશિયન હોસ્પિટલ અનુસાર ઓછામાં ઓછા ૬૬ લોકો માર્યા ગયા, જ્યાં મોટાભાગના મૃતદેહો લઈ જવામાં આવ્યા હતા. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે વધુ ૧૬ મૃતદેહને નાસેર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ટ્રમ્પે ઇઝરાયલ નહીં પણ ગલ્ફ દેશોની મુલાકાત પૂર્ણ કરી ત્યારે વ્યાપક હુમલાઓ થયા છે. એવી વ્યાપક આશા હતી કે તેમની (જુઓ પાનું ૨) ▶▶

## આંધ્ર પ્રદેશમાં ૨૦ મે સુધી વાવાઝોડા અને ભારે વરસાદની આગાહી

અમરાવતી : ભારતીય હવામાન વિભાગ એ શુક્રવારે આંધ્ર પ્રદેશના કેટલાક ભાગોમાં ૨૦ મે સુધી વીજળી અને ૬૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે. હવામાન વિભાગે ઉત્તર કોસ્ટલ આંધ્ર પ્રદેશ, યાનમ, દક્ષિણ કોસ્ટલ આંધ્ર પ્રદેશ અને રાયલસીમાના વિસ્તારોમાં વાવાઝોડાની આગાહી કરી છે.



**બચાવ કામગીરીઃ** ૧૪મી મેએ વહેલી સવારે મેંગલોરની વાયવ્યે અંદાજે ૬૦થી ૭૦ નોટિકલ માઈલને અંતરે માલવાહક જહાજ એમએસવી સલામત ડૂબી ગયા બાદ છ ક્રૂ મેમ્બરને ઉગારી લેવા ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (આઈસીજી)ના અધિકારીઓએ બચાવ કામગીરી હાથ ધરી હતી. (એજન્સી)

## અમદાવાદમાં એક જ દિવસમાં ૩૩૦ પેટ ડોગનું રજિસ્ટ્રેશન થયું

### ૩૧ મે બાદ નોટિસ અને દંડનીય કાર્યવાહી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના હાથીજણ વિસ્તારમાં પાલતુ શ્વાન (પેટ ડોગ)એ કરેલા હુમલામાં ૪ માસની બાળકીનું મોત થયું હતું. પેટ ડોગના હુમલાથી બાળકીના મૃત્યુની ઘટના બાદ શહેરમાં પાલતુ શ્વાન (પેટ ડોગ) રાખનારા લોકોએ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડોગનું રજિસ્ટ્રેશન કરાવવા માટે શરૂઆત કરી દીધી છે. રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ ૩૧ મે હોય ત્યાં સુધીમાં જે લોકો રજિસ્ટ્રેશન ન કરાવે તેની સામે કડક કાર્યવાહીની અમદાવાદ મનપાએ તૈયારી કરતાં જ લોકો રજિસ્ટ્રેશન માટે દોડ્યા છે. એક જ દિવસમાં ૨૯૭ જેટલા પેટ ડોગમાલિકો દ્વારા ૩૩૦ જેટલા ડોગનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

૧ જાન્યુઆરીથી ૧૫ મે સુધીમાં ૬૦૮૮ જેટલા ડોગનું રજિસ્ટ્રેશન થયું છે. ૩૧ મે સુધીમાં પેટ ડોગનું રજિસ્ટ્રેશન નહીં કરાવે તો કોર્પોરેશનના સીએનસીડી વિભાગ તરફથી નોટિસ ફટકારવામાં આવશે. આગામી દિવસોમાં પેટ ડોગ માટે ખૂબ કડક પોલિસી લાવવામાં આવશે જેમાં પેટ ડોગને જપ્ત કરવાથી લઈને હરવા-ફરવા ઉપર પણ પ્રતિબંધ મુકાઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં પાલતું શ્વાનની સંખ્યા અંદાજે ૫૦૦૦૦થી વધારે છે. ૧ જાન્યુઆરી ૨૦૨૫થી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ૧૫ મે ૨૦૨૫ સુધીમાં ૬૦૮૮ જેટલા ડોગના રજિસ્ટ્રેશન થયા છે જેમાં ૩૫૧૨ જેટલા પેટ ડોગના માલિકો દ્વારા ૪૦૫૭ ડોગ માત્ર પશ્ચિમ વિસ્તારમાં નોંધાયા છે. હાથીજણ વિસ્તારની ઘટના બાદ પેટ ડોગ રાખનારા માલિકો જો રજિસ્ટ્રેશન ના કરાવે તો કડક કાર્યવાહી કરવા અંગેના સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ

## રાજકોટના રીબડાના અમિત ખૂંટ આપઘાત કેસમાં નવો વળાંક મૃતકના પત્નીએ અનિરુદ્ધસિંહ સામે મુખ્યપ્રધાનને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના રીબડા ગામના અમિત ખૂંટના આપઘાતનો કેસ બહુ ચર્ચામાં રહ્યો છે. આ કેસમાં નવો વળાંક આવ્યો છે. અમિત ખૂંટના પત્નીએ મુખ્ય પ્રધાનને પત્ર લખી અને આરોપીઓની ધરપકડ કરવાની માગ કરી છે. આ ઘટનાને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. અમિત ખૂંટની પત્નીએ અનિરુદ્ધસિંહ જાડેજા અને રાજદીપસિંહ જાડેજાની તાત્કાલિક ધરપકડ કરવાની માગ કરી છે. મૃતકના પત્નીએ મુખ્ય પ્રધાનને પત્રમાં લખીને જણાવ્યું હતું કે, આરોપીઓ અને મૃતક એક જ ગામના હોવાથી અનિરુદ્ધસિંહનો પુત્ર શક્તિસિંહ જાડેજા ગામમાં ભય ફેલાવી રહ્યો છે.

તેમના દ્વારા પરિવારજનોને ડરાવવા અને ધમકાવવાના પ્રયાસો કરવામાં આવે છે. તેના કારણે સમગ્ર પરિવારને ડરી-ડરીને રહેવું પડે છે. ■

## ગુજરાત પોલીસમાં ફરજ બજાવતાં ૧૧૧ જુનિયર ક્લાર્કની સિનિયર ક્લાર્ક તરીકે બઢતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસમાં ફરજ બજાવતાં ૧૧૧ જુનિયર ક્લાર્કની(વર્ગ-૩)ની સિનિયર ક્લાર્ક તરીકે બઢતી કરવામાં આવી હતી.સાતમા પગાર પંચ મુજબ પગાર ધોરણનું પે લેવલ રૂપિયા ૨૫,૫૦૦ થી રૂપિયા ૮૧,૧૦૦ રહેશે.

એસ.એ. રાઠોડની ડીજીપી કચેરીથી મહિસાગર, એન.એસ. જોષીની વડોદરા ગ્રામ્યથી નર્મદા, વી.એચ.ખુંટીની પોરબંદરથી ગીર-સોમનાથ, આર.કે.પટેલની ડીજીપી કચેરીથી ગુજરાત પોલીસ ભરતી બોર્ડમાં બદલી કરવામાં આવી હતી. કે.જી.જોષીની અમરેલીથી ભાવનગર બદલી કરવામાં આવી હતી. જ્યારે આર.કે.ગોહિલની ભાવનગરથી અમરેલી ખાતે બદલી કરવામાં આવી હતી.

કોન્સ્ટેબલની પરીક્ષા અંગે ગુજરાત પોલીસ ભરતી બોર્ડની આગામી ૧૫મી જૂનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી હતી. લેખિત પરીક્ષાની તારીખમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી. આ પરીક્ષા માટે ૨૦૦ માર્કનું પેપર લેવામાં આવશે અને તે માટે ઉમેદવારોને ૩ કલાકનો સમય ફાળવવામાં આવશે. આ માટે યોજાનાર પરીક્ષાનું પ્રશ્નપત્ર બે માળખામાં તૈયાર કરવામાં આવશે. જેમાં પાર્ટ એમાં ૮૦ ગુણના અને પાર્ટ બીમાં ૧૨૦ ગુણના પ્રશ્નો રહેશે. ■

## છત્તીસગઢમાં નકસલ પ્રભાવિત ૧૭ દૂરવર્તી ગામડાઓમાં પહેલી વાર વીજળી પહોંચી

રાયપુરઃ છત્તીસગઢના નકસલ પ્રભાવિત મોહલા-માનપુર-અંબાગઢ ચોકી જિલ્લામાં લગભગ દુર્ગમ પર્વતો અને ગાઢ જંગલો વચ્ચે વસેલાં ૧૭ ગામડાઓને પહેલી વાર સપ્લાઇ ગ્રીડમાંથી વીજળી મળી છે. આ માહિતી અધિકારીઓએ શુક્રવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ વીજળીકરણથી લગભગ ૫૪૦ પરિવારોને લાભ થશે. આ કામ મુખ્ય પ્રધાન મજરાટોલા વિદ્યુતીકરણ યોજના હેઠળ ૩ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે. દુર્ગમ ભૂપ્રદેશ અને નકસલી ખતરાની વચ્ચે આ વિસ્તારો સુધી પહોંચવું અત્યંત પડકારજનક હતું. સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે આ ગામડાઓને ગ્રીડ દ્વારા વીજળી પૂરી પાડવી એ કોઇ મિશનથી ઓછું ન હતું. ગામડાઓમાં બલ્બ ચલાવવા માટે સૌર ઊર્જાની સુવિધા હતી. પરંતુ જાળવણી સંબંધિત સમસ્યાઓ હતી. અધિકારીઓએ જણાવ્યું કે ઘણાં ગામડાઓમાં સોલાર પેનલ ચોરાઇ ગયા હતા, જેના કારણે બાળકોને કેરોસીનના દીવા પ્રગટાવીને અભ્યાસ કરવો પડે છે.

તાજેતરમાં વીજળી સાથે જોડાણ થયા બાદ કટુલઝોરા, કટ્ટાપાર, બોદરા, બુકમરકા, સંબલપુર, ગટ્ટેગહન, પુગદા, અમાકોડો, પેટમેટા, તાતેકાસા, કુંડલકલ, રાયમનહોરા, નિંગુડા, મેટાટોડકે, કોહકાટોલા, એડસમેટા અને કુંજાકનહાર ગામોમાં ઉજવણી કરવામાં આવી હતી. આ ૧૭ ગામોના ૫૪૦ પરિવારોમાંથી ૨૭૫ પરિવારોને અત્યાર સુધીમાં વીજળીનું કનેક્શન મળી ગયું છે. ■

## પંજાબ પોલીસે પાકિસ્તાનના નશીલા પદાર્થની તસ્કરીનો કર્યો પર્દાફાશ

ચંડીગઢ : પંજાબ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે તેણે પાકિસ્તાન સ્થિત અને તેની જાસૂસી સંસ્થા આઇએસઆઇ નિયંત્રિત નાર્કો-તસ્કરીના મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે અને ભારતમાં તેના સાથે સંબંધિત પ્રવૃત્તિઓ ચલાવતા એક વ્યક્તિની ૮૫ કિલો હેરોઈન સાથે ધરપકડ કરી છે. પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) ગૌરવ યાદવે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, “તરનતારન પોલીસે આઇએસઆઇ નિયંત્રિત પાકિસ્તાન સ્થિત ડ્રગ સ્મગલિંગ મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે જે બ્રિટનમાં રહેતા ડ્રગ સ્મગલર લલ્લી દ્વારા સંચાલિત કરાઇ રહ્યો હતો. તેના ભારત સ્થિત સહયોગી અમરજોત સિંહ ઉર્ફે જોતા સંધુની ધરપકડ કરાઇ હતી જે અમૃતસર ગ્રામીણના ભીટ્ટેવાડ ગામનો રહેવાસી છે. તેની પાસેથી ૮૫ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ (આઇએસઆઇ) એ પાકિસ્તાનની લશ્કરી ગુપ્તચર એજન્સી છે. ડીજીપી યાદવે જણાવ્યું હતું કે અમરજોત સરહદ પારથી આવતા ડ્રગ્સના કન્સાઇનમેન્ટ મેળવતો હતો અને તેને પંજાબના વિવિધ ભાગોમાં સપ્લાય કરતો હતો. ■



**તિરંગા રેલીઃ** ‘ઑપરેશન સિંદૂર’ની સફળતા બદલ ભારતીય સેના સાથે એકતા દર્શાવવા ભાજપના ટેકેદારોએ ગુરુગ્રામમાં યોજાયેલી તિરંગા રેલીમાં ભાગ લીધો હતો. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પને ભારતને નુકસાન કરવામાં જ રસ

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વાર તેમની હળાહળ ભારત વિરોધી માનસિકતા છતી કરીને એપલને ભારતમાં પોતાની ફેક્ટરીઓ નાખવા સામે ચીમકી આપી છે. ડોનલ્ડ ટ્રમ્પે પોતે જ કહ્યું છે કે, પોતે એપલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) ટિમ કૂકને કહ્યું હતું કે, એપલના આઈફોન બનાવવા માટે ભારતમાં ફેક્ટરીઓ સ્થાપવાની કોઈ જરૂર નથી અને હું નથી ઇચ્છતો કે એપલનાં ઉત્પાદનો ભારતમાં બને. ટ્રમ્પે એવો દાવો પણ કર્યો કે એપલે ભારતની ચિંતા કરવાની જરૂર નથી ને ભારત પોતાનું ફોડી લેશે.

કતારની રાજધાની દોહામાં બિઝનેસ લીડર્સને સંબોધતાં ટ્રમ્પે એપલના સીઈઓ કૂક સાથેની પોતાની વાતચીત વિશે ડંફાશો મારવાની સાથે સાથે આડકતરી ધમકી પણ આપી કે, એપલે હવે અમેરિકામાં ઉત્પાદન વધારવું પડશે. ટ્રમ્પે એવો દાવો પણ કર્યો છે કે, ભારતે અમેરિકાના માલ પર ઝીરો ટેરિફ ડીલ કરવા તૈયારી બતાવી છે અને ભારત અમેરિકાના માલ પર એક પણ પૈસો ડ્યુટી લીધા વિના પણ વ્યાપાર કરવા તૈયાર છે.

ટ્રમ્પે એપલના સીઈઓ ટિમ કૂકને આડકતરી ધમકી આપી છે. આ ધમકીના જવાબમાં શું કરવું એ ટિમ કૂક અને એપલના બોર્ડે નક્કી કરવાનું છે પણ ભારત માટે એપલ ટેસ્ટ કેસ છે. ભારત માટે એપલ શું નક્કી કરે છે એ મહત્ત્વનું છે કેમ કે એપલ ડરી જશે તો ભારતમાં આવવા માગતી બીજી અમેરિકન કંપનીઓમાં પણ ડર પેદા થશે. ચીનમાંથી એપલ સહિતની ઘણી અમેરિકન તથા બીજા દેશોની કંપનીઓ પોતાના પ્લાન્ટ ખસેડવા માગે છે અને ભારતમાં લાવવા માગે છે.

એપલ સહિતની વિદેશી કંપનીઓ ભારત પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે તેનાં ઘણાં કારણ છે. સૌથી મોટું કારણ ચીનનું સામ્યવાદી શાસન અને નકલ કરી લેવાની માનસિકતા છે. ચીન નકલખોરીમાં નિષ્ણાત છે તેથી ગમે તેની કોપી કરી નાખે છે. એપલના આઈફોન જેવા જ ફોન બનાવીને ચીને બજારમાં વેચવા માંડ્યા છે. એપલ જ નહીં પણ બીજી પ્રોડક્ટ્સની પણ ચીન નકલ કરે છે. તેના કારણે એપલ સહિતની મોનોપોલી બિઝનેસ ધરાવતી કંપનીઓની મોનોપોલી સામે ખતરો ઊભો થયો છે તેથી ભવિષ્યમાં તેની અસર તેમના વેચાણ અને આવક પર પડી શકે છે. ભારતમાં એવો કોઈ ખતરો નથી તેથી કંપનીએ ભારતમાં આવી રહી છે.

ચીનથી પ્લાન્ટ ખસેડવા માટેનાં બીજાં પણ કારણ છે. એપલ સહિતની વિદેશી કંપનીઓ ચીન પરની નિર્ભરતા ઘટાડવા માગે છે. ચીન અને અમેરિકા વચ્ચે વારંવાર તણાવ થયા કરે છે તેની અસર આ કંપનીઓ પર પડે છે. ચીનમાં કોવિડ-૧૯નો રોગચાળો ફેલાયો અને લાંબું લોકડાઉન લદાયું તેના કારણે કંપનીઓએ પરાણે ઉત્પાદન બંધ કરવું પડેલું, એ પછી કંપનીઓને લાગ્યું કે ઉત્પાદન માટે ચીન પર વધુ પડતો મદાર રાખવો કે નિર્ભર રહેવું યોગ્ય નથી. આ કારણે કંપનીઓ ઓછા જોખમવાળા વિકલ્પો તરફ વળી રહી છે. વિયેતનામ, ભારત, થાઈલેન્ડ વગેરે ઓછા જોખમવાળા પ્રદેશો હોવાથી કંપનીઓને ભારતમાં રસ છે.

બીજું એ કે, ભારત પાસે જંગી માર્કેટ છે તેથી ભારતમાં બનાવેલો માલ મોટા પ્રમાણમાં ભારતમાં પણ ખપી જાય છે. ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સ્માર્ટફોન સહિતની ટેકનોલોજી આધારિત પ્રોડક્ટ્સ માટેનું બજાર છે. ચીનમાં ચીનની કંપનીઓ અમેરિકા કરતાં બહેતર પ્રોડક્ટ્સ બનાવે છે તેથી સ્થાનિક માલની ડીમાન્ડ વધારે છે. ભારતમાં સ્થાનિક કંપનીઓ તરફથી કોઈ સ્પર્ધા નથી. સ્થાનિક ઉત્પાદન કરવાથી કંપનીઓને ખાસ કરીને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો ભારતમાં મોટા પ્રમાણમાં ખપાવવામાં મદદ મળે છે.

ભારતમાં ચીન કરતાં ઓછો લેબર ખર્ચ છે અને તેના કારણે પ્રોડક્ટની પડતર કિંમત ઓછી પડે છે. ભારતમાં સરકારી પ્રોત્સાહનો પણ વધારે છે. ભારતની મેક ઇન ઇન્ડિયા પહેલ અને પ્રોડક્શન લિંક્ડ ઇનિશિયેટિવ (PLI) યોજનાઓ સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારવા માટે કંપનીઓને નાણાકીય સહાય આપે છે. તેના કારણે ફોક્સકોન અને ટાટા જેવી એપલની ભાગીદાર કંપનીઓ ભારતમાં વધુ રોકાણ કરી રહી છે.

એપલ સહિતની કંપનીઓના પ્લાન્ટ ભારતમાં આવે તો ભારતમાં રોજગારી વધે, ભારતને કરવેરાની આવક થાય અને નિકાસ થાય એટલે વિદેશી હૂંડિયામણની પણ આવક થાય. એપલ ભારતમાં બનેલા તેના ૭૦ ટકા આઇફોનની નિકાસ કરે છે. ૨૦૨૪માં ભારતમાંથી આઇફોન નિકાસ ૧૨.૮ અબજ ડોલર (લગભગ ૧.૧૦ લાખ કરોડ) હતી. એપલ ભારતમાં બનતી પ્રોડક્ટનો સૌથી મોટો નિકાસકાર દેશ છે તેથી તેની વાત કરી પણ આવી બીજી ઘણી પ્રોડક્ટ્સ છે. આ બધી પ્રોડક્ટ્સના કારણે ભારતનું અર્થતંત્ર મજબૂત બની રહ્યું છે પણ એપલ ફસકે ને તેના પગલે બીજી કંપનીએ પણ ફસકે તો ભારતને મોટો ફટકો પડે.

ભારતને એક નુકસાન એ પણ થાય કે, ભારતની વિશ્વનું ભાવિ મેન્યુફેક્ચરિંગ હબ બનવાની મહત્વાકાંક્ષા પૂરી ના થાય. અત્યારે ચીનની સ્થિતી, ભારત સરકારની પ્રોત્સાહક નીતિઓ સહિતનાં પરિબળોના કારણે ચીન કરતાં ભારત પાસે ટેકનોલોજીનું જ્ઞાન ધરાવતા સ્કીલ્ડ વર્કર્સ ઓછા હોવા છતાં વિદેશી કંપનીઓ ભારત આવી રહી છે. ફોક્સકોન જેવા એપલના ભાગીદારો તો પોતાની ઉત્પાદન જરૂરિયાતોને પહોંચી વળવા માટે કામદારોને તાલીમ પણ આપી રહ્યા છે. તેના કારણે એક મોમેન્ટમ ઊભી થઈ છે એ તૂટી જાય.

જોકે અમેરિકાની કંપનીઓ પણ ગાંજી જાય એવી નથી. ટ્રમ્પ પોતાનો ફાયદો જુએ છે એમ આ કંપનીઓ પણ પોતાનો ફાયદો જ જોતી હોય છે ને ભારતમાં પ્લાન્ટ નાખવામાં તેમનો વધારે ફાયદો છે. આ સંજોગોમાં ટ્રમ્પની ધમકીની એપલ કે બીજી કંપની પર અસર પડવાની શક્યતા ઓછી છે.

જો કે ભારતે ટ્રમ્પની ભારત વિરોધી માનસિકતાને સમજવાની જરૂર છે. ટ્રમ્પ ભારતના દોસ્ત છે ને ભારતના વડા પ્રધાનના દોસ્ત છે એવી વાતો આપણે સાંભળ્યા કરીએ છીએ પણ ટ્રમ્પનો એક પણ નિર્ણય ભારતની તરફેણનો નથી. ઊલટાનું ટ્રમ્પ ભારતની મેથી મારવાની કોઈ તક છોડતા નથી. આ સંજોગોમાં ભારતે ટ્રમ્પને મહત્ત્વ આપવાના બદલે પોતાનાં હિતો વિશે વિચારીને નવા દોસ્ત શોધવા જોઈએ. ટ્રમ્પ ભારતના દોસ્ત બની શકે તેમ નથી એ વાસ્તવિકતાને સ્વીકારીને ટ્રમ્પ સિવાય બીજા ક્યા વિકલ્પો છે એ વિશે વિચારવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, શનિવાર, તા. ૧૭–૫–૨૦૨૫,
શ્રી ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ (ગોંડલ)

- ભારતીય દિનાંક ૨૭, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ વદ –૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ–૫
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ,માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૭–૪૩ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રે ક. ૨૪–૦૩ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૨, સ્ટા. ટા.

● મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ●

- ભરતીઃ બપોરે ક. ૧૪–૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૦ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૭–૫૨, રાત્રે ક. ૨૧–૦૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ● ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – પંચમી. શ્રી ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ (ગોંડલ).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, મહાબલિ હનુમાનજી પૂજન, શનિ દેવતાનું પૂજન, હનુમાનચાલીસા, સુંદરકાંડ વાંચન, કીર્તન, પરગામ પ્રયાણ મધ્યમ, માલ વેંચવો, નિત્ય થતાં મિલકત લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ, પશુ લેવડદેવડ.
- આચમનઃચંદ્ર–શુક્ર અર્ધચતુષ્કોણ જાહેર રાજકીય પ્રવૃત્તિઓમાં અપયશ, ચંદ્ર–હર્ષલ યુતિ કાર્યક્ષેત્રે સંઘર્ષ, ચંદ્ર–સૂર્ય ત્રિકોણ સમાજમાં લોકપ્રિયતા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર અર્ધચતુષ્કોણ, ચંદ્ર–હર્ષલ યુતિ, ચંદ્ર–સૂર્ય ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–કર્ક, બુધ–મેષ, ગુરુ–મિથુન, શુક્ર–મીન, શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# પાકિસ્તાન સાથેનો તણાવ ઘટાડવા અને વિશ્વાસના વાતાવરણનું નિર્માણ કરવા યોગ્ય પગલાં લઈશું: ભારતીય સેના

નવી દિલ્હીઃ પાકિસ્તાન સાથેનો તણાવ ઘટાડવા અને બંને વચ્ચે વિશ્વાસના વાતાવરણનું નિર્માણ કરવા અમે યોગ્ય પગલાં લઈશું, એમ ભારતીય સેનાએ ગુરુવારે કહ્યું હતું. સેનાની કાર્યવાહી અટકાવી દેવાની મુદત ૧૮મી મે સુધી લંબાવવામાં આવી હોવાની પાકિસ્તાનની સેનાએ કરેલી ટિપ્પણીના ગણતરીના કલાકો બાદ ભારતીય સેનાએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે બંને દેશ વચ્ચે ચાર દિવસ ચાલેલા યુદ્ધ બાદ ભારત અને પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સ (ડીજીએમઓ)એ ૧૦મી મેએ સૈન્ય કાર્યવાહી અટકાવી દેવાની નક્કી કરવામાં મુદત ૧૮મી મે સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બંને દેશ વચ્ચે તણાવ ઘટાડવા અને વિશ્વાસના વાતાવરણનું નિર્માણ કરવા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે પરિસ્થિતિને આધારે ભાવિ નિર્ણય લેવામાં આવશે.

પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઈશાક ડારે સંસદને જણાવ્યું હતું કે પાકિસ્તાન અને ભારતના ડીજીએમઓએ શસ્ત્રવિરામ અંગે બુધવારે હૉટલાઈન પર વાત કરી હતી.

જોકે ડારે કરેલા દાવા અંગે કોઈપણ નિવેદન કરવાનું ભારતીય સેનાએ ટાળ્યું હતું.

પાકિસ્તાનના વિદેશ પ્રધાનને સમાચાર ચેનલે એમ કહેતા ટાંક્યા હતા કે અગાઉ બંને દેશના ડીજીએમઓએ ૧૦મી મેએ શસ્ત્રવિરામની મુદત ૧૨મી મે સુધી, ત્યાર બાદ ૧૪મી સુધી અને હવે ૧૮મી મે સુધી લંબાવવા સહમતી દર્શાવી હતી. (એજન્સી) ■

# લશ્કરી સંઘર્ષોમાં ડ્રોન, સાયબર સ્પેસ નવા દાખલા: ભૂતપૂર્વ ડીજીએમઓ

નવી દિલ્હીઃ ‘ઓપરેશન સિંદૂર’ એ આધુનિક યુદ્ધમાં ડ્રોનના મહત્ત્વને સ્પષ્ટપણે સામે લાવી દીધું છે. ડ્રોન, અવકાશ અને સાયબર સ્પેસ ભવિષ્યના લશ્કરી સંઘર્ષો માટે નવા ઉદાહરણ હશે. ડોકલામ સંકટની દેખરેખ રાખનારા ભૂતપૂર્વ ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સે આ વાત કહી હતી. ગુરુવારે પીટીઆઈને આપેલા એક ઇન્ટરવ્યૂમાં નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ અનિલ કુમાર ભટ્ટે પણ સોશિયલ મીડિયા પર ઘણા યુદ્ધ પ્રેમીઓ દ્વારા આપવામાં આવતા સૂચનો પર નારાજગી વ્યક્ત કરી હતી. આવા યુઝર્સ ચાર દિવસમાં સંઘર્ષનો અંત આવવાથી નાખુશ હતા. તેમનું માનવું હતું કે આ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને પાછું મેળવવાની તક છે. તેમણે કહ્યું કે યુદ્ધ એ છેલ્લો વિકલ્પ હોવો જોઈએ. ભારત માટે યુદ્ધની કોઈ જરૂર નથી કારણ કે આપણે આપણા વ્યૂહાત્મક લક્ષ્યો પ્રાપ્ત કરી લીધા છે. ૨૦૧૭માં જ્યારે ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) ના સિક્કિમ સેક્ટર નજીક ડોકલામ ટ્રાઇ-જંકશન પર ૭૩ દિવસના લશ્કરી સંઘર્ષમાં વ્યસ્ત હતા ત્યારે ભટ્ટ ડીજીએમઓ હતા. તેમણે કહ્યું હતું કે, ‘હું મારા બધા દેશવાસીઓને કહેવા માંગુ છું કે યુદ્ધ એક ગંભીર બાબત છે. કોઈ રાષ્ટ્ર ફક્ત ત્યારે જ તેનો આશરો લે છે જ્યારે બધા શક્ય વિકલ્પો ખતમ થઈ જાય. વર્તમાન સંકટ દરમિયાન આપણી પાસે વિકલ્પો હતા. આપણે તેને સમજદારીપૂર્વક પસંદ કર્યા.’

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તાજેતરના સંઘર્ષમાં ડ્રોન કેટલા મહત્ત્વપૂર્ણ હતા? તેમણે કહ્યું હતું કે માનવરહિત હવાઈ વાહનોએ યુદ્ધમાં એક સંપૂર્ણપણે નવો દાખલો બેસાડ્યો છે. દુનિયાની સેનાઓએ આ બાબત પર ત્યારે ધ્યાન આપવાનું શરૂ કર્યું જ્યારે અઝરબૈજાને સુસજજ આર્મેનિયા સામે લગભગ હારી ગયેલા યુદ્ધમાં જીત મેળવવામાં શાનદાર સફળતા મેળવી. આ ડ્રોન તુર્કીમાં બનેલા હતા.

તુર્કીએ પાકિસ્તાનને પણ ડ્રોન પૂરા પાડ્યા હતા, જેણે ભારતીય હવાઈ ક્ષેત્રમાં દેખરેખ અને ક્યારેક ઘાતક પેલોડ સાથે અનેક ડ્રોન મોકલ્યા હતા. ભટ્ટે સહમતિ વ્યક્ત કરી કે ૨ લાખ રૂપિયાના સસ્તા ડ્રોન ૨૦૧૭ અને ૨૦૨૦ માં બે અઝરબૈજાન-આર્મેનિયા યુદ્ધોમાં ૨૦-૩૦ કરોડ રૂપિયાના સશસ્ત્ર ટેન્કનો નાશ કરવામાં સક્ષમ હતા. આનાથી સ્પષ્ટ થયું કે ભવિષ્યના યુદ્ધ મેદાનો ડ્રોનથી ભરાઈ જશે.

ભટ્ટે કહ્યું હતું કે, ‘પહેલા આપણે કહેતા હતા કે યુદ્ધો જમીન, સમુદ્ર અને હવામાં લડાય છે.’ હવે બે નવા ક્ષેત્રો છે – અવકાશ અને સાયબર સ્પેસ. ભવિષ્યના યુદ્ધ માટે અવકાશ ક્ષેત્ર મહત્વપૂર્ણ છે, કારણ કે ઉપગ્રહો ગુપ્ત માહિતી એકત્ર કરવા, દેખરેખ રાખવા અને જાસૂસી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ઉપરાંત મિસાઇલો અને વિમાનોને તેમના ઇચ્છિત લક્ષ્યો સુધી માર્ગદર્શન આપે છે. તેમણે કહ્યું હતું કે ‘ભવિષ્યમાં દરેક દેશે અવકાશમાં પોતાની સંપત્તિનું રક્ષણ કરવું પડશે અને એ પણ જાણવું પડશે કે તેના વિરોધીઓ પાસે અવકાશમાં કઈ સંપત્તિ છે.’ ■

### ટ્રમ્પે એનઆરઆઈનું વધાર્યું ટેન્શન

# અમેરિકાથી ભારત પૈસા મોકલવાનું મોંઘું થશે

વોશિંગ્ટનઃ ટ્રમ્પ સરકારે વધુ એક ચોંકાવનારો નિર્ણય કર્યો હતો. તેમના આ નિર્ણયથી ભારતીયોની મુશ્કેલી વધી શકે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૫ ટકા રેમિટન્સ ટેક્સનો પ્રસ્તાવ મૂક્યો છે. ધ વન, બિગ, બ્યુટીફુલ બિલ નામના બિલ હેઠળ લાગુ પડનાર આ ટેક્સ અમેરિકામાં વસતા વિદેશી નાગરિકો દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર લાગશે.

આ યોજના અમલમાં મુકાઈ તો એનો સૌથી મોટો ગેરફાયદો ભારતીયોને થશે, કેમ કે વૈશ્વિક સ્તરે ભારતીયો જ વતનમાં સૌથી વધુ નાણાં મોકલે છે.

અમેરિકાનો વહીવટી ખર્ચ ઓછો કરીને દેશની આવક વધે એવા અનેક પગલાં ટ્રમ્પ લઈ રહ્યા છે. ધ વન, બિગ, બ્યુટીફુલ બિલમાં અમેરિકન નાગરિક ન હોય એવા વિદેશીઓ દ્વારા તેમના વતન મોકલાતા નાણાં પર ૫ ટકા રેમિટન્સ ટેક્સ વસૂલવાની દરખાસ્ત મુકાઈ છે. ફક્ત રોકડ જ નહીં, કોઈપણ ફોર્મમાં મોકલાતી નાણાકીય સહાયને આ ટેક્સ લાગુ પડશે.

આ બિલ અંતર્ગત કોઈ લઘુતમ મુક્તિ મર્યાદા પ્રસ્તાવિત કરવામાં આવી નથી. ટ્રાન્સફર નાના મૂલ્યનું હશે તો પણ રેમિટન્સ ટેક્સ ચૂકવવો પડશે. ભારતમાં વસતા પરિજનો માટે મ્યુચ્યુઅલ ફંડ્સમાં સાધારણ રોકાણ માટે મોકલવામાં આવેલા નાણાં પર પણ ૫ ટકાના દરે ટેક્સ લાગશે. શિક્ષણ, આરોગ્યસંભાળ અથવા કટોકટી સહાય માટે મોકલવામાં આવેલા ભંડોળ પર પણ સમાન ટેક્સ લાગશે.

ટ્રમ્પના આ નિર્ણય બાદ પરિવારને આર્થિક મદદ માટે નિયમિત પૈસા મોકલતાં એનઆઈઆરની ચિંતા વધી ગઈ છે. એનઆરઆઈના કહેવા પ્રમાણે, ટ્રમ્પના આ પગલાથી તેમના પરિવારની આર્થિક મદદ કરવી વધારે મોંઘી બનશે.

વિશ્વમાં સૌથી વધુ રેમિટેંસ મેળવતો દેશ ભારત વિશ્વમાં દર વર્ષે આશરે ૮૩ બિલિયન ડૉલર વિદેશથી મેળવે છે. જેમાં મોટાભાગનો હિસ્સો અમેરિકાથી આવે છે.

પારિવારિક સહાય પર અસરઃ એનઆરઆઇ તેમના પરિવાર, શિક્ષણ ખર્ચ, સંપત્તિ ખરીદી અને બીજી જરૂરિયાતો માટે પૈસા મોકલે છે. જેના પર વધારાનો ટેક્સ લાગશે.

દર એક લાખ રૂપિયા (ડૉલરમાં) મોકલવા પર ૫૦૦૦ રૂપિયા (ડૉલરમાં) આઈઆરએસ ટેક્સ આપવો પડશે. ■

# રાજસ્થાનમાં ભીષણ ગરમી: પારો ૪૬ ડિગ્રી પહોંચવાની સંભાવના

જયપુરઃ રાજસ્થાનના કેટલાક ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. શ્રીગંગાનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં તાપમાન ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ જાણકારી હવામાન કેન્દ્રએ શુક્રવારે આપી હતી.

શુક્રવારની બપોરે ઉદયપુર અને કોટાના કેટલાક ભાગોમાં ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું અને હળવો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. રાજ્યના બાકીના ભાગોમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. આગામી ત્રણ-ચાર દિવસ સુધી જોધપુર અને બિકાનેર વિભાગના સરહદી વિસ્તારોમાં ભારે ધૂળવાળા પવન ફૂંકાવાની આગાહી છે.

તે જ રીતે ૧૬-૨૦ મેના રોજ બિકાનેર અને શ્રીગંગાનગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૫-૪૬ ડિગ્રી નોંધાવાની શક્યતા છે. જ્યારે કેટલાંક સ્થળોએ હિટવેવની આગાહી કરવામાં આવી છે. બાકીના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન ૪૨-૪૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાવાની શક્યતા છે. ૧૯-૨૦ મેના રોજ રાજ્યના ઉત્તરીય ભાગોમાં ગાજવીજ સાથે વાવાઝોડું અને હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ■

# વડા પ્રધાને સિક્કિમના લોકોને રાજ્ય સ્થાપના દિવસની શુભકામના પાઠવી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે સિક્કિમના લોકોને તેના રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. તેમજ વિવિધ ક્ષેત્રોમાં રાજ્યની પ્રગતિની પ્રશંસા કરી હતી. વડા પ્રધાને એક્સ પર જણાવ્યું કે સિક્કિમના લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ! આ વર્ષે આ પ્રસંગ વધુ ખાસ છે કારણ કે આપણે સિક્કિમ રાજ્ય બન્યું તેની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છીએ! તેમણે વધુમાં જણાવ્યું કે સિક્કિમ નિર્મળ સુંદરતા, સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓ અને મહેનતુ લોકો સાથે જોડાયેલું છે. તેણે વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આતંકવાદને મામલે

દેવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યાનુસાર ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અનુરાગ ઠાકુર, અને ઓડિશાથી ભાજપનાં સાંસદ અપરાજિતા સારંગી સહિત કોંગ્રેસના શશી થરૂર, મનિષ તિવારી, સલમાન ખુરશીદ અને અમરસિંહ. ટીએમસીના સુદીપ બંદોપાધ્યાય, જેડીયુના સંજય ઝા, એનસીપીના સુપ્રિયા સૂળે, દ્રમુકનાં એસ. કે. કનિમોઝી, માર્ક્સવાદી પક્ષના જૉન બ્રિટાસ, એઆઈએમઆઈએમના અસદુદ્દીન ઔવેસી તેમ જ અન્ય પક્ષના અમુક સાંસદ આ પ્રતિનિધિમંડળનો હિસ્સો હશે. (એજન્સી) ■

### ‘ઑપરેશન સિંદૂર’

નિર્મલા સીતારમણ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેના રજૂ કરવામાં આવેલા બજેટમાં સશસ્ત્ર દળ માટે વિક્રમજનક રૂ. ૬.૮૧ લાખ કરોડ ફાળવવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંરક્ષણ ક્ષેત્ર માટે ફાળવવામાં આવેલા રૂ. ૬.૨૨ લાખ કરોડની સરખામણીએ આ વર્ષના સંરક્ષણ બજેટમાં પહેલા જ ૯.૨ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.

વધારેલા બજેટ માટે સંસદના શિયાળુ સત્રમાં મંજૂરી લેવામાં આવશે. આ ભંડોળનો ઉપયોગ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, શસ્ત્રો, દારૂગોળા તેમ જ અન્ય સાધનસામગ્રીની ખરીદી માટે કરવામાં આવે એવી શક્યતા છે.

સંરક્ષણ ક્ષેત્ર વર્ષ ૨૦૧૪થી નરેન્દ્ર મોદીની સરકારના કેન્દ્રસ્થાને રહ્યું છે. ભાજપના શાસનકાળના પ્રથમ વર્ષ એટલે કે ૨૦૧૪-૧૫માં સંરક્ષણ વિભાગ માટે રૂ. ૨.૨૯ લાખ કરોડ ફાળવવામાં આવ્યા હતા.

આ વરસે સંરક્ષણ ક્ષેત્ર માટે ફાળવવામાં આવેલું ભંડોળ તમામ ખાતાઓને ફાળવવામાં આવેલા ભંડોળની સરખામણીએ વધુ છે અને તે કુલ બજેટના ૧૩ ટકા જેટલું છે.

પાકિસ્તાન સાથેની સતત ‘તણાવપૂર્ણ પરિસ્થિતિ’ને- ખાસ કરીને બાવીસ એપ્રિલે પહલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલા બાદ હાથ ધરવામાં આવેલા ‘ઑપરેશન સિંદૂર’ને ધ્યાનમાં રાખીને આ ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

‘ઑપરેશન સિંદૂર’એ ભારતની સૈન્યશક્તિની ક્ષમતા અને કુશળતા પર પ્રકાશ પાડ્યો છે અને તેની સરખામણી ઈઝરાયલના વિખ્યાત ‘આયર્ન ડૉમ’ સાથે કરી શકાય એમ છે. (એજન્સી) ■

### ગાઝામાં

પ્રાદેશિક યાત્રા યુદ્ધવિરામ કરાર અથવા ગાઝાને માનવતાવાદી સહાયનું નવીકરણ લાવી શકે છે. પ્રદેશ પર ઇઝરાયલી નાકાબંધી હવે તેના ત્રીજા મહિનામાં છે.

પોતાના પ્રવાસના અંતિમ દિવસે અબુ ધાબીમાં એક બિઝનેસ ફોરમમાં પત્રકારો સાથે વાત કરતા, ટ્રમ્પે કહ્યું કે ‘‘તેઓ ગાઝા સહિત વિવિધ વૈશ્વિક કટોકટીઓનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમે ગાઝા તરફ જોઈ રહ્યા છીએ, અને આપણે તેનું ધ્યાન રાખવું પડશે. ઘણા લોકો ભૂખે મરતા હોય છે.‘‘

ઈઝરાયલે શુક્રવારે કહ્યું કે તે ગાઝામાં આતંકવાદીઓ સામે તેની કાર્યવાહી ચાલુ રાખી રહ્યું છે અને તેણે ગુરુવારે ૧૫૦ લક્ષ્યો પર હુમલો કર્યો, જેમાં ટેન્ક વિરોધી મિસાઈલ પોસ્ટ અને લશ્કરી માળખાનો સમાવેશ થાય છે. ઉત્તર ગાઝામાં, તેણે નિરીક્ષણ કમ્પાઉન્ડમાં કાર્યરત ઘણા આતંકવાદીઓને ખતમ કરી દીધા, એમ તેણે જણાવ્યું હતું.

આ હુમલાઓ શુક્રવાર સવાર સુધી કલાકો સુધી ચાલ્યા હતા. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ હુમલાઓમાં ૧૩૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. ■

### વકફ કાયદાની

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે વકફ કાયદાની બંધારણીય યોગ્યતાને પડકારતી

અરજી અમર્યાદિત અને અંતહિન રીતે દાખલ કરી શકાય નહીં.

અરજકર્તાના વકીલે કહ્યું હતું કે તેણે આઠ એપ્રિલે અરજી દાખલ કરી હતી અને સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રી દ્વારા દર્શાવવામાં આવેલી ખામી ૧૫ એપ્રિલે દૂર કરવામાં આવી હતી, પરંતુ આમ છતાં અરજીની સુનાવણી હાથ ધરવામાં આવી નહોતી.

અરજકર્તાએ પોતાની અરજી અનિર્ણીત પડી રહેલી અરજી સાથે જોડવાની કોર્ટને વિનંતી કરી હતી, પરંતુ કોર્ટે એમ કહીને તેની વિનંતી નકારી કાઢી હતી કે દરેકને સમાચારપત્રમાં ચમકવું છે.

વકફ કાયદાની બંધારણીય યોગ્યતાને પડકારતી અનિર્ણિત પડી રહેલી અરજીમાંથી માત્ર પાંચની જ સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ૧૭મી એપ્રિલે નિર્ણય લીધો હતો. (એજન્સી) ■

### પાકિસ્તાનની શાન

બદલો લેવા માટે ભારતે ૬-૭ મેની રાત્રે ‘ઓપરેશન સિંદૂર’ શરૂ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન ભારતે પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદીઓનાં ઠેકાણાઓ પર ચોક્કસ હુમલા કર્યા હતા. આ પછી પાકિસ્તાને ૮, ૯ અને ૧૦ મેના રોજ ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ બંને દેશો ૧૦ મેના રોજ યુદ્ધવિરામ માટે સહમત થયા હતા.

ઇશાક ડારે કહ્યું હતું કે પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સમુદાયને સંદેશ આપ્યો છે કે તે ભારત સાથે વ્યાપક વાતચીત માટે તૈયાર છે. તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) વચ્ચે આગામી વાતચીત ૧૮ મેના રોજ થશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે વ્યાપક વાતચીત ૨૦૦૩માં શરૂ થઈ હતી, જ્યારે જનરલ પરવેઝ મુશર્રફ પાકિસ્તાનના રાષ્ટ્રપતિ હતા. જોકે, ૨૦૦૮માં મુંબઈ હુમલા પછી આ પ્રક્રિયા સંપૂર્ણપણે પાટા પરથી ઊતરી ગઈ હતી અને અત્યાર સુધી તેને ઔપચારિક રીતે ફરી શરૂ કરવામાં આવી નથી. ડારે ભારત દ્વારા સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની શક્યતા પર પણ ટિપ્પણી કરતા કહ્યું કે, ‘‘જો ભારત પાકિસ્તાનનું પાણી રોકવાનો પ્રયાસ કરશે તો તેને ‘યુદ્ધની કાર્યવાહી’ ગણવામાં આવશે.’’ અગાઉ ગુરુવારે વડા પ્રધાન શાહબાઝ શરીફે પણ ભારતને વાતચીતની ઓફર કરી હતી અને કહ્યું હતું કે પાકિસ્તાન શાંતિ અને સ્થિરતા માટે વાતચીત કરવા તૈયાર છે. ભારત દ્વારા ‘ઓપરેશન સિંદૂર’ બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ વચ્ચે પાકિસ્તાન તરફથી વાટાઘાટોના પ્રસ્તાવને રાજદ્વારી વલણમાં નરમાઈના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. જોકે, ભારતનું વલણ હજુ પણ કઠોર છે અને તે આતંકવાદ સામે નક્કર કાર્યવાહીની માગ પર અડગ છે. ■

# પાકિસ્તાનને અપાતી કોઈ પણ નાણાકીય સહાય 'ટેરર-ફન્ડિંગ': રાજનાથ સિંહ

## ભુજ હવાઈ દળના મથકની મુલાકાતે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી: ઓપરેશન સિંદૂર એક ટ્રેલર, ફિલ્મ હજુ બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાની આતંકવાદીઓ સામેનું અત્યાર સુધી સફળતાપૂર્વક પાર પડાયેલું 'ઓપરેશન સિંદૂર' એ એક માત્ર ટ્રેલર છે અને હજુ પૂરી ફિલ્મ બાકી હોવાનું કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પશ્ચિમ ભારતના ખુબ મહત્વના, ભારતીય હવાઇ દળના ભુજ એરબેઝના જવાનોને સંબોધતાં જણાવ્યું હતું.

જવાનોના હર્ષોધ્વનિ વચ્ચે તેમણે જણાવ્યું હતું કે, આ સિંદૂર કોઈ શૃંગારનું સિંદૂર નથી પણ આ એક સંઘર્ષનું સિંદૂર છે. ભારતીય વાયુસેનાએ માત્ર ૨૩ મિનિટના સમયમાં પાકિસ્તાનના નવ જેટલા આતંકવાદી અડ્ડાઓને કાટમાળમાં ફેરવી દીધા હતા. તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, આટલો સમય તો નાસ્તા-પાણીમાં જતો હોય છે. કચ્છમાં પણ અનેક પાકિસ્તાની ડ્રોનને ઘુસાડાયા હતાં પણ ભારતીય હવાઈ દળના જાંબાઝ જવાનોએ તેને અત્યાધુનિક ઉપકરણોની મદદથી આકાશમાં જ તોડી પાડ્યાં હતાં તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, હવે આ નવું ભારત છે. પહેલાં આપણે હથિયારોને વિદેશથી આયાત કરતા, જયારે હવે તેનું ભારતમાં જ નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

ઓપરેશન સિંદૂર દરમ્યાન ભારતમાં બનાવાયેલાં હથિયારોની વિશ્વસનીયતા દુનિયાએ નિહાળી છે તેમ જણાવી, રાજનાથ સિંહે ભારતીય હવાઈ દળના તમામ જવાનો, અધિકારીઓને બિરદાવ્યા હતા અને તેમને આજવાનોના પરિવારો પ્રત્યે કૃતજ્ઞતા અનુભવી હતી.



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

''કોઈ પણ જાતના ડર કે હિચકિચાટ વગર આવા પરિવારોએ પોતાના કુટુંબના સભ્યોને દેશ માટે મરી ફીટવા ભારતીય સેનાને સુપરત કર્યા છે એ વાતથી હું ગદગદિત થઇ જાઉં છું અને આવા પરિવારોને વંદન કરું છું''. તેમણે ભારતીય હવાઈ દળના ભુજ મથકની ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધની કામગીરીને બિરદાવી હતી. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) તરફથી પાકિસ્તાનને બેઇલ આઉટ નાણાં સહાય અપાયાની બાબતનો ઉલ્લેખ કરી સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, ''જયારે બંને દેશો વચ્ચે સરહદે તનાવ છે, ત્યારે આ ભંડોળનો પાકિસ્તાન ત્રાસવાદને ઉતેજન આપવા ઉપયોગ કરશે જેથી આ ફંડનું વિતરણ તત્કાળ રદ કરવું જોઈએ તેમ જણાવી, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ દ્વારા પાકિસ્તાનને યુદ્ધના સમયે અપાયેલી રૂપિયા ૨.૧ બિલિયન અમેરિકી ડૉલરની સહાય એક પ્રકારની અપ્રત્યક્ષ આતંકવાદીઓને અપાતી નાણાકીય સહાય હોવાનું તેમણે ભારપૂર્વક ઉમેર્યું હતું.''

રાજનાથ સિંહે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢીને ઉમેર્યું હતું કે, જયારે પાકિસ્તાન ભારતના ઉત્તરનાં રાજ્યોમાં નાગરિક અને લશ્કરી વિસ્તારોમાં હુમલા માટે ડ્રોન મોકલી રહ્યું હતું અને મિસાઈલ પ્રહાર કરી રહ્યું હતું ત્યારે જ જાહેર કરેલી આ સહાય તત્કાળ રદ થવી જોઈએ. કેન્દ્રીય સંરક્ષણ પ્રધાનએ ભુજ સૈન્ય મથક ખાતે જગુઆર ફાઈટર વિમાન અને જમીનથી હવામાં પ્રક્ષેપ પણ કરી શકતી મિસાઈલ સિસ્ટમ એસ-૧૨૫ પેચોરા પાસે ઊભીને આ સંબોધન કર્યું હતું. ભુજ હવાઈ મથકની મુલાકાત બાદ સંરક્ષણ પ્રધાન ભુજનું નામ જે પરથી પડ્યું તે ભુજિયા ડુંગર પર, ૨૦૦૧ના ગોઝારા ભૂકંપમાં માર્યા ગયેલા દિવંગતોની સ્મૃતિમાં બનાવાયેલાં 'સ્મૃતિ વન' અને અર્થકવેક મ્યુઝિયમની મુલાકાત પણ લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ ગુરુવારે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ જમ્મુની સરહદની મુલાકાતે હતા જયારે આજે તેઓ કચ્છ પહોંચ્યા હતા. આ પૂર્વે દિલ્હીથી ભુજ રવાના થતા પહેલાં સંરક્ષણ પ્રધાનએ એ પોતાના 'એક્સ' એકાઉન્ટમાં ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, ભુજ પહોંચીને જવાનોને મળવા હું આતુર છું. આ ઉપરાંત હું સ્મૃતિવનની પણ મુલાકાત લઈશ. ■

# માવઠાથી ૨૦થી વધુ જિલ્લામાં ૧.૯૩ લાખ હેક્ટર જમીનમાં પાકને નુકસાન, ખેડૂતો પાયમાલ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદના કારણે ખેતી અને બાગાયતી પાકો પર મોટું સંકટ ઊભું થયું છે. છેલ્લા કેટલાંક દિવસથી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પડેલા અવિરત વરસાદને કારણે હજારો હેક્ટર જમીનમાં પાકો નાશ પામ્યા છે.

કૃષિ વિભાગના પ્રાથમિક અંદાજ મુજબ રાજ્યના ૨૦થી વધુ જિલ્લામાં કુલ ૧.૯૩ લાખ હેક્ટર જમીનમાં પાકને નુકસાન થયું છે. તેમાં પણ ખાસ કરીને સૌથી વધુ ૮૮ હજાર હેક્ટર બાગાયતી પાકોને નુકસાન થયું છે. કેરી, કેળાં, તલ અને બાજરીના પાકને વ્યાપક નુકસાન થતાં રાજ્ય સરકારે જિલ્લાના તંત્રને સરવે કરી પ્રાથમિક રિપોર્ટ સોંપવા સૂચના આપી હતી.

રાજ્યમાં ૫ મેથી કમોસમી વરસાદ શરૂ થયો હતો. ભારે પવન અને ગાજવીજ સાથે શરૂ થયેલા કમોસમી વરસાદના કારણે બાગાયતી પાકોને ભારે નુકસાન થયુ છે. બાદમાં અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ શરૂ થતાં અન્ય કૃષિ પાકોને પણ નુકસાન થયું છે. ભારે વરસાદના કારણે કૃષિ પાકોને નુકસાન થતાં ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. તેથી ખેડૂતોએ સહાય આપવા માગ કરી છે.

ઘણી જગ્યાએ તંત્ર દ્વારા સર્વેમાં ઢીલાશ દાખવવામાં આવી રહી છે જેના લીધે ખેડૂતોમાં રોષ ફેલાયો છે. સરકારને તાત્કાલિક, પારદર્શક અને વાજબી સહાયની જાહેરાત કરવાની માગ ઊઠી રહી છે.

નવસારી, વલસાડ, સુરત, રાજકોટ, અમરેલી, આણંદ, જૂનાગઢ સહિતના જિલ્લાઓમાં ખેડૂતો મોટા પ્રમાણમાં આ નુકસાની ભોગવવી પડી છે. ખાસ કરીને કેરીની મોસમ શરૂ થઇ હતી ત્યારે આ કમોસમી વરસાદ આવતા કેરીના બોર કે ફળ જમીન પર પડી ગયા હતા. સાથે જ ફંગલ ઇન્ફેક્શનને કારણે ખાસ કરીને તો ભારે માત્રામાં નુકસાન થયું હોવાનું બહાર આવ્યું છે.

વરસાદના પગલે દૂધિયા પાકો જેવા કે બાજરી, તલ, દિવેલા પણ નાશ પામ્યા છે. પાણી ભરાઈ જવાથી પાકની વૃદ્ધિ અટકી ગઈ છે અને ઘણી જગ્યાએ તો ઊંડાં ખેતરોમાં પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. ખેડૂતો તરફથી રાજ્ય સરકાર સમક્ષ માગ ઉઠાવવામાં આવી છે કે તાત્કાલિક અસરથી સર્વે પૂર્ણ કરીને સહાય આપવામાં આવે જેથી તેમને આર્થિક સહારો મળી શકે.

કૃષિ વિભાગ દ્વારા પ્રાથમિક સરવેની કામગીરી શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક વિગતોને આધારે સરકાર દ્વારા એસડીઆરએફનાં ધોરણો અનુસાર સહાય ચૂકવવાનો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. કૃષિ પ્રધાને જિલ્લાના અધિકારીઓને સરવે કરી પ્રાથમિક રિપોર્ટ આપવા સૂચના આપી હતી.

ખેડૂત સંગઠનોના કહેવા પ્રમાણે વહીવટીતંત્ર દ્વારા સરવેમાં ઢીલાશ દાખવવામાં આવી રહી છે. જેના કારણે ખેડૂતોમાં રોષ ફેલાયો છે. ખેડૂતોએ તાત્કાલિક સરવે કરી વાજબી સહાય જાહેર કરવા રાજ્ય સરકાર સમક્ષ માગ કરી છે.

ઘણા ખેડૂતો એવા છે જેમણે ખેતી માટે લોન લીધી છે અને પાક નાશ પામતા હવે લોન ચૂકવવી મુશ્કેલ બની રહી છે. જો સરકાર સહાય નહીં આપે તો ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ જશે. ■

## ગુજરાતમાં વહેલા ચોમાસાના આગમનની શક્યતા

# મોટાભાગના વિસ્તારોમાં વાવણી લાયક સારો વરસાદ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હવામાન વિભાગ દ્વારા આ વર્ષે ચોમાસું વહેલું આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલ આંદામાન-નિકોબાર ટાપુ પર ચોમાસું પહોંચ્યું છે. પરિબળો સાનુકૂળ હોવાથી આ વખતે ચોમાસું વહેલું આવે તેવી શક્યતા છે. કેરળમાં ૨૭ મે સુધીમાં ચોમાસું પ્રવેશ કરશે, જેના પગલે હવે ગુજરાતમાં પણ ચોમાસાના વહેલા આગમનની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગે પણ આગામી ચોમાસાને પોતાનું પૂર્વાનુમાન રજૂ કર્યું છે. ભારતીય હવામાન વિભાગ પ્રમાણે ૧૦૫ ટકા સાથે ચોમાસું સામાન્ય વધુ સારું રહી શકે છે. ચોમાસાને ખરાબ કરનાર અલનીનો આ વખતે સક્રિય નથી. ચોમાસા દરમિયાન પણ તે સક્રિય થવાની શક્યતા નથી. લા-નીનો થોડા સમય માટે એક્ટિવ થઇ હાલ ન્યુટ્રલ તરફ જઇ રહ્યું છે. જે ચોમાસા દરમિયાન પણ ન્યુટ્રલ રહેવાની શક્યતા છે.

ગુજરાતમાં આ વર્ષે ચોમાસાના વહેલા આગમનની શક્યતા છે. ગુજરાતમાં સામાન્ય રીતે ૧૫ જૂન આસપાસ ચોમાસાનો પ્રારંભ થતો હોય છે. આ વખતે પણ જૂન મહિનાથી ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થઇ શકે છે. આ દરમિયાન દક્ષિણ ગુજરાત અને મધ્ય-પૂર્વ ગુજરાત સાથે ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં સારો વરસાદ થઇ શકે છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને સારા વરસાદ માટે રાહ જોવી પડી શકે છે. જ્યારે જુલાઇથી બંગાળની ખાડીમાં વેધર સિસ્ટમ સક્રિય થઇ પશ્ચિમ તરફ આગળ વધતી હોય છે. જેને પગલે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વાવણી લાયક સારો વરસાદ થઇ શકે છે. જુલાઇ અંતમાં ભારે વરસાદના કારણે કેટલાક જિલ્લામાં પૂર જેવી સ્થિતિ બની શકે છે. ઓગસ્ટ મહિનામાં સૌથી સારા વરસાદની શક્યતા છે. આ દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લામાં ભારે વરસાદના કારણે અતિવૃષ્ટિ જેવી સ્થિતિ બનતાં પૂરની જેવી સ્થિતિ બની શકે છે. તે જ પ્રમાણે સપ્ટેમ્બરમાં ચોમાસાની વિદાય વચ્ચે પણ સારા વરસાદની શક્યતા છે. આ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ થઇ શકે છે. ■

# સુરતમાં વધુ એક ટેક્સટાઇલ માર્કેટમાં ભીષણ આગ

## અવધ ઋતુરાજ માર્કેટના પાંચમા માળે ૧૦ દુકાન સળગતાં દોડધામ

અમદાવાદ: સુરત શહેરના ટેક્સટાઇલ હબ ગણાતા પર્વત પાટિયા વિસ્તારમાં ૧૬ મે, ૨૦૨૫ શુક્રવારના રોજ સવારે ભીષણ આગ ફાટી નિકળતા ફરી એકવાર સુરતની ટેક્સટાઈલ માર્કેટ આગની ચપેટમાં આવી ગયું હતું. પર્વત ગામ વિસ્તારમાં આવેલી અવધ ઋતુરાજ માર્કેટમાં પાંચમા માળે ૧૦ જેટલી દુકાનમાં આગ લાગી હતી, જેના કારણે સમગ્ર માર્કેટ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. અલગ-અલગ ૯ ફાયર સ્ટેશનની ૨૦ જેટલી ગાડી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને એક કલાકમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો, જોકે સાડીઓ સહિતનો કાપડનો જથ્થો બળીને ખાક થઈ ગયો હોવાથી લાખોના નુકસાનની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, પર્વત ગામ વિસ્તારમાં અવધ ઋતુરાજ ટેક્સટાઇલ માર્કેટ આવેલી છે, જેમાં પિન્કેશ ટેક્સટાઇલ પાંચમા ફ્લોર પર દુકાન નંબર ૩૦૬૫થી ૩૦૭૫ સુધી એક કરીને વેપાર કરતી હતી. સવારે અચાનક દુકાનમાં આગ લાગી હતી. દુકાનમાં ભરેલો સાડી અને કાપડનો જથ્થાને તરત જ આગે પકડી લીધો હતો, જેના કારણે આગે જલદી જ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ એટલી વિકરાળ હતી કે દૂર-દૂર સુધી ધુમાડાના ગોટાઓ દેખાયા હતા. જો કે, ફાયર સ્ટેશનની ૨૦થી વધુ ગાડીઓ અને ફાયરબ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ત્યાર બાદ પાણીનો મારો ચલાવીને એક કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. દુકાનમાં કોઈ હાજર ન હોવાથી કોઈપણ પ્રકારની જાનહાનિ થવા પામી ન હતી. આ સાથે જ ફાયર વિભાગે આગને આગળ પ્રસરતી અટકાવતાં અન્ય વેપારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. ■

# કચ્છ સરહદ પર બીએસએફ જવાનો માટે હરામીનાળા સુધી પીવાનું પાણી પહોંચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાપાક પાકિસ્તાનને અડકીને આવેલી સીમાવર્તી કચ્છના અફાટ રણ વિસ્તારમાં કપરી પરિસ્થિતિઓ વચ્ચે દેશની સંવેદનશીલ સરહદનું રાઉન્ડ ધી ક્લોક રક્ષણ કરતાં સરહદી સલામતી દળના જવાનોને હરામીનાળા જી. પિલર ૧૧૭૫ સુધી પીવાનું પાણી પહોંચાડવા માટે મહત્ત્વના મૉડેલને બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા લખપત હેડકવાર્ટરથી ત્રિમૂર્તિ સમ્પ હરામીનાળા, ૧૧૭૫ જી. પિલર બી.ઓ.પી. ખાતે અન્ડર ગ્રાઉન્ડ સમ્પ, પમ્પ હાઉસ, પમ્પિંગ મશીનરી, અન્ડર ગ્રાઉન્ડ પી.વી.સી. લાઈનો માટે પ્રારંભિક તબક્કામાં ત્રણ કરોડની રકમ સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને આ મૉડેલ પૂર્ણ થવાનો સમયગાળો બે વર્ષ જેટલો નક્કી કરવાનું જાણવા મળ્યું હતું.

આ મહત્ત્વાકાંક્ષી મૉડેલ અંગે માહિતી આપતાં પાણી પુરવઠા બોર્ડના મદદનીશ ઈજનેર એન. બી. ચોધરીએ જણાવ્યું હતું કે, સરહદોનું રક્ષણ કરતા જવાનોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટેના આ પ્રોજેક્ટ માટે ત્રણ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ કામ અંતર્ગત ટૂંક સમયમાં ટેન્ડર બહાર પડશે. લખપત સમ્પથી હરામીનાળાં જી. પિલર ચોકી સુધીની ૩૫ કિલોમીટર લાંબી પાઇપ લાઈન રસ્તાની સમાંતરે નખાશે. ૧૦-૧૦ કિ.મી.ના વિસ્તારમાં પાંચ-પાંચ લાખ લીટર ક્ષમતાવાળા અન્ડરગ્રાઉન્ડ સમ્પ નાખવામાં આવશે. ■

# કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ બે દિવસ ગુજરાતના પ્રવાસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તા. ૧૭ અને ૧૮ મે એમ બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. આ બે દિવસમાં ૧૦ જેટલા કાર્યક્રમોમાં હાજરી આપશે. મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદમાં યોજાનારા અલગ-અલગ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. પલ્લવ બ્રીજ નજીક મ્યુનિસિપલ કોર્પોરેશનના ગ્રાઉન્ડમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન જાહેર સભાને સંબોધન કરશે.

અમિત શાહના કાર્યક્રમની રૂપરેખા જોઈએ તો કેન્દ્રીય ગૃહ પ્રધાન ૧૭ મેના સાંજે ૪ વાગ્યે મહાનગરપાલિકા દ્વારા નવ નિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વાવોલનું લોકાર્પણ, સાંજે ૪.૪૫ વાગ્યે ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ચ રોડ પર નવનિર્મિત સેક્ટર ૨૧ અને ૨૨ને જોડતા અન્ડર બ્રીજનું લોકર્પણ કરશે. ત્યાર બાદ ૫ વાગ્યે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેથાપુરનું લોકાર્પણ કરી સાંજે ૫.૨૦ વાગ્યે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નવનિર્મિત કોલવડા તળાવનું લોકાર્પણ કરશે. ત્યાર બાદ ૫.૩૦ વાગ્યે ગાંધીનગર મહાનગરપાલિકા અને પોસ્ટ વિભાગના વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ સિવાય તા. ૧૮ મેના સવારે ૧૦.૩૦ વાગ્યે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત વિકસિત ભારતના નિર્માણમાં સહકારીતાની ભૂમિકાનું મહાસંમેલન, સવારે ૧૧.૪૫ વાગ્યે શ્રીમતી એસ. સી. અને શેઠ ડી. એમ. સાર્વજનિક ટ્રસ્ટ, ગોઝારીયા સંચાલિત કે.કે.પટેલ અને શ્રીમતી મધુબેન કે. પટેલ નર્સિંગ કોલેજના નવનિર્મિત મકાનનું ઉદ્ઘાટન કરશે. ત્યાર બાદ બપોરે ૧ વાગ્યે ઓડિસ્સાની ફાલ્કન ગ્રૂપ ઓફ કંપની દ્વારા શરૂ કરવામાં આવેલ રેડી તો કૂક ફ્રોઝન પોટેટો પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ કરશે. સાંજે ૫.૩૦ વાગ્યે એએમસી દ્વારા નવનિર્મિત પલ્લવ ઓવરબ્રિજનું લોકાર્પણ અને ૫.૪૫ વાગ્યે એએમસીના વિકાસલક્ષી વિવિધ કાર્યક્રમોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ ઉપરાંત ગ્રોમોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત કેવીઆઈસી દ્વારા વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન વિતરણ સમારોહમાં હાજરી આપશે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર ૧૬૯૨ કરોડના વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે. તેમાં રૂ. ૩૮૫ કરોડના લોકાર્પણ, રૂ. ૧૧૯૯ કરોડના ખાતમુહૂર્ત અને ૧૦૮ કરોડના આવાસ યોજનાના મકાનોના ડ્રો કરવામાં આવશે. ત્યાર બાદ સાંજે નારણપુરામાં જાહેર સભાને સંબોધન કરશે. ■

# ગુજરાત પર સાઈક્લોનિક સર્ક્યુલેશન બન્યું, ૨૧ જિલ્લામાં માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ કેટલાક ભાગોમાં રહેવાની શક્યતાઓ છે. જે સિસ્ટમ બની છે તેની અસરથી રાજ્યના દક્ષિણ, પૂર્વ અને સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી હતી. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસે જણાવ્યું હતું કે, રાજ્યના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવનાઓ છે. અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે જેની અસરથી રાજ્યમાં વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે જ આગામી સમયમાં તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતાઓ નથી. ગુજરાતમાં ૨૧ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતાઓ છે. જેમાં મધ્ય તથા દક્ષિણ સૌરાષ્ટ્ર જિલ્લાઓ તથા દક્ષિણ અને પૂર્વ ગુજરાતના જિલ્લાઓનો સમાવેશ થાય છે.

એકે દાસે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં રાજ્યના છૂટાછવાયા ભાગોમાં થંડરસ્ટોર્મ એક્ટિવિટી સાથે વરસાદ થવાની સંભાવનાઓ છે. જેમાં ગુજરાત રિજન અને સૌરાષ્ટ્ર-કચ્છનો સમાવેશ થાય છે. ગુજરાત રિજન (રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ સિવાયના ભાગો)માં દક્ષિણ ગુજરાત તથા પૂર્વના ભાગોમાં વરસાદ સાથે થંડરસ્ટોર્મ એક્ટિવિટી થવાની શક્યતાઓ છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ વરસાદ અને થંડરસ્ટોર્મ એક્ટિવિટીની ચેતવણી આપવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલ જે સિસ્ટમ બનેલી છે તે, પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર અને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા સુધી (અને આગળ દક્ષિણ ગુજરાત સુધી)નું અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે, જેના કારણે રાજ્યમાં વરસાદની શક્યતાઓ જોવાઈ રહી છે.અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ છે. તાપમાનમાં આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યમાં કોઈ મોટા ફેરફારોની શક્યતાઓ નથી. ■

# અમદાવાદમાં જીન્સની ફેક્ટરીમાં સિવેજ ટેન્કમાં ઊતરેલા ત્રણ યુવકનું ગેસ ગળતરથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં પીરાણા પાસે ગેસ ગળતરની ઘટનામાં ત્રણ શ્રમિકોનાં મોત નીપજ્યાં હતાં. પીરાણા પાસે એમ.કે. કંપનીમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. મળતી પ્રાથમિક વિગત પ્રમાણે, પ્લાન્ટની ટેન્ક સાફ કરવા માટે ત્રણ યુવાનો ઊતર્યા હતા. જ્યાં ગેસ લીકેજ થતા ત્રણેવ શ્રમિકોનાં મોત નીપજ્યાં હતાં.

સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી અને મૃતકોના મૃતદેહોને મણિનગરની એલ. જી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો હતો. આ યુવકોની ઓળખ સુનિલ રાઠવા, વિશાલ ઠાકોર અને પ્રકાશ પરમાર તરીકે થઈ છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે, આ લોકને કોઈ સેફ્ટીનાં સાધનો આપવામાં આવ્યા હોય તેવું પ્રાથમિક દ્રષ્ટીએ જાણવા મળ્યું નથી. આ કંપની એકાદ વર્ષથી બંધ હતી તેને ફરીથી શરૂ કરવા માટે આ ટેન્ક સાફ કરાવવામાં આવી રહી હતી. મૃતકોના પરિવારજનોને આ અંગેની જાણ થતા ત્રણેય પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

મૃતકોનાં સ્વજનોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યુ હતું કે, કંપનીની બેદરકારીના કારણે આ મોત નીપજ્યાં છે. કંપનીના સંચાલક નૌશાદ સલીમ શેખ અને કોન્ટ્રાક્ટ લેનાર જિગ્નેશભાઈની પૂછપરછ થઈ રહી છે.

મળતી માહિતી પ્રમાણે દાણીલીમડા વિસ્તારમાં એમ.કે.ક્રિએશન નામની એક કંપની આવેલી છે જે કપડાં ધોવાનું કામ કરે છે. કંપનીના માલિક નૌશાદભાઈએ આ કંપનીની સિવેજ ટેન્કને સાફ-સફાઈ કરવા માટેનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો.

જિગ્નેશ પુરબિયા નામના વ્યક્તિએ આ કોન્ટ્રાક્ટ લીધો હતો અને પાંચ વ્યક્તિઓ સાથે ટાંકી સાફ કરવાની શરૂઆત કરી હતી. સફાઈ દરમિયાન એક વ્યક્તિ ટેન્કમાં પડી ગયો હતો અને તેને બચાવવા બીજા બે વ્યક્તિ પણ ટેન્કમાં પડી જતા ગેસ ગળતરના કારણે તે વ્યક્તિઓને ગંભીર અસર થઈ હતી. તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. યુવકોના મોતના સમાચાર સાંભળતા જ પરિવારજનો પણ એલ.જી. હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

આ અંગે કે ડિવિઝન એ.સી.પી. યુવરાજસિંહ ગોહિલે જણાવ્યું કે પ્રાથમિક દ્રષ્ટિએ અંડરગ્રાઉન્ડ સિવેજની ટાંકીમાં ગેસ ગળતર થયું તેના કારણે મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. આ અનુસંધાને દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધવાની તજવીજ હાથ ધરી છે. આ કંપનીના સંચાલક અને તેના ઓપરેટર કે જેને કોન્ટ્રાક્ટ લીધો છે તેને રાઉન્ડઅપ કરી પૂછપરછ ચાલુ છે. ■

# વલસાડમાં પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા ખેડૂતો ચિંતાતુર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભરઉનાળે વરસાદી સ્થિતિ સર્જાઈ છે. કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત કફોડી બની છે. આ દરમિયાન વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુરના ગ્રામ્ય વિસ્તારોમાં મોસમથી અચાનક બદલાયેલા વાતાવરણ વચ્ચે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા ખેડૂતો ચિંતિત બન્યા છે. કપરાડા તાલુકાના અંધાર પાડા, વારણા, મોરખલ, ભંડાર કચ્છ, કોઠાર અને ઓજર જેવા વિસ્તારોમાં તેમ જ ધરમપુર તાલુકાના ખડકી, મધુરી, ઉલ્લાસ પિંડી સહિત મહારાષ્ટ્ર બોર્ડર નજીકનાં ગામડાઓમાં ભારે વરસાદી માહોલ જોવા મળ્યો.

અચાનક વરસેલા કમોસમી વરસાદને કારણે નદી-નાળાઓમાં પાણીની આવક વધી છે. છેલ્લા ૪ દિવસથી બપોર પછી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે, જેના કારણે કેરી તેમ જ લીલા શાકભાજી સહિતના પાકોને નુકસાન થવાની શક્યતા ઉદભવી છે. ભરઉનાળે આવી વરસાદી સ્થિતિ ખેડૂતો માટે ચિંતાનો વિષય બની રહી છે. ■

# અમદાવાદમાં ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશનનો બીજો તબક્કો ૨૦ મેથી શરૂ થશે

## સ્થાનિકોને મકાન ખાલી કરવા સૂચના

અમદાવાદ: શહેરમાં મીની બાંગ્લાદેશથી નામચીન બનેલા ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશનનો બીજો તબક્કો ૨૦ મેના રોજ શરૂ કરવામાં આવશે. ગેરકાયદે રહેતા બાંગલાદેશી ઘૂસણખોરોને દેશ નિકાલ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ ઝોનની એસ્ટેટ ટીમ સાથે ફરી એકવાર મેગા ડિમોલિશન શરૂ કરવામાં આવશે. તાજેતરમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ડિમોલિશન કરવા અંગેનો સર્વે શરૂ થઈ ગયો છે. ચંડોળા તળાવમાં રહેનારા તમામ લોકોને મકાનો ખાલી કરી દેવા માટેની સૂચના આપી દેવામાં આવી છે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ભરત પરમારે જણાવ્યું હતું કે ચંડોળા તળાવમાં આગામી ૨૦ મેના રોજ ફરી ડિમોલિશન કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ગેરકાયદેસર તમામ બાંધકામો તોડવામાં આવશે. ચંડોળા તળાવમાં આશરે ૧૦,૦૦૦ નાનાં-મોટાં કાચાં પાકાં મકાનો અને ઝૂંપડાઓ છે. વર્ષ ૨૦૧૦ પહેલા ચંડોળા તળાવમાં રહેનારા તમામ લોકોને વૈકલ્પિક મકાનો આપવા માટે ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે. ચંડોળા તળાવમાં રહેનારા તમામ લોકોને તેમના મકાનો ખાલી કરી દેવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા ચંડોળા તળાવમાં જેટલાં પણ મકાનો આવેલાં છે તે તમામ મકાનોનો સર્વે કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. એસ્ટેટ વિભાગ દ્વારા જેમ જેમ દબાણ અંગેનો સર્વે થતો જશે અને મકાનો ખાલી હશે તે મુજબ ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા અત્યારે હાલમાં આ મામલે કામગીરી કરવામાં આવી રહી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ફરી ડિમોલિશન થશે. ચંડોળા તળાવમાં જેમ જેમ દબાણ દૂર થશે તેમ કેટલાક વિસ્તારમાં બાઉન્ડ્રી વોલ અથવા ફેન્સિંગ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશન કરવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા દક્ષિણ ઝોનના ડેપ્યુટી કમિશનર અને એસ્ટેટ વિભાગનો હવાલો સંભાળતા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગના અધિકારીઓને કામગીરી સોંપી દેવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ૮ મેએ મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં ડિસેમ્બર ૨૦૧૦ પહેલા ચંડોળા તળાવમાં રહેતાં હોય તેવાં કાચા/પાકા પ્રકારના સ્થાનિક લોકોને શરતોને આધીન વૈકલ્પિક વ્યવસ્થા આપવા સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટીશિપેશન હેઠળ શરતોને આધીન ઈડબલ્યુએસ કેટેગરીનાં મકાનો ફાળવવામાં આવશે. ■

# ભારે કરી! પોલીસે જ સોફાને દહિસર નદીમાં ફેંક્યો!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાને નાળા અને ગટરમાં કચરા સહિત સોફા, ગાદલા, ફર્નિચર જેવી વસ્તુઓ ફેંકવાની નહીં એવી અપીલ કરવામાં આવી રહી છે, જેને સત્તાધીશો જ ધોળીને પી ગયા હોવાનું જણાઈ આવે છે. તાજેતરમાં સોશિયલ મિડિયા પર એક વીડિયો ફરી વળ્યો છે જેમાં દહિસર નદીમાં અમુક પોલીસ દ્વારા સોફો ફેંકવામાં આવી રહ્યો છે. વીડિયો ફરી વળ્યા બાદ સુધરાઈના આર-ઉત્તર વોર્ડ દ્વારા પોલીસ સામે કોઈ પગલાં લેવાને બદલે તેમને સમજાવીને ફરી આવું નહીં કરવાની સલાહ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ચોમાસું નજીક હોઈ ગટર અને નાળાઓની સાથે નદીઓની સફાઈ ૩૧ મે, ૨૦૨૫ની મુદતમાં કરવા પાલિકા પ્રશાસન કમર કસી રહી છે. દર વર્ષે પાલિકા દ્વારા નદી, નાળાઓની સફાઈ કરવા માટે કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે, છતાં નાળાઓ પર ઝુંપડા બાંધીને રહેનારા લોકોની સાથે જ નાગરિકો દ્વારા પણ આવતા જતા નદી-નાળાઓમાં કચરો ફેંકવામાં આવે છે. એટલે સુધી કે લોકો તેમાં ફર્નિચર અને ગાદલા સહિતની વસ્તુઓ પણ ફેંકતા હોય છે. આ વસ્તુઓને કારણે નદી-નાળામાં ચોક-અપ થઈને ચોમાસામાં વરસાદના પાણીનો નિકાલ થતો નથી. તેથી આવી વસ્તુઓને નદી-નાળામાં ફેંકવો નહીં એવી પાલિકા દ્વારા સતત અપીલ કરવામાં આવતી હોય છે પણ તેનો કોઈ ફાયદો થતો નથી. તાજેતરમાં દહિસર નદીમાં રાતના સમયે અમુક પોલીસ દ્વારા મોટો સોફો ફેંકવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરી વળ્યો હતો. એ બાદ નાગરિકો દ્વારા પાલિકાની આર-ઉત્તર વોર્ડમાં ફરિયાદ કરવામાં આવી હતી. એ બાદ પાલિકા પ્રશાસન હરકતમાં આવી હતી અને તપાસ કરતા આ સોફો બોરીવલીના એમ.એચ.પોલીસ સ્ટેશન સાથે સંકળાયેલા લોકોએ ફેંક્યો હોવાનું જણાઈ આવ્યું હતું. પાલિકા દ્વારા પોલીસ સામે શું પગલા લેવામાં આવે છે તે જાણવાની નાગરિકોને ઉત્સુકતા હતી પણ પાલિકા દ્વારા પોલીસને જાહેરમાં શીખામણ આપીને વાતને રફેદફે કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

## કાંદિવલીમાં બે બાળકી સાથે વારંવાર દુષ્કર્મ કરનારા પિતા વિરુદ્ધ ગુનો

મુંબઈ: કાંદિવલીમાં ૧૦ અને આઠ વર્ષની બે માસૂમ દીકરી સાથે વારંવાર કથિત દુષ્કર્મ કરવા બદલ પોલીસે ગુનો નોંધ્યો હતો. આરોપીની પત્નીએ જ આ મામલે સમતાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પોક્સો ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આરોપી ફરાર હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર નવેમ્બર, ૨૦૨૪થી આરોપી બન્ને બાળકી સાથે કુકર્મ આચરતો હતો. પત્ની કામે જતી ત્યારે આરોપી ઘરનો દરવાજો બંધ કરી લેતો અને બાળકીઓનું જાતીય શોષણ કરતો હતો. પોતાના શરમજનક કૃત્યની કોઈને જાણ કરી તો મા-દીકરીઓને મારી નાખવાની ધમકી આરોપી બાળકીઓને આપતો હતો. કહેવાય છે કે પિતાના અમાનુષી ત્રાસથી કંટાળી બાળકીઓએ માતાને આ બાબતે જાણ કરી હતી. માતાએ તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી.

## કેરળના સ્ટૂડન્ટ એક્ટિવિસ્ટ સામે યુએપીએની જોગવાઈઓ લાગુ: તપાસ એટીએસને સોંપાઇ

નાગપુર: 'ભારત સરકાર વિરુદ્ધ યુદ્ધ છેડવાની તૈયારી' કરવાના આરોપસર નાગપુરની હોટેલમાંથી પકડાયેલા કેરળના સ્ટૂડન્ટ એક્ટિવિસ્ટ-જર્નલિસ્ટ રેજાઝ એમ. શીબા સીદ્દીક સામે અનલોફૂલ એક્ટિવિટીઝ પ્રિવેન્શન એક્ટ (યુએપીએ)ની જોગવાઇઓ લાગુ કરવામાં આવી હતી અને કેસની તપાસ એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)ના શહેર યુનિટને સોંપવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

સીદ્દીકની ઓનલાઇન પ્રવૃત્તિઓ પર નજર રાખ્યા બાદ નાગપુરની હોટેલમાંથી લગડગંજ પોલીસે ૭ મેના રોજ તેની ધરપકડ કરી હતી. તેની ઓનલાઇન પ્રવૃત્તિઓમાં ઉશ્કેરણીજનક પોસ્ટ અને હાથમાં હથિયાર સાથેની ઇમેજનો સમાવેશ હતો, જેને પગલે સીદ્દીક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૯ (ભારત સરકાર વિરુદ્ધ યુદ્ધ છેડવાની તૈયારી), ૧૯૨ (હુલ્લડ કરવાના ઇરાદાથી ઉશ્કેરણી કરવી), ૩૫૧ અને ૩૫૩ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન સીદ્દીકીના કેરળના નિવાસસ્થાને ૧૧ મેના રોજ રેઇડ પાડવામાં આવી હતી અને ત્યાંથી વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા. અમે હવે આતંકવાદી સંગઠનના સભ્યપદ અને આવા સંગઠનને ટેકો આપવા સંબંધિત યુએપીએની કલમ ૩૮ અને ૩૯ ઉમેરી છે. લ

કડગંજ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલો કેસ હવે નાગપુર એટીએસને ટ્રાન્સફર કરવામાં આવ્યો છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

સીદ્દીકે દાવો કર્યો છે કે તે સ્વતંત્ર પત્રકાર તેમ જ ડેમોક્રેટિક સ્ટૂડન્ટ્સ ઓફ યુનિયનના કેરળ ચેપ્ટરનો હેડ છે, જ્યારે અધિકારીઓએ આક્ષેપ કર્યો છે કે તે પ્રતિબંધિત કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માઓવાદી)નો સક્રિય અર્બન કાર્યકર્તા હતો.

સીદ્દીક કથિત રીતે ભંડોળ ભેગું કરવામાં, નઝરિયા નામનું જર્નલ શરૂ કરવાનો પ્રયાસ કરવામાં અને માઓવાદી વિચારધારાને આગળ વધારવા માટે વિદ્યાર્થીઓના ગુપ્ત ગ્રૂપ્સ બનાવવાનું કામ કરવામાં સામેલ હોવાનો દાવો અધિકારીઓએ કર્યો છે. (પીટીઆઇ)

## માર્વેમાં પાર્ક થયેલી બેસ્ટની બસમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિસીટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની બસ મલાડના માર્વેમાં બસ સ્ટોપ પાસે ઊભી હતી ત્યારે તેમાંથી ગૅસ લીકેજ થઈને અચાનક તેમાં આગ ફાટી નીકળી હતી. બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ માર્વે બસ સ્ટોપ શુક્રવારે સવારના આઠ વાગે આગની દુર્ઘટના બની હતી. સીએનજી સંચાલિત મિડી બસના ઍન્જિનમાંથી ગૅસ લિકેજ થઈને સવારના અચાનક તેમાં આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. બસમાં આગ લાગ્યા બાદ બે ફાયર એન્જિન ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગ પર નિયંત્રણ મેળવ્યા બાદ બસને મલાડ ડેપોમાં લઈ જવામાં આવી હતી.

એક મહિનાની અંદર જ બેસ્ટની બસમાં આગ લાગવવાની આ બીજી દુર્ઘટના છે. આ અગાઉ ૧૭ એપ્રિલના ઈલેક્ટ્રિક બસમાં ચર્ચગેટ સ્ટેશન પાસે આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં પણ કોઈ જખમી થયું નહોતું.

## માહિમમાં ચોર સમજીને બામ્બુથી ફટકારતાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માહિમમાં ચોરીને ઇરાદે બિલ્ડિંગમાં ઘૂસ્યો હોવાની શંકા પરથી યુવાનને બામ્બુથી ફટકારવામાં આવતાં તેનું મોત નીપજ્યું હતું. માહિમ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ બુધવારની રાતે બનેલી ઘટનામાં હસન શેખનું મૃત્યુ થયું હતું. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ મોહમ્મદ અસલમ અન્સારી (૪૩) તરીકે થઈ હતી. બન્ને માહિમની માછીમાર કોલોનીમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. ફરિયાદમાં જણાવાયું હતું કે શેખ તેના મિત્ર વ્યંકા સાથે માછીમાર કોલોનીની બિલ્ડિંગ નંબર-૨૧માં દારૂ પીવા ગયો હતો. દારૂ પીને તે ઘરે પાછો જવા નીકળ્યો ત્યારે અન્સારીએ તેને રોક્યો હતો. ચોરીને ઇરાદે બિલ્ડિંગમાં ઘૂસ્યો હોવાની શંકા પરથી અન્સારીએ તેને બામ્બુથી ફટકાર્યો હતો. ડરી ગયેલો શેખનો મિત્ર વ્યંકા ત્યાંથી નાસી ગયો હતો. અન્સારીના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલો શેખ જેમ તેમ પોતાના ઘરે પહોંચ્યો હતો. શેખનો ભાઈ ખ્વાજા મધરાતે ઘરે આવ્યો ત્યારે શેખને લોહીલુહાણ હાલતમાં જોયો હતો.

નવમા પાનાનું ચાલુ

### ઍરપોર્ટ્સને

ત્રીજી રેલ લાઇન નાખવા ઇચ્છે છે.

આ પહેલી વાર છે જ્યારે રેલવે મેટ્રો રેલની સાથે એરપોર્ટને ઉપનગરીય રેલ લાઇનો સાથે જોડવાનું વિચારી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તેમને એનએમઆઈએ સાથે જોડાયેલ બે અલગ રેલ લાઇનો માટે સ્થાનોનું સર્વેક્ષણ કરવાનું કહેવામાં આવ્યું છે. પ્રથમ સીએસએમટી-પનવેલ હાર્બર લાઇન પર ખાંડેશ્વર સ્ટેશનથી એનએમઆઈએ સુધીની ૪ કિમી લાંબી લાઇન અને બીજી સીવુડ્સ/બેલાપુર-ઉરણ રેલ કોરિડોર પર તારઘરથી એનએમઆઈએ સુધીની ૧ કિમી લાંબી લાઇન છે. આ સર્વેક્ષણનો અંદાજિત ખર્ચ ૧૦ લાખ રૂપિયા છે. રેલવે ક્ષમતા વધારવા માટે બે પ્રોજેક્ટ અમલમાં મૂકશે. એક આસનગાંવ-કસારા રૂટ પર ચોથી લાઇન છે, જે કલ્યાણ-આસનગાંવ લાઇન પર ચાલી રહેલા કામનું વિસ્તરણ છે.

આસનગાંવ-કસારા લાઇન ૩૫ કિલોમીટર લાંબી હશે અને ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોને અલગ કરશે, આમ ભીડ અને વિલંબની સમસ્યાઓનો ઉકેલ આવશે. ૩૨ કિલોમીટર લાંબા કલ્યાણ-આસનગાંવ કોરિડોર માટે જમીન સંપાદનનું કામ ચાલી રહ્યું છે. તેવી જ રીતે, મધ્ય રેલવે બદલાપુર-કર્જત સેક્શન પર ત્રણથી ચાર લાઇન ઉમેરવાની શક્યતાનો અભ્યાસ કરશે, જેને પીએમ ગતિ શક્તિ યોજના હેઠળ મંજૂરી આપવામાં આવી છે. આ રેલ કોરિડોર મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ ફેઝ-થ્રીએ હેઠળ રૂપિયા ૧,૫૧૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. તેનાથી ઉપનગરીય અને લાંબા અંતરની લાઇનો અલગ થયા પછી ઉપનગરીય સેવાઓમાં વધારો થતા બદલાપુર, અંબરનાથ અને ઉલ્હાસનગર શહેરોને ફાયદો થશે. રેલ્વે પ્રસ્તાવિત વાઢવણ બંદરને દહાણુથી રેલ લાઇન સાથે જોડવાની પણ યોજના ધરાવે છે. પશ્ચિમ રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે બંદરની નજીક એક સમર્પિત ફ્રેઇટ કોરિડોર હોવાથી આનાથી લાંબા ગાળે ફાયદો થશે.

### મુંબઈના જળાશયોમાં

રાજ્યના તમામ બંધ ૨૩.૪૩ ટકા પાણીનો જથ્થો હતો. ગયા વર્ષની સરખાણીમાં આ વર્ષે પાણી વધુ હોવા છતાં વાપરવા માટે પાણી ઓછું હોવાને કારણે આગામી દિવસમાં પાણીનું સંકટ વધુ ગંભીર થવાની શક્યતા છે. હાલ રાજ્યના અનેક જિલ્લાઓમાં ટેન્કરથી પાણીપુરવઠો કરવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં હાલ સૌથી વધુ પાણીનો સ્ટોક અમરાવતીના બંધમાં ૩૮.૧૩ ટકા બાકી રહ્યો છે. એ બાદ કોંકણના બંધમાં ૩૪.૧૫ ટકા, નાગપૂરના બંધમાં ૩૨.૭૯ ટકા પાણીનો સ્ટોક, છત્રપતિ સંભાજીનગરમાં ૩૧.૨૩ ટકા, નાશિકમાં ૩૧.૩૫ ટકા તો પુણેના બધમાં માત્ર ૨૧.૫૨ ટકા પાણીનો જથ્થો બાકી રહ્યો છે. અહેવાલ મુજબ તમામ બંધમાં ૧૪,૨૫૩.૩૬ મિલ્યન લિટન ઘનમીટર જેટલો બાકી રહ્યો છે.

રાજ્યના બંધમાં સરેરાશ ૨૮ ટકા પાણી સામે મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં હાલ ૨,૭૨,૦૧૦ મિલ્યન લિટર એટલે કે ૧૮.૭૯ ટકા પાણીનો જથ્થો બાકી રહ્યો છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૧,૯૨,૧૦૦ મિલ્યન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો. મુંબઈને આખું વર્ષ પાણી પૂરું પાડવા માટે ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલા પાણીની આવશ્યકતા છે. મુંબઈના જળાશયોમાં પાણી ઘટી રહ્યું છે, છતાં મુંબઈને અપર વૈતરણા અને ભાતસામાં રહેલા રિઝર્વ સ્ટોકમાંથી પાણી આપવા માટે રાજ્ય સરકાર તૈયાર થઈ હોવાથી હાલ મુંબઈ મહાનગરપાલિકા મુંબઈના માથા પર પાણીકાપ લાગૂ કરવા માગતી નથી. છતાં ચોમાસાના આગમન બાદ જૂન, જુલાઈમાં સારો વરસાદ નહીં પડ્યો તો પાણીની સમસ્યા ઉદ્‌ભવી શકે છે.

### પોલીસદળમાં

રાખે છે. નવી યંત્રણા હેઠળ સ્પેશિયલ બ્રાન્ચના જોઇન્ટ કમિશનર સીધા કમિશનરે રિપોર્ટ કરશે અને કાયદો તથા વ્યવસ્થાના જોઇન્ટ કમિશનર સાથે સમન્વય રાખશે. આને કારણે ઇન્ટેલિજન્સ ઇનપુટ્સ ભેગા કરવામાં અને ઉપરીઓ સાથે સમયસર માહિતી આદાનપ્રદાન કરવામાં મદદ થશે, જેથી જરૂર હોય ત્યાં તુરંત પગલાં લઇ શકાશે. હાલમાં સ્પેશિયલ બ્રાન્ચમાં એડિશનલ કમિશનરનો હોદ્દો ખાલી છે અને તેની પર ક્રાઇમના એડિશનલ કમિશનર ધ્યાન રાખી રહ્યા છે.

### મેટ્રો-થ્રીના

આવી હતી. સંપૂર્ણ કોરિડોર ઓગસ્ટ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે, અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પૂર્ણ થયેલા રૂટનું ઉદઘાટન કરે તેવી શક્યતા છે. એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી, એક્વા લાઇન મુંબઈના રસ્તાઓ પરનો ભાર નોંધપાત્ર રીતે ઘટાડશે અને શહેરના વધુ પડતા ઉપનગરીય રેલ્વે પરનું દબાણ ઘટાડશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે. જોકે, પહેલા તબક્કામાં આ આશા ઠગારી નીવડી હતી. મેટ્રો લાઇન ૩ કોલાબાથી સીપ્ઝ સુધીની છે, જે ૩૩.૫ કિમીના પટ અને ૨૭ સ્ટેશનોને આવરી લે છે, જેમાંથી ૨૬ ભૂગર્ભ છે. આ લાઇન તેની આધુનિક માળખાગત સુવિધા અને મુંબઈના ટ્રાફિક જામને હળવો કરવાના વચન માટે પ્રશંસા પામી હતી, પણ મોબાઇલ કનેક્ટિવિટીના અભાવે મુસાફરોમાં ભારે નિરાશા ફેલાઈ હતી.

### હવે તુર્કીમાં

નિવેદનમાં જણાવ્યું હતું. પાકિસ્તાનને તુર્કીના સમર્થનના વિરોધમાં તુર્કીના સફરજનનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. સફરજન બાદ પુણેના મસાલા અને સૂકા ફળો એસોસિએશને તુર્કીથી આયાત થતા ડ્રાય ફ્રૂટ્સ અને મસાલાનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

### પરિસરમાં

વિસ્તારના હંસનગરમાં રહેતો દર્શન દીપક શિંદે (૨૭) તેના મિત્ર કેતન સાટમને મળવા આવ્યો હતો. બન્ને જણ લક્ષ્મી ચિરાગ નગર ખાતેની બૅન્ચ પર બેસી વાતો કરતા હતા ત્યારે આરોપી તેમની નજીક આવ્યા હતા. દર્શન અગાઉ એ જ વિસ્તારમાં રહેતો હોવાથી આરોપીઓનો પરિચિત હતો. આરોપી આર્યન અને તુષારે સંબંધિત વિસ્તારમાં પોતાનું વર્ચસ જમાવવા દર્શનને દમદાટી આપવાનું શરૂ કર્યું હતું. 'યે એરિયા હમારા હૈ... યહાં કે હમ ભાઈ હૈ' એવું કહીને ગાળાગાળી કરી દર્શન સાથે ઝઘડો કર્યો હતો. મારપીટ પર ઊતરી આવ્યા પછી આરોપી તુષારે દર્શનના હાથ પકડી રાખ્યા હતા, જ્યારે આર્યને ચાકુથી હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં દર્શન જમીન પર ફસડાઈ પડ્યો હતો.

ઘટનાને પગલે લોકો એકઠા થવા લાગતાં આરોપીઓએ ધાકધમકીથી બધાને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. ચાકુ દેખાડી ધમકાવતાં ફેરિયાઓ અને રાહદારીઓમાં ભાગદોડ મચી હતી. સ્થાનિક રહેવાસીઓએ પણ ડરના માર્યા ઘરનાં બારી-બારણાં બંધ કરી દીધાં હતાં.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી સ્વ. હર્ષદભાઇ સંઘાણીના ધર્મપત્ની જ્યોતિબેન સંઘાણી મંગળવાર તા. ૧૩-૫-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. તે સ્વ. મથુરાબેન અને સ્વ. મગનલાલ સંઘાણીના પુત્રવધૂ. હેમાંશી, કૌસ્તુભ, અમીના માતુશ્રી. શિરાઝ ભાભા, સુદીપ શાહ તથા નમિત મલ્હોત્રાના સાસુ. વાંકાનેર નિવાસી કાંતાબેન તથા અમરચંદ મહેતાના સુપુત્રી તથા સ્વ. શશીકાંતભાઇ, સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. ઇન્દુબેન અને કંચનબેનના ભાભી. પ્રાર્થનાસભા હીરાવતી હોલ, જે. કે. મહેતા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), શનિવાર, તા. ૧૭-૫-૨૫ના સાંજે ૫થી ૬.૩૦.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ સામખીયારી હાલ બોરીવલીના સ્વ. મણીલાલ ભચુ (શેઠ) વાઘજી ગડાના (ઉં. વ. ૭૪) તા. ૧૪-૫-૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. હરખુબેન ભચુના સુપુત્ર. ગુણવંતીબેનના પતિ. સચીન, માયાના પિતાશ્રી. કલ્પેશના સસરા. પર્વના નાના. સ્વ. રતનાબેન દેવરાજ ગાલાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૭-૫-૨૫ના શનિવારે ૩થી ૪.૩૦. ઠે. પ્યુપીલ્સ સ્કૂલ, એસ. વી. રોડ, ખાર (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા સિમરણ હાલ મલાડ સ્વ. મગનલાલ તથા સ્વ. મૃદુલાબેન કોઠારીના સુપુત્ર રાજેશ કોઠારી (ઉં. વ. ૬૨) બુધવાર, તા. ૧૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રીતીબેનના પતિ. અમિત, સિદ્ધિના પિતા. વિરલના સસરા. સ્વ. કાંતિલાલ અમૂલખ શાહના જમાઇ. તે સ્વ. બિપીન, પ્રદીપ, મુકેશ, મિતા, જાગૃતિના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હરસોલ સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

મોહનપુર હાલ ભાયંદર રાજેશભાઇ ગાંધી (ઉં. વ. ૫૯) તે સ્વ. નીરૂપમાબેન (મંજુલાબેન) લોકપાલભાઇ ગાંધીના પુત્ર તથા કલ્પનાબેનના પતિ. મેરૂલ, કેનીલના પિતા. પાયલના સસરા. રાકેશભાઇ, સ્વ. મનિષભાઇ, કલ્પેશભાઇ, સપનાબેન સંદીપભાઇ શાહના મોટા ભાઇ. ગં. સ્વ. મંજુલાબેન મણિકાંતભાઇ શાહ (પ્રભાસ પાટણ)ના જમાઇ. તા. ૫-૫-૨૫ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

કોલકી હાલ કાંદીવલી સ્વ. મુકતાબેન તથા સ્વ. શાંતિલાલ જેચંદ ગાંધીના પુત્ર કૌશિકભાઇ (ઉં. વ. ૭૩) તા. ૧૩-૫-૨૫ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે શારદાબેનના પતિ. કેતન, ફોરમના પિતા. મિતેશ ભૂપતરાય ગલાણીના સસરા. સ્વ. શરદભાઇ, મયૂરભાઇ, મંજરીબેન પ્રવીણચંદ્ર મહેતાના ભાઇ. સ્વસુર પક્ષે ડેડાણ નિવાસી સ્વ. કાંતાબેન તથા સ્વ. હિંમતલાલ પોપટલાલ દેસાઇના જમાઇ. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી તા. ૧૭-૫-૨૫ શનિવારના શ્રી વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય (મોટો ઉપાશ્રય)એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), સમયઃ ૪થી ૬.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સ્વ. કીર્તિકુમાર મહેતા (ઉં. વ. ૬૯) વલ્લભીપુર નિવાસી હાલ મીરારોડ તે પ્રતાપરાય ચંદુલાલ મહેતાના પુત્ર. તે અંજનાબેન (રંજનબેન)ના પતિ. તે પ્રાણલાલ ભવાનભાઇ શાહ (ગારિયાધાર)ના જમાઇ. તે કલ્પનાબેન, અતુલભાઇ, મીતાબેન, વિરેનભાઇના ભાઇ. તે ઋષભભાઇ, મેહાના અને તોરલ અમીત શેઠના પિતા તે તા. ૧૫-૫-૨૫ ગુરુવારના અવસાન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

અમરાપુર ધાનાણી હાલ ઘાટકોપર સ્વ. તારાબેન શાંતિલાલ મોતીચંદ દોશીના પુત્ર જગદીશભાઇ (ઉં. વ. ૭૪) તા. ૧૫-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. અરૂણાબેનના પતિ. કુણાલભાઇ તથા મેહુલભાઇના પિતાશ્રી. તે સ્વ. લલિતભાઇ, સ્વ. અશ્વીનભાઇ, સ્વ. ઉર્મીલાબેન શરદભાઇ શેઠ, સ્વ. મીનાબેન અશ્વીનકુમાર દાણીના ભાઇ. થોરડી (સાવરકુંડલા) વાળા સ્વ. સાંતાબેન બાલુભાઇ મોદીના જમાઇ. સ્વ. કિરીટભાઇ, મહેશભાઇ, સ્વ. રશ્મીભાઇ તથા નયનાબેનના બનેવી. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. વસુમતી પ્રવીણચંદ્ર શાહ (ઉં. વ. ૮૬) તા. ૧૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અમીષ, સ્વ. મિલન તથા સ્વ. હીના ભરતભાઇ ટોલિયાના માતા. પરુલ તથા સાધનાના સાસુ. અવની ચિંતન મહેતા, કિંજલ મેહુલ દેઢિયા. ચિંતન, રુચિતા અનંત વોરાના દાદી. તે પિયરપક્ષ પાણેસરા નિવાસી સ્વ. હસમુખભાઇ, સ્વ. અરવિંદભાઇ વીરચંદ શાહ તથા કુસુમબેન રમેશચંદ્ર દોશીના બેન. તે સ્વ. મોહનલાલ, સ્વ. નવીનચંદ્ર, સ્વ. હંસાબેન પ્રવીણચંદ્ર શ્રોફના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પોરબંદર નિવાસી દશા શ્રીમાળી વણિક જૈન**

હાલ કાંદિવલી, શ્રીમતી માલતીબેન (ઉં. વ. ૭૯) તે સ્વ. અનિલ પ્રાણલાલ ગોસાલીયાના ધર્મપત્ની, સ્વ. વિજયાબેન પ્રાણલાલના પુત્રવધૂ. મનીષ, ભાવેશના માતુશ્રી. સૌ.કામિની, જ્હાન્વીના સાસુ. દિયા, જીયા અને પિયુના દાદી તા.૧૫/૦૫/૨૫ના અરિહંતશરણ થયા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ખાખરના વસંત પોપટલાલ ગંગર (ઉં. વ. ૭૮) તા. ૧૪-૫ના અવસાન પામ્યા છે. મોંઘીબાઈ પોપટલાલ રતનશીના સુપુત્ર. વિજ્યાબેનના પતિ. પ્રતિક, મિલીનના પિતા. કલ્યાણજી, રૂક્ષ્મણી નરેન્દ્ર જયંતિલાલ, કાન્તા મનહરલાલ વિકમ, પ્રફુલ્લા વસંત માવજી, કોકીલા યોગેશ જવેરચંદ, હર્ષદા બિપીન ધરમશીના ભાઈ. બિદડા અમૃતબેન જીવરાજ ટોકરશીના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુભાઈ હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. વિજયા ગંગર, બી-૩૦૬, નેમીનાથ એપા., નહેરુ રોડ, પાર્લા (ઈ.).

બેરાજાના મંજુલાબેન (મણીબાઇ) હીરજી દેઢીયા (ઉં. વ. ૮૫) તા. ૧૫-૫-૨૫ના અવસાન પામેલ છે. મઠાબેન કાનજી મોણશીના પુત્રવધૂ. ગામ વડાલાના કેસરબેન હીરજી ગણપત છેડાના સુપુત્રી. પ્રદીપ, રાજેશ, જ્યોતિના માતુશ્રી. વડાલાના હરીલાલ, હરખચંદ, ઝવેરબેન મગનલાલ, ચંચલબેન દામજી, વડાલાના નર્મદાબેન માવજીના બેન. પ્રાર્થના : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર, ટા. ૨.થી ૩.૩૦. નિવાસ : જ્યોતિ નિલેશ ધરોડ, ૬૦૧, રશ્મી સાધના, દત્ત મંદિર ક્રોસ રોડ, દહાણુકરવાડી, કાંદીવલી (વેસ્ટ).

પ્રાગપુરના કલ્યાણજી સાવલા (ઉં. વ. ૮૮) તા. ૧૫-૫ના અરિહંતશરણ પામ્યા છે. રતનબેન ડુંગરશી લખમશીના પુત્ર. કસ્તુરબેનના પતિ. હરેશ, વિજય, પ્રફુલ્લા, ભારતી, પ્રજ્ઞા (પુજા)ના પિતા. હરશી, દામજી, કેશવજી, નાગજી, પ્રેમજી, ગાંગજી, વેલબાઇ, ભાણબાઇ, હેમકુંવરના ભાઇ. કારાઘોઘા નાનબાઇ ધનજી દેઢીયાના જમાઇ. પ્રા.શ્રી વ.સ્થા. જૈ. શ્રા. સં. કરસન લધુ હોલ, દાદર. ટા. ૧૦.૩૦ થી ૧૨. નિ. કલ્યાણજી સાવલા, ૨૦૮/૭, હીરામહાલ, આર.એ.કે. રોડ, વડાલા (વે).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી, હાલ ડોમ્બિવલી, સ્વ. પ્રફુલકુમાર ગાંધીના ધર્મપત્ની વીણાબેન (ઉં. વ. ૭૨) તા.૧૪-૫-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. સમજુબેન મગનલાલ ગાંધીના પુત્રવધૂ. જીજ્ઞેશ, જેસલ કેતનકુમાર શાહ, ડિમ્પલ સુભાષકુમાર પંચમીયા, પ્રિયા જીતેન્દ્રકુમાર શાહના માતુશ્રી. વિરેન્દ્ર દામાણી, ભરત દામાણીના બેન. દિયા, આકાશના નાની. પ્રાર્થનાસભા લૌકિક વ્યવહાર બંધ છે.

### સાર્વજનિક હિતમાં

તેના રહેવાસીઓને સુરક્ષિત સ્થળોએ સ્થાનાંતરિત કરવા. જેથી કોઈ મોટી દુર્ઘટના ઘટિત ન થાય. ઉપરાંત સાર્વજનિક બાંધકામ વિભાગ અને સ્થાનિક પ્રશાસનના સમન્વયમાં રસ્તાઓ સરળ વાહનવ્યવહાર યોગ્ય બનાવવાનો નિર્દેશ તેમણે આપ્યો હતો. જો ખાડા પડે તો પણ, તાત્કાલિક તેને ભરવા તેવી તાકીદ તેમણે કરી હતી. ખાડાના કારણે જો એકપણ વ્યક્તિનું મૃત્યુ થશે તો સંબંધિત અધિકારીને બક્ષવામાં નહીં આવે તેવી ચેતવણી તેમણે ઉચ્ચારી હતી. જે જગ્યાએ પાણી ભરાવાની શક્યતા છે ત્યાં પમ્પની સુવિધા પણ કરવી, બધાજ હોર્ડિંગનું સ્ટ્રકચરલ ઓડિટ કરાવવું, ગેરકાયદે હોર્ડિંગ હટાવવા વગેરે સૂચનાઓ તેમણે આપ્યા હતા. જિલ્લામાં ખરીફ ઋતુમાં ચોખાની ખેતી મુખ્ય છે તેથી તેનું નિયોજન કરીને, આધુનિક તંત્રજ્ઞાનની મદદથી પાકમાં વધારો કેમ કરવો તેના ઉપર કામ થઇ રહ્યું છે. ક્લસ્ટર પદ્ધતિથી ખેતી માટે પ્રયત્નો કરવા વિશે પણ તેમણે સૂચનો આપ્યા હતા.

### તુર્કીના સફરજન

જાન્યુઆરીથી શરૂ થાય છે અને વર્ષના મધ્ય ભાગ સુધી ચાલે છે.

વધુ જાણકારી આપતા એક વેપારીએ જણાવ્યું હતું કે ભારતે ગયા વર્ષે ૧૧.૭૬ લાખ ટન તુર્કીશ સફરજનની આયાત કરી હતી જેનું મૂલ્ય રૂ. ૧૦૦૦ કરોડથી વધુ હતું. નેટ માર્કેટિંગ માર્જિન (એમએમઆર) વિશાળ હોવાથી અમે દર વર્ષે બજારમાં ટર્કિશ સફરજન સાથે સારો ધંધો કરીએ છીએ. આ સફરજન મીઠા હોવાથી ખૂબ જ લોકપ્રિય છે. જોકે, ભારત પર તાજેતરમાં થયેલા હુમલાને પગલે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ભારતનો વિરોધ કરતા દેશ સાથે વેપાર ન થઈ શકે. આયાત માટે વધુ કોઈ ઓર્ડર આપવામાં નહીં આવે. આ નિર્ણયની તુર્કી પર ગંભીર અસર પડશે અને તેમની સાન ઠેકાણે આવશે.

એપીએમી માર્કેટના ડાયરેકટર સંજય પાનસારેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે બજારમાં ફ્રુટ અને શાકભાજીના વ્યવસાય સાથે સેંકડો લોકો સંકળાયેલા છે, તેમાંથી પાંચ-દસ વેપારીઓએ સ્વતંત્ર રીતે તુર્કીયેના માલનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હશે. બાકી તુર્કીયેથી આવતા માલા-સામાનનો બહિષ્કાર કરવાનો હજી સુધી સત્તાવાર રીતે નવી મુંબઈ એપીએમસીમાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

એપીએમસી માર્કેટમાં ફ્રુટ અને વેજિટેબલના ઈમ્પોર્ટ બિઝનેસ સાથે જોડાયેલા એક અગ્રણી ઈમ્પોટરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે તુર્કીયેથી કંઈ ખાસ શાકભાજી કે ફ્રુટની આયાત કરવામાં આવતી નથી. એ દેશથી આપણે સફરજન અને ચેરીની આયાત કરીએ છીએ પણ આ સીઝનમાં હમણા કંઈ આયાત કરવામાં આવતું નથી. સામાન્ય રીતે ત્યાં સપ્ટેમ્બરથી ઓક્ટોબરની વચ્ચે સફરજનની સીઝન હોય છે અને ત્યાંથી એ સમયે આપણે આ ફ્રુટની આયાત કરીએ છીએ. એટલે હમણા બહિષ્કાર કરવા જેવી વાતમાં કંઈ મતલબ નથી.

બોમ્બે મુડી બજાર કરિયાણા મર્ચન્ટ અસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખય અમરીશ બારોટે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે તુર્કીયેથી ખસખસ અને જીરૂની આયાત કરવામાં આવે છે પણ હવે તુર્કીયેથી આવતા આ માલનો બહિષ્કાર કરવામાં આવવાનો છે. પહેલાથી જે ઓર્ડર આપવામાં આવ્યા હતા તેના પેમેન્ટ થઈ ગયા છે એટલે એ માલનો લેવો જ પડશે પણ હવેથી જીરૂ અને ખસખસની આયાત કરવામાં આવશે નહીં. આપણા દેશમાં રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં આનું ઉત્પાદન થાય છે એટલે આપણે આયાત બંધ કરીએ તો બહુ ફટકો પડવાનો નથી પણ તેમને ચોક્કસ પડશે.

## પારસી મરણ

કયામસ અરદેશીર પાલીયા તે કેતાયુનના ધની. તે મરહુમો શીરીન અરદેશીર પાલીયાના દીકરા. તે જમશુદ ને શીરીનના પપા. તે જેઝીલના સસરા. તે સામના ભાઇ. તે માઇરા, માઝરીન ને મઝદાનના મમાવાજી. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૭-સી, પટેલ વાડીયા બિલ્ડિંગ, ભોંયતળિયે, વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ઓલબ્લેસ બંગલીમાં છેજી.

હેકટર બરજોરજી મેવાવાલા તે નાજુ હેકટર મેવાવાલાના પતિ. તે મરહુમ બરજોરજી મેવાવાલા અને મરહુમ જેરબાઇ મેવાવાલાના પુત્ર. તે નેવિલીના પિતા. તે જાસ્મીનના સસરા. તે શ્રીરોસ અને ચેરાગના ગ્રાન્ડ ફાધર, તે મરહુમ ડોસા, મરહુમ જિની, મરહુમ પિલૂ, મરહુમ મણી, મરહુમ આલુ, મરહુમ લવજી, મરહુમ મિનૂ, મરહુમ દોરાબ, મરહુમ જાન્નુના ભાઇ. (ઉં. વ. ૯૧) રે. ઠે. બી/૫, સ્વિટ હોમ, ૫૪૦ પાલી રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

ચંદ્રા આર. ગૌરી (ઉં. વ. ૮૨) સ્વ. જશુમતી અને સ્વ. જાદવજી કાથરાણીની પુત્રી. આશા, ઝાકીર, સ્વ. દીપક ગૌરીના માતુશ્રી. સ્વ. બાંધવી કાથરાણીના નણંદ. દિલીપ કાથરાણી, જયોતી એન. કારીયા, નયના, એમ. ઠક્કર, સ્વ. કપીલા, બી. ત્રિવેદી, પ્રતિભા એન. થાણાવાલા, ગીતા એન. પોપટ, ભાવના બી. હરીયાણીના બેન. આહદ, મહાના નાની. તા. ૧૫-૫-૨૫ ગુરુવારના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ દૂધઇ હાલ માટુંગા ગં. સ્વ. પ્રવિણાબેન શંભુલાલ દૈયાના ધર્મપત્ની (ઉં. વ. ૭૮) બુધવાર તા. ૧૪-૫-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. સ્વ. કેસરબેન લક્ષ્મીદાસ દૈયાના પુત્રવધૂ. સ્વ. વેલબાઇ દયાળજી ઠક્કર (સોમેશ્વર) (ગામ : અંજાર)ની સુપુત્રી. અજય શંભુલાલ દૈયાના માતુશ્રી. પ્રિતી અજય દૈયાના સાસુ. ઇશા અજય દૈયાના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

ચિત્રલેખા પંકજ પરીખ (ઉં. વ. ૭૨) (બાબુડી) તે પંકજ સોમાલાલ પરીખના ધર્મપત્ની. તે જેસલ, નેહલના માતા. ડોલી અને સારિકાના સાસુ. દૈવિક, ધાર્મિકના દાદી. મંગળવાર તા. ૧૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બેસણું અને લૌકિક પ્રથાઓ બંધ રાખવામાં આવી છે.

**કચ્છી દશા મોઢ માંડલિયા વણિક**

કચ્છ માંડવી હાલ યુએસએ પ્રિયવદન મહેતા (ઉં. વ. ૮૧) તે સ્વ. ત્રિવેણીબેન ગોરધનદાસના સુપુત્ર. રેખાબેનના પતિ. પિન્કી, સમીર, પ્રિયાના પિતાશ્રી. સ્વ. ઝવેરીલાલ, સ્વ. હરસુખલાલ, સ્વ. લક્ષ્મીકાંત મહેતા, સ્વ. પ્રભાબેન રતનલાલ, સ્વ. તારાબેન હરિલાલ અને જયાબેન વાડીલાલના ભાઇ. તા. ૧૫-૫-૨૫ના અમેરિકા શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ તાલાળા હાલ વિરાર, ગં. સ્વ. જશવંતીબેન તન્ના (ઉં. વ. ૯૫) ૧૫/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મથુરાદાસ પરષોત્તમભાઈ તન્નાના ધર્મપત્ની. અનંત, દિલીપ તથા હસમુખના માતુશ્રી. મંજુલા, ઇન્દુ તથા વીણાના સાસુ. ધર્મેશ, સંદીપ, પ્રતીક, હાર્દિક તથા ધ્રુવના દાદી. પિયરપક્ષે નરોત્તમભાઈ, ત્રિભોવનભાઈ તથા નાગજીભાઈ પોપટલાલ રૂપારેલિયા માળિયાના બહેન. બંને પક્ષની સાદડી ૧૭/૫/૨૫ના શનિવાર ૪ થી ૬. આંબીલ ભવન હોલ, હવેલી પાસે, સ્ટેશન રોડ, વિરાર વેસ્ટ.

**પરજીયા સોની**

ગામ જસદણ નિવાસી હાલ દહિસર, અ. સૌ. રેણુકાબેન થડેશ્વર (ઉં. વ. ૬૯) તે મુકુંદભાઈ પોપટભાઈ થડેશ્વરના ધર્મપત્ની. સ્વ. વ્રજલાલ જાલાભાઈ ઘઘડા ઉપલેટાવાળાના દીકરી. મયુર તથા રેશ્મા વિજયભાઈ ધકાણના માતુશ્રી. મિત્તલના સાસુ. વિધિ તથા મીતના દાદી ૧૫/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૭/૫/૨૫ના ૧૦ થી ૧૨. વિદ્યામંદિર સ્કૂલ, દહિસર સ્પોર્ટ્સ ફાઉન્ડેશન સામે, સી એસ રોડ, દહિસર ઈસ્ટ.

**કપોળ**

રાજુલાવાળા હાલ કાંદિવલી, સ્વ. કંચનગૌરી વિઠ્ઠલદાસ જેઠાલાલ સંઘવીના સુપુત્ર દિનેશચંદ્ર (ઉં. વ. ૮૧) તે ભારતીબેનના પતિ. પરાગ તથા રૂપલ મનીષકુમાર શેઠના પિતા. ચારુલત્તા દિલીપભાઈ ગાંધી, સ્વ. અરુણાબેન બળવંતરાય મહેતા, જયશ્રીબેન સુધીરકુમાર ભુતા, ચારુબેન હસમુખરાય દોશી, મૃદુલાબેન અશોકકુમાર મહેતા તથા પ્રફુલ્લાબેનના ભાઈ. મોસાળપક્ષે સ્વ. અમૃતલાલ રાઘવજી મહેતા (ઉગલવાણવાળા) ના ભાણેજ. અમરેલીવાળા સ્વ. કનૈયાલાલ વ્રજલાલ પારેખના જમાઈ તા.૧૪/૫/૨૫ના બુધવાર શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ ચાતુર્વેદી ચુથા સમવાય બ્રાહ્મણ**

સંજયભાઈ શુકલ (ઉં. વ. ૬૩) તા.૧૫/૫/૨૫ને ગુરૂવારના દહીંસર કૈલાસવાસી થયેલ છે. તેઓ સ્વ.મનસુખલાલ દુર્ગાશંકર શુક્લના પુત્ર. મનિષાબેનના પતિ. વિનયભાઈના પિતાશ્રી. સ્વ.કીરીટભાઈ અને નીતિનભાઈના નાનાભાઈ. પરુષોત્તમભાઈ ધનજીભાઈ ત્રિવેદીના જમાઈ. બંને પક્ષની સાદડી તા.૧૮/૦૫/૨૫ને રવિવાર ૫ થી ૭. ૧૦૩ મનીષ બિલ્ડીંગ નં ૨, બી.પી.રોડ, કાંદરપાડા, દહીંસર વેસ્ટ.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ કાંદિવલી, બાબુભાઈ નાગરદાસ સંઘવીના પુત્ર કૃષ્ણકાંતભાઈ (ઉં. વ. ૮૬) તા ૧૫/૫/૨૫ના શ્રીજીચરણ પામેલ છે તે ધૈર્યબાળાબેનના પતિ. જતીન તથા હેમલના પિતાશ્રી. સૌ. સંગીતા તથા પ્રણવ નવલભાઈ મથુરિયાના સસરા. જાફરાબાદવાળા સ્વ. બાબુભાઇ પરમાનંદદાસ વોરાના જમાઈ. દર્શન, સૌ. નેહા, યશસ્વી વિરાજ મોદી તથા અર્ણવના દાદા/નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

અંધેરી નિવાસી રમાબેન શાહ (ઉં.વ.૯૫) તે સ્વ. રસિકલાલ મણીલાલ શાહના ધર્મપત્ની ગુરુવાર તા.૧૫.૫.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભવાનદાસ સોલંકીના દીકરી. મીનાક્ષી, જયશ્રી, અતુલ, હર્ષા અને આશિષના માતુશ્રી. ભૂપેન્દ્રભાઈ, સ્વ. લલીતભાઈ, નરેશભાઈ, ભારતી અને કલ્પનાના સાસુ. સ્વ. ઈશ્વરલાલ, સ્વ. જિતેન્દ્રભાઈ, ભગવાનદાસ, સ્વ. પદમાબેન, સ્વ. વિજયાબેન, સ્વ. આણંદબેન તથા ગં. સ્વ. દેવયાનીબેનના ભાભી. લેખિની, તન્વી, દેવના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વીક એન્ડ

### સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## ૨૦૧૪માં સુકાની તરીકે રમેલો પહેલો જ બૉલ માથામાં વાગ્યો અને પછી બધા હરીફ બોલર માટે બન્યો માથાનો દુખાવો અને ભારતને મળ્યો નંબર-વન કૅપ્ટન






## વિરાટને માથાની ઈજાએ બનાવ્યો

# કૅપ્ટન-કિંગ

વિરાટ કોહલીએ ૧૪ વર્ષની શાનદાર ટેસ્ટ-કારકિર્દીની શરૂઆત ૨૦૧૧માં વેસ્ટ ઇન્ડિઝ સામેની મૅચથી કરી હતી, પરંતુ ટેસ્ટ ટીમના કૅપ્ટન તરીકે તેણે ૨૦૧૪માં ઑસ્ટ્રેલિયા સામેના મુકાબલાથી આરંભ કર્યો હતો અને કરીઅરની અંતિમ ટેસ્ટ પણ ઑસ્ટ્રેલિયા સામે જ રમ્યો. તાજેતરમાં ટેસ્ટ-કારકિર્દીને અલવિદા કરનાર કોહલીએ ભારતના સૌથી સફળ સુકાની તરીકે આ ફલકને ગુડબાય કરી છે. કૅપ્ટન તરીકે તેની સફળ સફરની શરૂઆત વિશે જાણશો તો કદાચ ચોંકી જશો.

ખેલાડી પર જ્યારે કોઈ મોટી જવાબદારી આવી પડે ત્યારે શરૂઆતના સમયગાળામાં તેણે ઘણા પડકારો ઝીલવા પડતા હોય છે, પરંતુ કોહલીનો કિસ્સો સાવ નોખો જ હતો. ૨૦૧૪માં ટેસ્ટ-કારકિર્દીના સુવર્ણ કાળમાં માત્ર બૅટ્સમૅન તરીકે તે મસ્ત હતો ત્યારે તેના પર નેતૃત્વનો ભાર આવી પડ્યો હતો. ઍડિલેઇડમાં ૨૦૧૪ની નવમી ડિસેમ્બરે શરૂ થયેલી ટેસ્ટનો પ્રથમ દાવ ઑસ્ટ્રેલિયાએ ત્રણ સેન્ચુરિયનો (વૉર્નર-૧૪૫ રન, કૅપ્ટન માઇકલ ક્લાર્ક-૧૨૮ રન અને સ્ટીવ સ્મિથ-અણનમ ૧૬૨)ની મદદથી ૫૧૭/૭ના સ્કોર પર ડિક્લેર કર્યો ત્યાર પછી કોહલીની ખરી કસોટી શરૂ થવાની હતી. ઓપનર મુરલી વિજયની બીજી વિકેટ પડ્યા પછી કોહલી (પહેલી વાર ટેસ્ટના કૅપ્ટન તરીકે) બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો હતો. ઑસ્ટ્રેલિયાનો એ સમયનો સર્વશ્રેષ્ઠ ફાસ્ટ બોલર મિચલ જૉન્સન જબરદસ્ત ફૉર્મમાં હતો. મુરલી વિજયને કલાકે ૧૪૫ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકીને તેણે મુરલીને બ્રૅડ હૅડિનના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. જૉન્સનની ઓવરનો એ પહેલો જ બૉલ હતો અને તેનો બીજો કાતિલ બૉલ કોહલીએ રમવાનો હતો. જૉન્સનનો એ શૉટ-પિચ્ડ બૉલ કોહલીને હેલ્મેટ પર જોરદાર વાગ્યો હતો. જૉન્સને ત્યારે કોહલીને જાણે ડરાવવા એવો કાતિલ બૉલ ફેંક્યો હતો અને જૉન્સનનું તીર નિશાના પર વાગ્યું હતું. ત્યારે થોડા જ સમય પહેલાં ઑસ્ટ્રેલિયાના ઓપનર ફિલ હ્યુઝને માથામાં બૉલ વાગતાં મૃત્યુ પામ્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો બન્યો હતો એટલે કોહલીને માથા પર ઈજા થતાં જ બધા ડરી ગયા હતા. હરીફ ખેલાડીઓ તેમ જ કોહલીનો સાથી બૅટ્સમૅન ચેતેશ્વર પુજારા તેની પાસે દોડી આવ્યા હતા. કૅપ્ટન માઇકલ ક્લાર્કે જૉન્સનને શાંત પાડ્યો હતો.

સદનસીબે કોહલી થોડી જ વારમાં સ્વસ્થ થઈ ગયો હતો અને બૅટિંગ શરૂ કરી દીધી હતી. કવર ડ્રાઇવ, ફ્લિક અને પુલ શૉટથી પુષ્કળ રન બનાવવાનું શરૂ કરીને તેણે સૌને સંકેત આપી દીધો હતો કે પોતે ફિટ ઍન્ડ ફાઇન છે અને કોઈ પણ સ્થિતિમાં એવો જ રહેશે. કંપારી છૂટી જાય એવી એ ઘડી બાદ કોહલી ૨૬૭ મિનિટ સુધી ક્રીઝ પર રહ્યો અને તેણે ૧૮૪ બૉલમાં ૧૨ ચોક્કાની મદદથી ૧૧૫ રન ખડકીને ઑસ્ટ્રેલિયનોને સીધો મૅસેજ આપી દીધો કે તે ડગમગી જાય એવો કૅપ્ટન નથી.

ખરેખર એવું જ બન્યું. એવર ગ્રીન અને એવર ફિટ કોહલીને જાણે મિચલ જૉન્સનના એ બૉલના ઝટકાએ સફળ કૅપ્ટન બનવાનો સંકલ્પ અપાવ્યો હતો. ૨૦૧૪થી ૨૦૨૨ સુધી કોહલીએ ૬૮ ટેસ્ટમાં ભારતીય ટીમનું સુકાન સંભાળ્યું અને તેમને ૪૦ ટેસ્ટમાં વિજય અપાવીને ભારતનો સૌથી સફળ ટેસ્ટ-કૅપ્ટન સાબિત થયો.

ભારત ઍડિલેઇડની એ ટેસ્ટ ૪૮ રનથી હારી ગયું હતું, પણ ટીમ ઇન્ડિયાને ભરોસાપાત્ર અને વિજયી સુકાની મળી ગયો હતો. કૅપ્ટન તરીકે તેણે ભારતને સૌથી વધુ નવ ટેસ્ટ-સિરીઝમાં વિજય અપાવ્યા હતા અને ૨૦૧૮-'૧૯માં તે ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ-સિરીઝ જીતનાર પ્રથમ એશિયન સુકાની બન્યો હતો. સુકાન સંભાળવાની સાથે તેણે બૅટ્સમૅન તરીકે પણ ઘણા વિક્રમો રચ્યા હતા. ■

### કોહલી શું સચિનનો ૧૦૦ સેન્ચુરીનો વિશ્વવિક્રમ તોડી શકશે?

વિરાટ કોહલીએ ૧૨મી મેએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લીધી એ સાથે હવે તે સચિન તેન્ડુલકરનો કુલ ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીનો વિશ્વવિક્રમ તોડી શકશે કે કેમ એમાં ઘણાને શંકા છે. વન-ડેમાં વિશ્વમાં સૌથી વધુ ૫૧ સેન્ચુરી કોહલીના નામે છે, પણ ટેસ્ટમાં તેણે ૩૦ સદી અને ટી-૨૦માં એક સદી ફટકારી હતી. સરવાળે તેની સદીનો આંકડો ૮૨ થાય છે. હવે તે સચિનની બરોબરીમાં થવા ૧૮ સેન્ચુરી ફટકારી શકશે (કે રેકૉર્ડ તોડવા ૧૯ સદી પૂરી કરી શકશે) એ સૌથી મોટો સવાલ છે.

કોહલી હવે માત્ર વન-ડે મૅચો જ રમશે. હવે પછીનો વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭માં રમાશે. એ પહેલાં ભારત ૨૭ વન-ડે રમશે. જો ભારત એ વિશ્વ કપમાં ફાઇનલ સુધી પહોંચશે તો ભારત ૨૦૨૭ના વર્લ્ડ કપના અંત સુધીમાં ૩૯ વન-ડે રમાશે એમ કહી શકાય. કોહલી ૩૬ વર્ષનો થઈ ગયો છે. ૨૦૨૭માં ૩૮ વર્ષની ઉંમર સુધીમાં તેણે ૧૮ કે ૧૯ વન-ડે સેન્ચુરી ફટકારી હશે કે કેમ એ પણ પ્રશ્ન છે. સચિને ૧૦૦ સેન્ચુરી કુલ ૭૮૨ ઇનિંગ્સમાં ફટકારી હતી, જ્યારે કોહલીએ ૮૨ સદી ૬૧૭ ઇનિંગ્સમાં ફટકારી છે.




### હું તો માનતો હતો કે કોહલી હજી બે-ત્રણ વર્ષ રમશેઃ રવિ શાસ્ત્રી

૧૨૩ ટેસ્ટમાં ૯,૨૩૦ રન કરનાર વિરાટ કોહલી કૅપ્ટન હતો ત્યારે હેડ-કોચ રવિ શાસ્ત્રી સાથે તેનો બહુ સારો તાલમેલ હતો. કોહલીએ સોમવારે ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરી એના ત્રણ દિવસ બાદ શાસ્ત્રીનું તેના રિટાયરમેન્ટ વિશે નિવેદન આવ્યું છે. શાસ્ત્રીએ કહ્યું છે, 'મેં કોહલી સાથે અઠવાડિયા પહેલાં ફોન પર ઘણી વાતચીત કરી હતી. હું માનું છું કે તે હજી બીજા બે-ત્રણ વર્ષ ટેસ્ટ-ક્રિકેટ રમી શક્યો હોત. તેના નિર્ણયથી પહેલાં તો હું ડઘાઈ ગયો હતો, પરંતુ તેનો જવાબ મને ગળે ઊતરી ગયો હતો. તેણે મને કહ્યું કે શારીરિક રીતે ભલે હું ખૂબ ફિટ છું, પણ માનસિક રીતે હવે ટેસ્ટમાં રમવાનું ચાલુ રાખવું મને ઠીક નથી લાગતું. કોહલીએ મને એવું પણ કહ્યું કે ટેસ્ટ છોડવાનો તેને કોઈ જ ખેદ નથી, કારણકે તેણે આ ફૉર્મેટમાં બનતું બધું જ કર્યું અને પૂરી ક્ષમતાથી રમ્યો હતો.'

### અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## અસકુસા ફૂડ સ્ટ્રીટ પર વાયરલ ફોટોજેનિક વાનગીઓ...











ટોક્યોના ખ્યાતનામ સેન્સોજી મંદિરથી બહાર નીકળવાના ઘણા રસ્તા હતા, અને દરેક રસ્તો કોઈ ને કોઈ રેસ્ટોરાં, હોટલ, ફૂડ સ્ટોલ તરફ નીકળતો હતો. આ અસાકુસા વિસ્તાર ટોક્યોના અત્યંત વૈવિધ્યસભર માહોલના સેન્ટરમાં હતો. દુનિયાભરથી અહીં લોકો ફોટોજેનિક મિષ્ટાન ચાખીને વીડિયો લેવા આવે છે. હજી થોડા સમય પહેલાં કોઈ ખ્યાતનામ રેસ્ટોરાંની ઓળખ એ હતી કે ત્યાંની વાનગીઓ મજેદાર હોય છે અને ત્યાં દુનિયાભરથી લોકો જમવા આવે. હજી ફૂડ માટે જાણીતાં રેસ્ટોરાં તો હતાં એવા ને એવા જ છે, પણ તેમાં ઇન્ફ્લુઅન્ઝરનાં માનીતાં રેસ્ટોરાંનો નવો ટ્રેક ઉમેરાયો છે. ઇન્સ્ટાગ્રામ પર લોકપ્રિય હોય એ જગ્યાએ જમવાનું પણ સારું મળતું હોય તેની કોઈ ગેરેન્ટી નથી હોતી, પણ વાયરલ થઈ ચૂકેલાં સ્થળો પર લોકો માત્ર ટ્રેન્ડ ફોલો કરવા માટે પણ જવા તૈયાર હોય છે. ટોક્યોના આ ખૂણામાં લોકોનું કોઈ પણ સ્થળે કંઇ ખાવા માટે ભૂખ્યા હોવું જરૂરી ન હતું. અમને તો ભૂખ લાગી ચૂકી હતી અને અહીં વેરાઇટી સભર ચીજો ખાવામાં બધે લાઈનમાં ઊભાં રહેવાનું હતું.

પહેલાં મેલન પાનનો વારો આવ્યો. આ મેલન પાન કાપેલી ટેટી જેવું દેખાતું હતું, પણ ખરેખર એ શેપની બ્રેડ હતી અને તેની વચ્ચે વિવિધ સ્ટફિંગ વાનગીને સ્વાદિષ્ટ બનાવવાનો પ્રયત્ન કરતાં હતાં. આ મેલન પાન હવે ઓલમોસ્ટ દરેક કન્વિનિયન્સ સ્ટોરમાં પણ મળતું હતું. તેના શેપનાં સુવિનિયર્સ, પર્સ, મેગ્નેટ બધું જ મળતું હતું. મેલન પાન આમ તો આખા જાપાનમાં ગમે ત્યાંથી ખરીદી શકાય, પણ અસકુસાનો તે સ્ટોલ વાયરલ મેલન પાનનો સ્ટોર હતો. ત્યાં બીટીએસથી માંડીને ઘણાં એશિયન અને હોલિવૂડ સ્ટાર્સ અને ઇન્ફ્લુઅન્સર આવી ચૂક્યાં છે. ઘણાંના ફોટા પણ લાગેલા હતા. અને તે સમયે અમારી નજર સામે જ બીજે પચાસેક ફોટા તો અમે લાઇનમાં ઊભાં હતાં ત્યાં સુધીમાં જ પડી ગયા હતા. અમારા લિસ્ટ પર હજી બીજી પાંચેક આઇટમ્સ હતી. એટલે ક્યાંય ઓવરઇટિંગ ન કરવાનું પણ ધ્યાન રાખવાનું હતું. મેલન પાન સારું તો હતું, પણ તેના માટે ગાંડા થવા જેવું અમને કશું લાગ્યું નહીં. બાકીનાં લોકોને જજ કરવા છતાં ફોટો તો અમે પણ પાડ્યો જ.

હવે સ્વીટ પોટેટો ક્રેમ્બર્લેનો વારો હતો. કોને ખબર હતી કે એક બાફેલા પર્પલ શક્કરીયાને વચ્ચેથી કાપી, તેમાં ખાંડ નાખી, તેને હીટ ગનથી કેરેમલાઈઝ કરીને વેચવાનું કામ કરતી આ દુકાનમાં બીજું કશું જ નહોતું મળતું. બસ ત્રણ પ્રકારના સ્વીટ પોટેટો સિવાય કોઈ મેન્યુ જ ન હતું. અને તેના માટે લાઈન લાગી હતી. નાનકડી દુકાનમાં એક દરવાજેથી એન્ટર થાઓ, ઓર્ડર કરો, પૈસા ચૂકવો, ઓર્ડર હાથમાં લો અને બીજા દરવાજા પાસે સેલ્ફી કોર્નર પર ફૂડ સાથે ફોટો પાડો અને ચાલતા બનો. ત્યાં એક બોર્ડ પણ મારેલું હતું કે અમારા સ્ટાફને ફોટા અને વીડિયોમાં ન લેવા વિનંતી. આ પ્રોફેશનલ વાયરલ દુકાન હતી. ખાસ એ જ ઉદ્દેશથી બનાવી હોય તેવું લાગતું હતું. પર્પલ પોટેટો મજેદાર તો હતું. નજીકમાં એક દુકાનમાં એ જ પર્પલ પોટેટોને સ્પેગેટી આઇસક્રીમના રૂપમાં સર્વ કરવામાં આવતું હતું. આ બધું સાધારણ ભાવ કરતાં લગભગ ડબલ ભાવે મળી રહ્યું હતું. છતાંય લાઇન જરાય ટૂંકી થતી દેખાઈ નહોતી.

વચ્ચે મોચી અને તૈયાકીનો વારો પણ આવી ગયો. માછલીના શેપની સ્ટફ્ડ પેન-કેક અમે મજાથી ખાધી. છતાંય ચર્ચા એ થઈ કે જાપાનની સૌથી લોકપ્રિય તૈયાકી હિમેજી શહેરમાં મળે છે, ટોક્યોમાં નહીં. હવે મને બેસ્ટ લાગી હતી તે તૈયાકી તો ઓસાકા શહેરમાં હતી, પણ તે સમયે અમને જે તૈયાકી મળી તેમાં જ સંતોષ માનવો રહ્યો. અહીંની વાનગીઓમાં રેડ બીન એટલે કે રાજમાની પેસ્ટને સ્વીટ્સમાં વાપરવામાં આવતી જોઈને પણ નવાઈ લાગી હતી. પણ રેડ બીન પેસ્ટ એવી રીતે વપરાય છે કે પુડિંગ, વેનિલા અને ચોકલેટ જેવી કોમન ફ્લેવર છોડીને જ્યાં પણ જતી ત્યાં રેડ બીન પેસ્ટ જ ઓર્ડર થતી હતી. પહેલાં મિષ્ટાન પેટમાં પધરાવી લીધા પછી લાગ્યું કે થોડાં સોલ્ટી કે મસાલેદાર નૂડલ્સ પણ મળી જાય તો જરા મજા આવે.

અસકુસામાં આ રસ્તે ઘણી ફૂડ ટૂર્સ ગાઇડ સાથે પણ લઈ શકાય છે. અમે પહેલેથી જ તૈયારી કરીને આવેલાં. અને હજી સુધી એક પણ વાનગી નબળી લાગી ન હતી. બસ તેને વાયરલ થવાનાં કારણો સમજી શકાતાં ન હતાં. તે સમયે એમ થતું હતું કે આપણી પાણી-પૂરી, પાંઉભાજી અને વડાંપાંઉ પણ વાયરલ થવાને લાયક છે. તે વિચાર પછી એમ પણ થયું કે કાશ અહીં રેડ બીન પેસ્ટના ઢગલા વચ્ચે ક્યાંક ગરમાગરમ પાંઉભાજી હાથ લાગી જાય તો કેટલી મજા આવે.

અને આખરે કોમુગીનો ડોરી નામની જગ્યાએ મસાલેદાર કરી સ્ટફ કરેલી બ્રેડ મળી. પાંઉભાજી સ્તરની તો ન હતી, પણ મજા જરૂર આવી. આ વાયરલ વાનગી પહેલી વાર લેખે લાગી હોય એવો સ્વાદ હતો. અને એટલે જ અમને માંડ એક હાથ લાગી. તે નાનકડા બૂથ રેસ્ટોરાંમાં લોકો દાદાગીરીથી ધંધો કરે છે. હજી બપોરના બે વાગેલા અને તેમની પાસે વેજિટેરિયન સ્ટફ્ડ બ્રેડનો છેલ્લો પીસ બાકી હતો. તે દિવસે લંચમાં બેસીને ખાવા તો મળવાનું ન હતું. તે પ્લાન સાંજ પર હતો. એક પછી એક સ્ટ્રીટ ફૂડની મજા લીધા પછી એમ લાગ્યું કે કદાચ આમાં ને આમાં જ સાંજ પડી જશે.

રસ્તા પર અલગ અલગ બેનર્સમાં પણ આર્ટિસ્ટક કૂકિંગને પ્રતીકાત્મક રીતે રજૂ કરતાં ચિત્રો હતાં. જાપાનમાં જાણે ખાડો પણ એસ્થેટિકલી પ્લીઝિંગ લાગતો હતો. ચિત્ર-વિચિત્ર જાપાનીઝ વાનગીઓથી ધરાઈને અમે અસકુસા કલ્ચર સેન્ટરની હાઇરાઇઝ બિલ્ડિંગના ટોપ ફ્લોરથી સેન્સોજી ટેમ્પલ જોવાના ડેક પર પહોંચ્યાં. ત્યાં બીજી તરફ ટોક્યો સ્કાય ટ્રીનાં પણ દર્શન થઈ ગયાં. ટોક્યોમાં દરેક પગલે કોઈ અલગ ચિત્રવાર્તા જાતે જ શરૂ થઈ જતી હતી. સેન્સોજીને માણવાના ઘણા રસ્તા છે, પણ અમારો મનપસંદ રસ્તો તો આ ટોપ ફ્લોરના કાફેમાં ગરમ માચા કોફી સાથે ભીડને જોતાં જોતાં રિલેક્સ થવાનો જ છે. અસકુસામાં હજી કિચન માર્કેટ બાકી હતી. ■

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# આ 'મુહાજીરો'નો કટ્ટરવાદ પાકિસ્તાનીઓથી ચડે એવો છે




'મુહાજીર'.....

ચાર અક્ષરના આ શબ્દ દ્વારા પાકિસ્તાનમાં વસતા મોટા સમૂહને આજની તારીખે ય ઊતરતી કક્ષાએ મૂકી શકાય છે.

આમ તો આ 'મુહાજીર' શબ્દ મૂળ અરબી ભાષાનો છે, જે પાછળથી ઉર્દૂમાં ઊતરી આવ્યો. એનો અર્થ થાય 'ઇમિગ્રન્ટ' બિનનિવાસી, જે પોતાનો મૂળ દેશ છોડીને અન્ય દેશમાં વસવાટ કરતો માનવો એટલે મુહાજીર. પાકિસ્તાની અર્થ મુજબ મુહાજીર એટલે એવા મુસલમાનો જે ભાગલા પહેલા હિન્દુસ્તાની હતા, પણ ૧૯૪૭માં ભારતના ભાગલા થઈને પાકિસ્તાન છૂટું પડ્યું એ પછી અહીં વસતા ઘણા મુસલમાનોએ ધર્મને આધારે અલગ થયેલા નવા દેશ પાકિસ્તાનમાં કાયમી સ્થળાંતર કરી જવાનું પસંદ કર્યું. આમાંના મોટા ભાગના સિંધ પ્રાંતમાં જઈને વસ્યા. ગુજરાતથી જે મુસલમાનો ગયા, એ મુખ્યત્વે સિંધમાં જ રહે છે. એક અંદાજ મુજબ આજે ય સિંધમાં વસી ગયેલા પાંત્રીસ લાખ મુસલમાનો ગુજરાતી ભાષા બોલે છે.

હવે પાકિસ્તાનની કઠણાઈ એવી છે કે અહીંના પંજાબ પ્રાંતના મુસલમાનો પોતાને સુપિરિયર બધાથી ઉપર સમજે છે. આજે બલૂચિસ્તાનથી માંડીને સિંધના લોકોમાં જે રોષ છે, એ પંજાબીઓની આવી આડોડાઈને પ્રતાપે છે. બલૂચિસ્તાન હમણાં રાજકીય કારણોસર બહુ ચર્ચામાં છે., પણ સિંધી ભાષા, સંસ્કૃતિ, અને ઓળખનું રક્ષણ હેતુ ૧૯૭૨માં જી. એમ. સૈયદે શરૂ કરેલી 'જીયે સિંધ' ચળવળને પણ ભૂલવા જેવી નથી. પાકિસ્તાનમાં સિંધીઓને અવગણવામાં આવે છે. એટલે ૧૯૭૧માં બાંગ્લાદેશ છૂટું પડ્યા બાદ જી. એમ. સૈયદે સહિતના ઘણા નેતાઓએ અનુભવ્યું કે સિંધી અસ્મિતાના સંવર્ધન માટે સિંધી પ્રજા પાસે પણ બીજો કોઈ માર્ગ નથી. સિંધીઓએ પંજાબીઓનો ત્રાસ ભોગવવા કરતાં પાકિસ્તાનથી છૂટા પાડીને પોતાનો અલગ મુલ્ક બનાવી લેવો જોઈએ. આ તો થઇ એવા મુહાજીરોની વાત, જેમણે પાકિસ્તાની પંજાબીઓના જુલ્મો સામે વિરોધનો માર્ગ અપનાવ્યો, પરંતુ કેટલાક એવાય હતા જેમણે 'સવાયા પાકિસ્તાની' બનીને કટ્ટર ભારત વિરોધી વિચારધારા અપનાવી.

ભાગલા પહેલા અમદાવાદ અને વડોદરા જેવાં શહેરોના પોલીસ ખાતામાં ફરજ બજાવતા મિયાંદાદ નૂરમોહમ્મદનો પરિવાર મૂળ પાલનપુરનો. ભાગલા પછી એ લોકો પાકિસ્તાન જઈ વસ્યા. ત્યાં ગયા બાદ ૧૯૫૭માં પુત્ર જાવેદનો જન્મ થય્યો. આ જાવેદ આગળ જતા પાકિસ્તાની ક્રિકેટ ટીમના એક કુશળ ખેલાડી તરીકે જાણીતો બન્યો. મેદાન ઉપરના કટ્ટર વલણને કારણે આપણે ભારતીયો જાવેદ મિયાંદાદને ધિક્કારીએ છીએ. અધૂરામાં પૂરું, ભારતના કુખ્યાત ગુનેગાર અને મુંબઈ બોમ્બધડાકાઓ બાદ આતંકવાદીની શ્રેણીમાં આવી ગયેલ દાઉદ ઈબ્રાહીમની દીકરી સાથે પોતાનો દીકરો પરણાવીને જાવેદ મિયાંદાદ વધુ ધિક્કારને પાત્ર બન્યો. પોતાનો પરિવાર મૂળે ભારતનો હોવા છતાં જાવેદ મિયાંદાદ નામનો મૂળ ગુજરાતી માણસ હંમેશાં ભારત વિરોધી વલણ છતું કરતો રહ્યો છે.

આ જ રીતે, કારગિલ દુઃસાહસને અંજામ આપવામાં જેની મુખ્ય ભૂમિકા હતી એવો પરવેઝ મુશર્રફ પણ મુહાજીર હતો. ભાગલા પૂર્વે જૂના દિલ્હીના દરિયાગંજની નહેરવાલી હવેલી ખાતે એનો પરિવાર રહેતો. પરિવાર પહેલેથી જ ઉચ્ચ ભણતરમાં માને. દાદા બ્રિટિશ સરકારમાં ટેક્સ કલેક્ટર હતા. પિતા અંગ્રેજ સરકારમાં એકાઉન્ટન્ટની સરકારી નોકરી કરતા. પરવેઝની માતાએ પણ દિલ્હી યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્યમાં ગ્રેજ્યુએશન પૂરું કરેલું. ફેમિલીમાં પરવેઝ સહિત ત્રણ ભાઈ સારું એવું ભણેલા. મોટો ભાઈ જાવેદ મુશર્રફ રોમમાં રહે છે અને ઇન્ટરનેશનલ ફંડ ફોર એગ્રિકલ્ચરના એક ડિરેક્ટર તરીકે કામ કરી ચૂક્યો છે. નાનો ભાઈ અમેરિકામાં એનેસ્થેશિયોલોજિસ્ટ તરીકે કામ કરે. ખુદ મુશર્રફે અલીગઢ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કરીને સિવિલ સર્વિસીસની કેરિયર પસંદ કરેલી. ઉચ્ચ ભણતર ધરાવતા આ પરિવારમાં કટ્ટરવાદને જરાય જગ્યા ન મળે એવી પરિસ્થિતિ હોવી જોઈએ. તેમ છતાં ૧૯૬૫ અને ૭૧માં ભારત સામે લડીને ગેલેન્ટરી મેડલ મેળવી ચૂકેલા મુશર્રફે પાક. સેનાની કમાન હાથમાં આવ્યા પછી કારગિલમાં ઘૂસણખોરી કરાવેલી. સત્તવાર રીતે આ વાત સાબિત નથી થઇ શકતી, પરંતુ ઇતિહાસ મુશર્રફને જ કારગિલના વિલન તરીકે ચીતરે છે.

આવું જ અન્ય એક નામ છે 'પાકિસ્તાની અણુબોમ્બના પિતા' ગણાતા અબ્દુલ કાદર ખાન. ઇસ ૧૯૩૬માં આપણા જ દેશના ભોપાલ શહેરમાં જન્મેલા અબ્દુલ કાદર ખાનનું ફેમિલી દેશના ભાગલા પછી પાકિસ્તાન ગયું. જો કે આ પરિવારના મૂળ પાછા પશ્તુન એટલે કે અફઘાન કબીલા સાથે જોડાયેલા. અબ્દુલ કાદરના નાના મૂળે ખૈબર વેલીના કબીલા સાથે જોડાયેલા. અને પરદાદાએ વળી ઈસુની બારમી સદીમાં ઉઝબેકિસ્તાનથી ભાડુતી લડવૈયા તરીકે ભારત આવેલા. અહીં એમણે ભારત પર આક્રમણ કરનાર મોહમ્મદ ઘોરીના લશ્કરમાં નોકરી કરેલી. કહેવાય છે કે આ જ કારણોસર અબ્દુલ કાદર ખાને પાકિસ્તાનની બેલેસ્ટિક મિસાઈલને 'ઘોરી' નામ આપેલું. બોલો, ધાર્મિક કટ્ટરવાદના ચક્કરમાં ક્યાંનો છેડો ક્યાં અડાડી દીધો! અબ્દુલ કાદરનો પરિવાર પણ સાવ અભણ કે ગરીબ નહોતો. અહીં પણ શિક્ષણ અને સરકારી નોકરી મોજૂદ હતા. અબ્દુલના પિતા શિક્ષક હતા. પરિવાર પાકિસ્તાન જઈને વસ્યો એ પછી ખાને પોતે વિદેશ જઈને ન્યુક્લિયર ફિઝિસીસ્ટ તરીકે ભણતર મેળવ્યું.

૧૯૭૪માં ભારતે 'બુદ્ધા ઈઝ સ્માઈલિંગ' કોડનેમ સાથે પહેલી વખત પરમાણુ પરીક્ષણ કર્યું ત્યારે વિદેશમાં બેઠેલા અબ્દુલ કાદરનું મગજ ફરી ગયું. પાકિસ્તાન કરતાં ભારત આગળ નીકળી જાય એ કેમ ચાલે? એણે તરત પાકિસ્તાનની તત્કાલીન સરકારને પત્ર લખ્યો અને પાકિસ્તાનમાં પણ પરમાણુ કાર્યક્રમ શરૂ કરવામાં આવે તો પોતે સહયોગ આપવાની તત્પરતા દેખાડી. એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી....

જો કે પાકિસ્તાને ન્યુક્લિયર ટેકનોલોજી બીજા દેશો પાસેથી માંગી-ભીખી-ચોરીને મેળવી હોવાનું કહેવાય છે.

વળી આ અબ્દુલ કાદર ખાને ન્યુક્લિયર ટેકનોલોજીઝના 'ખરીદ-વેચાણ' (એટલે કે ચોરી) બાબતે અનેક વાર વિવાદો ઉભા કર્યા છે.

સવાલ એ છે કે જે દેશે આજ સુધી 'મુહાજીર' શબ્દ વાપરવાનો બંધ નથી કર્યો એ દેશને વહાલા થવા કે પછી અંગત સ્વાર્થ ખાતર થઈને ય આ લોકો પોતાના મૂળ વતન તરફ આટલા કટ્ટર કઈ રીતે થઇ શકતા હશે? બની શકે કે પાકિસ્તાનના પાણીનો આ પ્રતાપ હોય.


આ બધા વચ્ચે સૌથી તાજો દાખલો પાકિસ્તાનના હાલના સેનાપતિ અસીમ મુનિરનો છે, જેના બાપ-દાદા પંજાબના જલંધરમાં રહેતા હતા.

**નોંધઃ પાકિસ્તાનના હાલના આ સેનાપતિ અસીમ મુનિર વિશે વાંચો વિશેષ લેખ આવતી કાલે 'ઉત્સવ' પૂર્તિમાં !**

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્થાપત્યમાં એક મૂંઝવણ ભરેલી સ્થિતિ









**સ્થાપત્યની** રચનાને નિર્ધારિત કરતાં પરિબળોમાં ઉપયોગીતા, બાંધકામની પ્રાપ્ય સામગ્રી તથા તેની લગતી તકનિક, લાગુ પડતા કાયદા, સ્થાનિક આબોહવા, આજુબાજુની સાંદર્ભિક પરિસ્થિતિ, લોકોની કાર્યશૈલી તથા તેમની વચ્ચેનો સામાજિક વ્યવહાર, વિશ્વમાં પ્રવર્તમાન સ્થાપત્ય શૈલી, પ્રાપ્ય સંસાધનો તથા સ્થપતિ તેમજ ગ્રાહકની વિચારસરણી અગત્યનાં છે. આ બધાને હંમેશાં એક સમાન ન્યાય ન મળી શકે. એક બાબતને જ્યારે વધારે મહત્ત્વ આપવામાં આવે ત્યારે બીજી કોઈક બાબતની અવગણના થવાની સંભાવના રહે. આ પ્રકારની અવગણના પર જો વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો સ્થાપત્યની રચના માટેના નિર્ણયો માટે મૂંઝવણ ભરેલી સ્થિતિ ઊભી થાય.

જો કિંમતને પ્રાધાન્ય આપવામાં આવે તો જરૂરી દ્રશ્ય અનુભૂતિ સાથે બાંધછોડ પણ કરવી પડે. જો બાંધકામમાં ઝડપનો આગ્રહ રાખવામાં આવે તો અમુક પ્રકારનું વિગતીકરણ શક્ય ન પણ બને. જો સ્થપતિ પોતાની વિચારસરણીને વધુ મહત્ત્વ આપતો થાય તો ક્યાંક ગ્રાહકના સપનાને હાનિ પહોંચી શકે. જો વ્યક્તિગત બાબતો હાવી થતી જાય તો ઇચ્છનીય સામાજિક સમીકરણ માટે પ્રશ્નો ઊભા થઈ શકે. વિવિધ પરિબળો વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ છે. શક્ય તેટલો પ્રયત્ન થઈ શકે પરંતુ બધાને ન્યાય મળે તે અશક્ય જણાય છે.

જો આધુનિકતાને અનુસરીને ચારે બાજુ કાચ જડી દેવામાં આવે તો મકાનની અંદર ગરમીની માત્રા વધી જાય અને મકાનનું આંતરિક તાપમાન અનુકૂળ સ્તરે રાખવા માટે વધુ ઊર્જાની ખપત થાય. જો આંતરરાષ્ટ્રીય શૈલીને અનુસરવામાં આવે તો સ્થાનિક પરંપરાને ક્યાંક અન્યાય થઈ જાય. જો પેરામેટ્રીક સ્થાપત્યમાં થતું હોય છે તેમ સ્થાપત્યની રચનાના નિર્ધારણમાં કોમ્પ્યુટરના ઉપયોગને કેન્દ્રમાં રાખવામાં આવે તો 'માનવીય' સંભાવનાઓ અનિચ્છનીય માત્રામાં ઓછી થઈ જાય. જો બાંધકામની આધુનિક યાંત્રિક તક્નિકનો વધુ ઉપયોગ થાય તો ક્યાંક રોજગાર ઓછો થવાનો ભય ઊભો થાય. આર્થિક સમીકરણ મુજબ જો બાંધકામનું ક્ષેત્રફળ ન્યૂનતમ રાખવામાં આવે તો માનસિક વિકાસ માટે જરૂરી મુક્તતા ન મળે. આ પ્રમાણે લગભગ દરેક કિસ્સામાં એક હાથે કંઈક મળતું હોય તો બીજો હાથ કંઈક ગુમાવતો હોય તેમ લાગે છે. પામવા-ગુમાવવાની પ્રક્રિયા જો એટલી સરળ ન હોય તો મૂંઝવણ ઊભી થાય.

સ્થાપત્યની રચનાને અસર કરતાં પરિબળો ઘણાં છે. બધાને એક સમાન ન્યાય આપી શકાય તેવી સંભાવના નથી હોતી. અહીં પૂર્વ નિર્ધારિત અગ્રતાક્રમ પ્રમાણે નિર્ણયો લેવા પડે છે. જે બાબત અગ્રતાક્રમમાં પાછળના ક્રમે આવે એ બાબત માટે થોડી બાંધછોડ તો લેવાતી જ હોય છે. એવા સંજોગોમાં જ્યારે અગ્રતાક્રમને જુદા જ દ્રષ્ટિકોણથી જોવામાં આવે અથવા તો સમય જતાં અગ્રતાક્રમ જ બદલાઈ ગયો હોય તો આ પ્રકારની સમજૂતી નડે. આ પરિસ્થિતિમાં કઈ બાબત માટે કેવા પ્રકારની સમજૂતી કરાઈ છે તે સ્પષ્ટ દેખાઈ આવે. એક રીતે જોતાં સ્થાપત્યની રચના પસંદગીની પ્રક્રિયા છે. જ્યારે એક બાબત પસંદ કરવામાં આવે ત્યારે બીજી છોડવી પડે. જો પસંદગી માટે સ્પષ્ટ ધોરણે ન હોય તો હંમેશાં મૂંઝવણ ઊભી થાય.

મકાનમાં ગરમીનો પ્રવેશ અટકે તે માટે જુઓ બહારની દીવાલોની માત્રા ઓછી કરવામાં આવે તો મકાનમાં પ્રવેશતા કુદરતી પ્રકાશની માત્રા પણ ઓછી થાય. મકાનની રચનામાં આંતર્ભીમુખતાને મહત્ત્વ આપવામાં આવે તો બહારના વિશ્વ સાથેનો તેનો સંબંધ ક્ષીણ થતો જાય. જો મકાનને વધુ ઊંચાઈ આપવામાં આવે તો અમુક હદ પછી તેની કિંમત વધતી જાય, અને જો મકાનનો પ્રસાર વધારવામાં આવે તો જમીનની કિંમતને અનુલક્ષીને ક્યાંક આર્થિક સમીકરણ ખોટવાઈ જાય. મકાનની લાગત કિંમત ઓછી કરવા જઈએ તો ક્યાંક તેના રખરખાવની કિંમત વધી જાય. મકાનનું આંતરિક તાપમાન અનુકૂળ સ્તરે રહે તે માટે જો દીવાલો જાડી કરવામાં આવે તો ઉપયોગમાં આવનાર ક્ષેત્રફળ ઓછું થઈ જાય. એકંદરે એમ કહી શકાય કે સ્થાપત્યની રચનામાં એક લાભ લેવો હોય તો અન્ય કોઈ સ્થળે બાંધછોડ કરવી જ પડે. આ બાંધછોડ જો યથાર્થ તેમજ યોગ્ય માત્રા મુજબની ન હોય તો મન ઉચાટ અનુભવે.

સ્થાપત્યમાં ટૅકનોલૉજી પણ મહત્ત્વની છે અને કળા પણ. અહીં વ્યક્તિ પણ અગત્યનો છે અને વ્યક્તિ-સમૂહ પણ. અહીં ભૂતકાળનું પ્રતિબિંબ પણ જરૂરી છે, વર્તમાનની વાસ્તવિકતા પણ અગત્યની છે અને ભવિષ્યના સપના પણ સાકાર કરવાના છે. અહીં વિશ્વ સાથે તાલમેલ પણ મેળવવાનો છે અને પોતાની ઓળખ પણ જાળવી રાખવાની છે. અહીં સાધનમાં કળાત્મકતા ઉમેરવાની છે અને કળાને ઉપયોગી બનાવવાની છે. અહીં વિરોધી કહી શકાય તેવી બાબતો વચ્ચે સંતુલન જાળવવાનું હોય છે. સ્થાપત્યની રચના નિર્ધારણ કરવાની પ્રક્રિયા પણ જટિલ છે. અહીંયા માહિતીનું પણ મહત્ત્વ છે અને સંવેદનશીલતાનું પણ. અહીં તર્કબદ્ધતા પણ જરૂરી છે અને રચનાત્મકતા પણ. રચનાના નિર્ધારણમાં ચોક્કસ ક્રમનું અનુસરણ કરવામાં આવે તે પણ ઇચ્છનીય છે અને ક્યારેક અપવાદ ઊભો કરવાથી પણ સારાં પરિણામ આવી શકે. સ્થાપત્યમાં આમ જ થઈ શકે તેવું ક્યારેય ન થઈ કહી શકાય, આમ જ હોવું જોઈએ તેવું ક્યારેય સ્થાપિત ન થઈ શકે, આ જ ઇચ્છનીય છે તેઓ દાવો ક્યારેય ન કરી શકાય. સ્થાપત્યનું આ સત્ય ઘણા માટે મૂંઝવણ ઊભી કરી શકે.

આમ પણ વાસ્તવિક જિંદગીમાં માત્ર લાભ જ હોય તેવી સંભાવના નહિવત હોય છે. એવો એક પણ વ્યવસાય નથી કે જેમાં સદાય માત્ર નફો મળતો હોય. પસંદગી તો કરવી જ પડે અને પસંદગી જ્યારે એક બાબત પર અટકે ત્યારે અન્ય બાબત વિશે મૂંઝવણ ઊભી થાય પણ ખરી. જ્યારે પસંદગીનાં ધોરણો તર્કબદ્ધ, લગભગ સર્વ સ્વીકૃત કહી શકાય તેવા, રચનાત્મક, સુ-સંવેદનશીલતા અનુસાર, કાર્યક્ષમતા યોગ્ય સ્તરે જળવાઈ રહે તે મુજબના અને માનવીય ભાવનાઓને અનુલક્ષીને લેવાયા હોય તો પ્રશ્નો ઓછા ઊભા થાય. આ શક્ય છે. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# કોઈ લોન આપો રે... લોન, આ ભાણિયાઓને સાચવવા!



વહેલી સવારે કશું જ કામ ન્હોતું એટલે મન થયું કે ચાલો ચુનિયાના ઘરે આંટો મારું....

શેરીના નાકાથી જ શોરબકોર અને ધબધબાટીના અવાજો આવવા લાગ્યા. મને બે ઘડી તો એવું થયું કે સાહેબે યુદ્ધ વિરામનું કહ્યું છે છતાં આ સોસાયટીમાં એકાદ ડ્રોન કે મિસાઈલ એટેક તો નથી થયો ને?

અડધી સોસાયટી ચુનિયાના ઘરની આજુબાજુ ગોઠવાઈ ગઈ હતી. સોસાયટીના બૈરાઓ એક હાથ કેડે દઈ અને બીજો હાથ લાંબો કરી ડિક્શનરી બહારના શબ્દોમાં કશું કહી રહ્યા હતાં.

અંદરથી છોકરાઓના હસવાના- રડવાના અને બીજા તરેહ તરેહના અવાજો આવી રહ્યા હતા. ચુનિયો પણ લમણે હાથ દઈ અને બહારના પગથિયે બેઠો હતો. મેં પરિસ્થિતિ સંભાળવા માટે બહેનોને શાંત પાડ્યા અને 'એક પછી એક રજૂઆત કરો' તેવું કહેતા ફરી બધા એક સાથે શરૂ થયા. મને એમ થયું કે આ બધી બહેનોના નામની ચિઠ્ઠી બનાવી અને ડ્રો કરું. જેનું પહેલું નામ આવે તે ફરિયાદ કરે, પરંતુ મિક્સ અવાજમાંથી મેં જે તારણ કાઢ્યું તે પ્રમાણે ચુનિયાના ઘરે રહેલા છોકરાઓએ સોસાયટી માથે લીધી છે. મેં ચુનિયાને ઊંચા અવાજે વઢીને કહ્યું કે 'સોસાયટી એરિયામાં કોઈ કમર્શિયલ એક્ટિવિટી કરવાની મનાઈ છે તો તેં પ્લે હાઉસ શું કામ ચાલુ કર્યું?'

મને આ વેકેશનના મહિનામાં ચુનિયાને ઘરે બાળમંદિર ખૂલ્યું હોય તેવું લાગ્યું. રડમસ અવાજે મને કહે 'વેકેશન છે એટલે માસી, મામાના દીકરાના દીકરા- દીકરીઓ વેકેશન કરવા આવ્યા છે. નાનાં-મોટાં ૧૨ છોકરા છે. સવારના નાસ્તાથી લઈ અને રાત્રે પથારીમાં સુવા સુધી એકબીજા સાથે બથોડા લે છે અને ધબધબાટી બોલાવે છે. સોસાયટી જ નહીં, હું પણ થાકી ગયો છું.'

મેં તરત જ સોસાયટીના બૈરાઓને સમજાવ્યા :

'દેકારા ભેગો દેકારો ...તમારા છોકરાઓને પણ અહીં મૂકી જાવ.!'

અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો. ધોમધખતા તડકામાંથી વાદળા ઊમટી આવે અને વરસાદી માહોલમાં શીતળતા વ્યાપી જાય તેવો સોસાયટીનો માહોલ થઈ ગયો.

એક જ ક્ષણમાં વિલન લાગતો ચુનીલાલ બધાને હીરો લાગવા લાગ્યો, કારણ કે ઘરે આવેલા ભાણેજ - ભત્રીજાઓ એક સાથે સાચવવા એટલે જીવતા દેડકા જોખવા જેવું છે.

રાજીના રેડ થતા સોસાયટીના લોકોને પોતાના ઘરે ઉતાવળા પગે છોકરાઓ લેવા જતા જોઈને ચુનિયાએ મોટા અવાજે રાડ પાડતા જણાવ્યું કે 'છોકરાઓને મોકલો તેનો વાંધો નથી, પરંતુ નાસ્તાના ડબ્બા સાથે મોકલજો...!' મને પહેલી વાર એવું થયું કે મુશ્કેલીના સમયમાં પણ મગજ શાંત રાખીને યોગ્ય, કુટુંબ હિતમાં વિચાર આવવો એ બહુ મોટી વાત છે.

તરત જ ચુનિયાએ જેના જેના છોકરાં આવ્યા એનાં મમ્મી -પપ્પાનું એક whatsapp ગ્રુપ બનાવ્યું. જો છોકરાઓ વધારે તોફાન કરશે કે નુકસાન કરવાની કોશિશ કરશે કે અન્ય કોઈ તકલીફ ઊભી કરશે તા whatsapp માં ગ્રૂપમાં મૂકવામાં આવશે તેવી સૂચના પણ એણે ગ્રૂપમાં મૂકી દીધી.

અમુક તોફાની છોકરાઓને અઘરા કામ સોંપી દેવાય. એ મુજબ ચુનિયાએ બાજુની શેરીમાં આફ્રિકાથી આવેલા એક નીગ્રોને બોલાવી ફળિયામાં વચ્ચોવચ બેસાડી દીધો.અને તમામ તોફાની છોકરાઓને સૂચના આપી કે આ અંકલના વાળ જે સીધા કરી દેશે એને રાત્રે પીઝા ખવડાવવામાં આવશે....!

એ પછી તો વાળ સીધા કરવાનો આ કાર્યક્રમ રાત સુધી ચાલ્યો. તાજેતરમાં જ સમાચાર મળ્યા કે એક પણ પીઝાનો ખર્ચ થયો નથી. અને તમામ બાળકો થાકી-પાકીને રાતના ૧૦ વાગ્યામાં જ પથારીમાં પોઢી ગયા છે.

સોસાયટીના બાળકો ઘરેથી જે નાસ્તાના ડબ્બા લાવ્યા હતા તે ચુનિયાના ઘરનાઓએ સાથે મળી અને સફાચટ કર્યા.

બીજા દિવસે સવારે સોસાયટીના સભ્યોએ પોતાના અને ઘરે વેકેશન કરવા આવેલા બાળકોને ચુનિયાના ઘરે મોકલવા માટે પ્રોત્સાહિત કર્યા તો તમામ બાળકોએ કહ્યું કે 'અમે તમે કહેશો તેમ કરીશું. તોફાન નહીં કરીએ, પરંતુ ચુની અંકલને ત્યાં ન મોકલો.'

ઘરે ઘરે આ પરિસ્થિતિ છે. વેકેશનનો મહિનો એટલે 'મામા મહિનો' એકનો એક હોય અને ચાર બહેન હોય તે મામાએ તો ખાસ ભાણિયાઓનું બજેટ કાઢવું પડે. ખરેખર તો જેમ કુકિંગ ક્લાસ હોય, ટીચિંગ ક્લાસ હોય તેમ વેકેશનમાં મામાઓએ ભાણિયાથી બચવા માટે શું કરવું જોઈએ? તેના પણ ક્લાસીસ ખોલવામાં આવે તો ધમધોકાર ચાલે.

જોકે અમુક મામા તો પૈસા દઈ અને છૂટી જાય મામીઓની હાલત દયનીય થઈ જાય છે. દિવસે ભાણિયાઓ મામીને હેરાન કરે અને તેનો ભોગ રાત્રે મામાઓ બને છે. ભાણિયાઓને કાંઈ કહી ન શકાય એટલે ગુસ્સો ધણી ઉપર રાત્રે નાયગ્રાના ધોધ ની જેમ વરસે.

કંજૂસ મામો જો ભાણિયા પાછળ ખર્ચ ન કરતો હોય તો ઘરે મામાને મળવા કોઈ મહેમાન આવે ત્યારે જ ભાણિયાઓ લાડકા થઈ અને મામાને ફરમાઈશ મૂકે, 'મામા ૫૦૦ રૂપિયા આપો પીઝા મગાવવા છે' ગુસ્સાના ભાવ છુપાવી હસતા મોઢે મામા ખિસ્સું ખાલી કરે.

ખરેખર તો આ મોંઘવારીના જમાનામાં બેંકો જુદી જુદી લોન આપે છે તેમાં 'મામા મહિના લોન'નો ઉમેરો કરવો જોઈએ. ■

**વિચારવાયુઃ**

હુંઃ ચુનિલાલ, ૧૦૦ બ્રાહ્મણ બરાબર એક ભાણેજ... પ્રેમથી જમાડજે

ચુનિલાલઃ ૧૦૦ બ્રાહ્મણનું લિસ્ટ આપી દો. એ બધા તોફાન કર્યા વગર જમી તો લેશે.

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# બ્રિટિશ રાજવી 'લફરાં સદન' નો આ સંસારી સાધુ હેરી

# આજકાલ કેમ ફરી સમાચારોમાં ગાજી રહ્યો છે?



હેરી પત્ની મેગન – સંતાનો સાથે...

**બ્રિટિશ રાજવી તરીકેના માનદ્ ખિતાબો અઢળક, આર્થિક વારસો તથા માતૃભૂમિ સુધ્ધાં ત્યાગીને અમેરિકામાં હંમેશને માટે વસી જનારા પ્રિન્સ હેરીએ હમણાં દેશ આખાને માથે લીધો છે...**




હેરીની મુલાકાત બધે બહુ ગાજી...

જ્યોતિષની દૃષ્ટિથી એની ભાષામાં કહીએ તો બ્રિટનનાં મહારાણી એલિઝાબેથ- ટુના પરિવાર પર ગ્રહ શનિ મહારાજ સતત કોપાયમાન લાગે છે. ૯૬ વર્ષની પાકટ વયે મહારાણી તો ૩ વર્ષ પહેલાં સ્વર્ગે સિધાવી ગયાં, પણ બહોળો રાજવી પરિવાર હોવા છતાં વડીલો કહે છે તેમ લીલી વાડી જોઈને શાંતિથી એમણે વિદાય નહોતી લીધી.

ઘરકંકાસની અમુક ઘટના વચ્ચે એ વખતના તત્કાલિન બ્રિટિશ વડાપ્રધાન બોરિશની ઘેર થતી દારુ પાર્ટીઓના વિવાદમાં રાજવી પરિવાર પણ આડકતરી રીતે સંડોવાઈ ગયો એમાં બોરિશને વડા પ્રધાન પદેથી વિદાય કર્યા પછી મહારાણીના ચાર સંતાનમાંથી એક પુત્ર પ્રિન્સ એન્ડ્રયુ પર જાતીય શોષણના ગંભીર આરોપ લાગતાં એણે પોતાની સૈન્ય પદવી તથા શાહી ખિતાબ પરત કરવા પડ્યા હતા.

આમેય આ શાહી પરિવાર છેલ્લાં કેટલાંક વર્ષોથી નાની-મોટી આફતોમાં અટવાયા કરે છે. અગાઉ રાજવી ઘરાનાની બે પૂત્રવધૂ ડાયના અને સારાહ એમનાં લગ્નેત્તર સંબંધો અને પછી છૂટાછેડાને લીધે વગોવાઈ હતી. એ વખતે લંડનનું રાજવી નિવાસસ્થાન બકિંગહામ પેલેસ 'લફરાં સદન' તરીકે ખાસ્સું બદનામ થયું હતું. એમાંય સૌથી ફૂટડી પૂત્રવધૂ ડાયનાનું એના પ્રેમી સાથે પેરિસના એક કાર અકસ્માતમાં કમોત થયું એ રાજવી પરિવાર માટે જબરો આઘાત હતો. આવી ઉપાધિઓ વચ્ચે ડાયનાના બન્ને પુત્ર : વિલિયમ અને હેરીએ નાનપણમાં મમ્મી ડાયનાને અકસ્માતમાં ગુમાવી. એ વખતે વિલિયમ ૧૫ અને હેરી માત્ર ૧૨ વર્ષના હતા. મા ગુમાવ્યાના રંજ ઉપરાંત પિતા ચાર્લ્સના પ્રેમિકા કેમિલા સાથેનાં લગ્નેત્તર લફરાં અને પાછળથી લગ્ન ઉપરાંત રાજવી પરિવાર તરફથી થયેલી મમ્મી ડાયનાની ઉપેક્ષા- અન્યાય વગેરેને લઈને બન્ને ભાઈ ક્યારેય રાજવી પરિવાર સાથે ભળી નહોતા શક્યાં.

હા, પાછળથી હેરીનો મોટોભાઈ વિલિયમ પણ કેટલાંક છાનગપતિયાં કરીનેય પત્ની કેટ સાથે રોયલ ફેમિલીમાં જેમ તેમ ગોઠવાઈ ગયો ખરો, પરંતુ આવાં લફરા સદનમાં એનો નાનો ભાઈ હેરી એક જ માત્ર 'સંસારી સાધુ' જેવો હતો.

હેરીએ જાણીતી અમેરિકન ટીવી એક્ટ્રેસ મેગન માર્કલ સાથે લવમેરેજ કર્યા પછી એ યુગલ રાજવી પરિવારની ઘણી બધી રીતિ-નીતિથી અકળાતું હતું. રાજઘરાનામાં ચાલતા ઘમંડ -દંભ-પાખંડ અને પ્રણાલીના નામે ખેલાતા કપટના ખેલ પરાકાષ્ઠાએ પહોંચતાં હેરી ત્રાસી ગયો. રાજપરિવારની આંતરિક રાજ રમત એના મિજાજને માફક નહોતી આવતી. એ સંજોગોમાં પાંચ વર્ષ પહેલાં હેરી પત્ની મેગન સાથે રાજપરિવાર તથા જન્મભૂમિ સુધ્ધાં ત્યાગી ગયો. પાંચ વર્ષ પહેલાં શરૂઆતમાં કેનેડા અને પછી કેલિફોર્નિયા જઈ એક સામાન્ય નાગરિક તરીકે બન્ને વસી ગયાં છે. રાજવી પરિવાર સાવ ત્યાગીને એક સામાન્ય બ્રિટિશ દંપતી તરીકે અમેરિકામાં સ્થાયી થઈ જીવન પસાર કરવાનો હેરીના એ ક્રાન્તિકારી નિર્ણયે એ વખતે દુનિયા આખીને ચોંકાવી દીધી હતી એ વખતે દાદીમા એવાં રાજમાતાએ એના પૌત્ર અને પૌત્રવધૂને સમજાવવાનો ઘણો પ્રયાસ કર્યો હતો, પણ સિદ્ધાંતવાદી પૌત્ર હેરી ન માન્યો અને એ નિર્ણય સાથે રાજવી તરીકેના બધા જ ખિતાબ-એને મળતી લાખો પાઉન્ડની રોકડ તથા બીજી સવલતોનો સ્વેચ્છાથી ત્યાગ કર્યો. હા મમ્મી ડાયનાના વારસાદાર તરીકે મળેલી કરોડો પાઉન્ડની જાયદાદ પણ એ પતિ-પત્ની આજે સમાજનાં સેવાભાવી કાર્યોમાં જ વાપરે છે.

સિદ્ધાંતનો હેરી કેવો પાકો છે એનો આ એક કિસ્સો જાણવા જેવો છે. પત્ની મેગન અને પોતાનાં બન્ને નાનાં સંતાન સાથે હેરી થોડા દિવસ માટે પોતાના વતન બ્રિટન આવવા ઈચ્છતો હતો, પરંતુ પૂરતી સુરક્ષા વગર એ શક્ય નહોતું એટલે હેરીએ નક્કી કર્યું કે અમેરિકામાં એની પોતાની અંગત સુરક્ષા ટીમ છે એને સાથે લાવવી.

આમ છતાં જડબેસલાક સિક્યોરિટી માટે સ્થાનિક બ્રિટિશ સુરક્ષા ટીમની પણ જરૂર પડે તો 'બ્રિટનમાં અમારી સુરક્ષાનો જે પણ ખર્ચ થશે એ હું જ ભોગવીશ!' એવી વાત કરી તો બ્રિટિશ સરકારે એ વાત ન સ્વીકારી અને કહ્યું કે 'ગમે તેમ તો તમે અમારા પ્રિન્સ છો માટે તમારી સુરક્ષા એ અમારી જ જવાબદારી છે.'



પુત્ર હેરી



પપ્પા કિંગ ચર્લ્સ

આ મુદ્દે, હેરીએ લંડન કોર્ટના દરવાજાં ખટખડાવ્યાં ને અરજી કરી કે 'અમારી સુરક્ષા પાછળ જે જંગી ખર્ચ થશે એ બ્રિટિશ પ્રજાએ આપેલા ટેક્સની રકમમાંથી સરકાર કરશે, જે મને મંજૂર નથી. હવે હું પણ બીજા સામાન્ય નાગરિક જેવો જ છું તો પછી આ ખાસ વ્યવસ્થાનો ખર્ચ અહીંની સરકારે મારા માટે શું કામ ભોગવવો જોઈએ?!'

હવે ચાર-પાંચ વર્ષ પહેલાંના આ સિનારિયામાં અચાનક યુ ટર્ન આવ્યો છે અને ગયા અઠવાડિયે રાજવી પરિવારનો નાનો કુંવર હેરી ફરી એક વાર જગતભરનાં ટીવી-છાપાં અને સોશિયલ મીડિયામાં ગાજવા લાગ્યો છે.

વાત ફરી એક વાર હેરી અને એની પરિવારની સુરક્ષાની છે. પોતે પરિવાર સહિત માતૃભૂમિ આવે ત્યારે એને ૨૦૨૦માં જે ઊચ્ચ સ્તરની બ્રિટિશ સુરક્ષા મળતી હતી એમાં ક્રમશઃ ઘટાડો કરવામાં આવ્યો હતો. આ વિશે હેરીએ લાગતા-વળગતાની જાણ કરી ત્યારે જાણવા મળ્યું કે આ નિર્ણય એના રાજવી પરિવારના કહેવાથી જ લેવામાં આવ્યો હતો !

આ વાતથી નારાજ થઈને હેરીએ બ્રિટિશ કોર્ટમાં એની સુરક્ષાને લઈને અપીલ કરી તો તાજેતરમાં કોર્ટનો ચુકાદો હેરી વિરુદ્ધ આવ્યો છે. કોર્ટે ચુકાદામાં કહ્યું કે કારણ કે હેરી હવે રાજવી પરિવારની બધી પ્રણાલિકા - બધા જ હોદા, બધી જ સુવિધા અને માતૃભૂમિ સુધ્ધાં સ્વેછાથી ત્યાગીને એક સામાન્ય પ્રજાજન તરીકે વિદેશ વસી ગયા છે માટે હેરીને એક રાજવી તરીકે નહીં, પણ એક 'વીઆઈપી' તરીકે મળતી જ સુરક્ષા મળી શકે!'

કોર્ટના આ ચુકાદા પછી આઘાત પામેલા હેરી 'બીબીસી ટીવી ન્યૂઝ સર્વિસ'ને આપેલા એક વિશેષ ઈન્ટરવ્યૂમાં ખેદભર્યા સ્વરોમાં કહે છે : 'ભલે, આજે હું સામાન્ય પ્રજાજન તરીકે આમેરિકામાં રહું છું,પણ જન્મે એક રાજવી પરિવારનો છું. મારી પત્ની-બાળકો અને મારા જીવન પર ખતરો છે માટે પૂરતી સશક્ત સુરક્ષા જરૂરી છે.. એમાંય જયારે અહીં બ્રિટનમાં જ અમારી સુરક્ષા નબળી પડે એ સ્થિતિમાં હવે મને નથી લાગતું કે પત્ની બાળકો સાથે હું ફરી કયારેય મારી જન્મભૂમિ બ્રિટન પરત આવી શકું ....'

એ મુલાકાતમાં હેરી દર્દભર્યા સ્વરે ઉમેરે છે : 'મારા પિતા કિંગ ચાર્લ્સને અમારી ઘટાડેલી સુરક્ષા વિશે બધુ જાણ છે, છતાં એ મૌન જ રહ્યા એનું મને દુઃખ છે. કેસ હારી ગયો એથી પણ પિતાના મૌનથી વધુ દુઃખ છે..એ મારી સાથે વાત પણ નથી કરતા!'

પિતા કિંગ ચાર્લ્સ કેટલાક સમયથી કેન્સરની સારવાર લઈ રહ્યા છે એનો આડકતરો ઉલ્લેખ કરીને હેરી ઉમેરે છે : 'હું મારા રાજવી પરિવાર સાથે સમાધાન કરવા માગું છું...મારે હવે કોઈ સાથે લડવું નથી..જીવન ક્ષણભંગુર છે....મારા પિતા પાસે હવે કેટલો સમય બચ્યો છે..કેટલા દિવસ એ હવે આપણી વચ્ચે રહેશે એ આપણે જાણતા નથી ...!'

જોકે, નીચલી કોર્ટના ચુકાદા પછી હેરીએ મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં એનું દર્દ સ્પષ્ટ છલકે છે. એણે આ જ મુલાકાતમાં એવો ઉલ્લેખ કર્યો છે કે રાજપરિવારે જ એની મમ્મી ડાયનાની સુરક્ષા પર કાપ મૂક્યો એમાં જ ડાયનાનું ક-મોત થયું હતું ...!

હેરીની આ મુલાકાતની ન ધારેલી નકારાત્મક પ્રતિક્રિયાઓ આવી છે. કિંગ ચાર્લ્સ કેન્સરથી પીડાય છે એ વાત હેરીએ એની મુલાકાતમાં મોભમ કહી હતી ('ખબર નથી કે મારા પિતા પાસે હવે કેટલો સમય બચ્યો છે..કેટલા દિવસ એ હવે આપણી વચ્ચે રહેશે).

એ વાતની ત્યાંનાં અખબારો ટીવી ચેનલો અને સોશિયલ મીડિયા પર અત્યારે સતત ચર્ચા ચાલી રહી છે. આમેય મોટાભાગની બ્રિટિશ પ્રજા રાજપરિવારની આંધળી 'ભકત' છે. આથી એ હેરીથી બહુ નારાજ છે. હાલમાં થયેલા એક પોલ મતદાનમાં મોટાભાગના બ્રિટિશરોએ તો કહ્યું છે કે 'હેરીએ તો હવે હદ કરી છે.....હેરીનો HRH (His Royal Highness- 'ડ્યુક ઓફ સસેક્સ') ખિતાબ પણ ખૂંચવી લેવો જોઈએ!' ■

---

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com



# હું તો 'આસનસોલ' જઈશ જ!

મેં મારી પત્નીને કહ્યું, 'હું આસનસોલ જઈશ!

'કેમ?,' પત્નીએ પૂછ્યું.

'કેમ એટલે? શું હું આસનસોલ નહીં જઈ શકું? શું મારે આસનસોલ ન જવું જોઈએ? શું લોકો આસનસોલ નથી જતા? મારા પર કોઈ પ્રતિબંધ છે કે મારે આસનસોલ નહીં જવું જોઈએ? માત્ર એટલા માટે હું આસનસોલ નહીં જઈ શકું કારણ કે મેં લગ્ન કરી લીધા છે અને હું નસીબનો માર્યો પરિવાર લઈને બેઠો છું? જ્યારે પણ હું આસનસોલ જવાની વાત કહીશ ત્યારે તું મોં ખોલીને પૂછશે, 'કેમ'?'

'હદ છે! મેં તો બસ એટલું પૂછ્યું કે આસનસોલ કેમ જઈ રહ્યા છો?'- પત્નીએ કહ્યું. 'બોલો! આનો એ જ અર્થ થયો ને કે કેમ એટલે કેમ જઈ રહ્યા છો? જો કોઈ માણસ આસનસોલ જઈ રહ્યો છે તો જરૂરી નથી કે એ એની પત્નીને જણાવે કે એ કેમ જઈ રહ્યો છે? એકદમ વિચિત્ર પરિસ્થિતિ છે! એક માણસ સ્ત્રીને પૂછ્યા વગર આસનસોલ ન જઈ શકે?'

'હું તમારી પત્ની છું અને મારો આટલો હક તો છે!'

'બહુ ચિંતા થઈ રહી છે તને તારા હકોની? શાસ્ત્રોમાં અથવા તો કાયદાના પુસ્તકમાં ક્યાં લખ્યું છે કે પતિ આસનસોલ જાય તો પત્ની એને પૂછી શકે છે કે એ કેમ જઈ રહ્યા છો? એવું ક્યાં લખ્યું છે? તું સારી રીતે સમજી લે કે ભારતીય પતિઓને પણ હરવા-ફરવાની આઝાદી છે! અમે પરણેલા હોવા છતાં અમે હલનચલન કરી શકીએ છે! અમે ખૂંટાથી બંધાયા નથી. અને માનો બંધાયા પણ છીએ તો પણ અમારા ખૂંટાનું દોરડું આસનસોલ સુધી જઈ શકે છે.'

'પરંતુ આસનસોલમાં કોઈ કામ હશે તો જ તમે જઈ રહ્યા છો ને? હું તો ફક્ત એટલું પૂછું છું કે...'

'ફરી એ જ વાત! કેમ જઈ રહ્યા છો? કહું, કેમ જઈ રહ્યો છું? મારા પિતાજીએ મરતી વખતે કહ્યું હતું કે જો કોઈ 'મર્દ કા બચ્ચા હૈ' તો એક વખત પત્નીને પૂછ્યા વગર આસનસોલ જરૂર જઈ આવે. હું તો તારી માના કારણે જઈ નહીં શક્યો. તારે જાણવું છે કે હું કેમ જઈ રહ્યો છું? ત્યાં ખજાનો દાટ્યો છે, એને ખોદવા જઈ રહ્યો છું. તારી સોતન રહે છે ત્યાં, એને પ્રેમ કરવા જઈ રહ્યો છું. એક માણસ આસનસોલ જવા ઈચ્છે છે, એટલે જઈ રહ્યો છે. અમેરિકન ટૂરિસ્ટો આગ્રા આવે છે. એને કંઈ શાહજહાં સપનામાં આવીને કહે છે કે તાજમહાલ આવીને જુઓ? એ પોતે જ નક્કી કરે છે. જેવી રીતે મેં નક્કી કર્યું છે કે હું...'

'અમેરિકન ટૂરિસ્ટો પત્નીઓને સાથે લઈને આવે છે!-' પત્ની બોલી.

'સાવ ખોટી વાત! કોઈ જરૂરી નથી કે તાજમહાલ જોવા જાવ તો પત્નીઓને સાથે લઈને જાવ! આમાં શું લઈ જવાનું ભાઈ? મેં એવા બીજા ભારતીય પતિઓને પણ જોયા છે કે જ્યારે આગ્રા જાય ત્યારે સાથે એમની પત્નીઓને પરાણે લઈ જાય છે. ખરેખર તો દરેક ભારતીય પતિએ એના જીવનમાં બે વખત આગ્રા જવું જોઈએ. એક લગ્ન કર્યા પછી તરત તાજમહાલ જોવા અને બીજી વખત ત્યારે જ્યારે એ ત્રણ છોકરાઓના પપ્પા બની જાય ત્યારે આગ્રાના પાગલખાનામાં ભરતી થવા! હું આગ્રા નથી જઈ રહ્યો, કારણ કે મારી હજી આગ્રા જવાની પરિસ્થિતિ નથી આવી. હું તો આસનસોલ જઈ રહ્યો છું.'

'પરંતુ આસનસોલ જ કેમ?'

'આસનસોલ કેમ નહીં? એ પણ એક જગ્યા છે, ભારતના નકશામાં છે, ત્યાં પણ લોકો રહે છે. લોકો આસનસોલ જાય છે. એ વાત છે કે આસનસોલ કલકત્તા કે મુંબઈ જેવું નથી, પણ આસનસોલ એ આસનસોલ છે! ઠાઠથી આસનસોલ છે. તમે ત્યાં જાવ કે ના જાવ, એનાથી એના આસનસોલ હોવામાં કોઈ ખોટ નહીં આવે.'

'આસનસોલથી વધુ સારી બીજી જગ્યાઓ છે.' પત્નીએ કહ્યું.

'હશે! તારાથી વધારે ઘણી સુંદર સ્ત્રીઓ છે, પણ હું એ બધાનો પતિ બનવા નથી જઈ રહ્યો. તું જેવી છે, એવી છે અને તારી એક ઓળખ છે. જેવી રીતે આસનસોલની એક ઓળખ છે. આ બાબતમાં સરખામણી થઈ જ ના શકે. ન્યૂર્યોક સાથે આગ્રાની શું તુલના? ભટિંડાની રેવાડી જંક્શન સાથે શું તુલના? શાહજહાંએ ક્યારેય નહીં વિચાર્યું હોય કે એ તાજમહલને આગ્રા સિવાય ન્યૂર્યોકમાં બનાવે, જેનાથી અમેરિકાના ટૂરિસ્ટોને તકલીફ ન થાય. એ ઈચ્છતે તો બનાવી શક્યો હોત. જ્યાં આટલો ખર્ચ કર્યો ત્યાં થોડો વધારે કરતે. પણ નહીં, એણે આગ્રામાં જ બનાવ્યો, અને આજે કોઈ એ વાતની ફરિયાદ નથી કરતો કે એણે આગ્રામાં તાજમહાલ કેમ બનાવ્યો? અમેરિકન ટૂરિસ્ટોએ જ્યારે આવવું હોય ત્યારે આવે. એ લોકોની ઈચ્છા હોય તો આસનસોલ પણ જઈ શકે છે. કારણ કે કંઈ પણ કહો, આસનસોલ આખરે આસનસોલ છે.'

'ક્યાં છે આ આસનસોલ?'- પત્નીએ પૂછ્યું.

'હું શું કહું? મને પોતાને બરાબર ખબર નથી કે આસનસોલ ક્યાં છે? પણ હવે લડાઈ શરૂ થઈ જ ગઈ હતી અને હું ઝૂકી શકતો નહોતો!'

મેં કહ્યું- 'ઉફ...લોકોને એ પણ ખબર નથી કે આસનસોલ ક્યાં છે? આ દેશ ક્યારે પણ પ્રગતિ નહીં કરી શકે. આ સરકાર ચાલી શકે તેમ નથી. કાલથી પૂછજે, રેવાડી જંક્શન ક્યાં છે, ભટિંડા ક્યાં છે?'

એક લાંબા મૌન પછી, પાછું એણે ધીમેથી પૂછ્યું, 'ક્યારે જઈ રહ્યા છો આસનસોલ?'

'ક્યારે પણ જાઉં? આજે જાઉં, કાલે જાઉં, દસ વર્ષ પછી જાઉં. સવાલ એ છે કે હું આસનસોલ જવા ઈચ્છું છું. અને મને આસનસોલ જવાની સ્વતંત્રતા છે અને હું જઈ શકું છું. માણસ ચાંદ પર જઈ રહ્યો છે અને હું આસનસોલ નહીં જઈ શકું?'

પત્ની ચૂપ રહી. એના મોઢામાંથી એટલું જ નીકળ્યું કે 'હાં, તમે આસનસોલ જઈ શકો છો.'

એ એવી લાખો પત્નીઓમાંથી છે, જેના કારણે આજે ભારતીય પતિ આસનસોલ નથી જઈ શકતો. આજે ઘર ઘરમાં સંઘર્ષ ચાલી રહ્યો છે. આત્માઓ, આસનસોલ જવા માટે વ્યાકુળ છે. કઠિન સંઘર્ષ છે મારા વ્હાલા પતિ મિત્રો, પણ વિશ્વાસ રાખો, અંતિમ જીત આપણી જ થશે. એક દિવસ તમે જોશો કે હું આસનસોલ જઈ રહ્યો છું.

પરંતુ હાય...ક્યારે આવશે એ દિવસ?! ■

---

## કેરિયર

વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# મોડર્ન કરીક્યુલમ આઉટ ઓફ ધ ક્લાસરૂમ

આમ જોઈએ તો દરેક સમયગાળો પોતાના સંશોઘનો પોતે જ લાવે છે અને જૂના સંશોધનોની નવી રૂપ રેખા પણ પોતે જ નક્કી કરે છે. ભણતર અને કેરિયર માટે પણ આવું જ કાંઈ છે. એક જમાનો હતો જ્યારે હરાવનારથી લઈને શિક્ષક સુધી, સીનિયરથી લઈને શુભચિંતક સુધી સૌનુ એમ જ કહેવુ હતુ કે, ખૂભ ભણો અને ચોપડીના એક એક શબ્દ ગોખી લ્યો. પરંતુ આજે જો હરાવનારા અને શિક્ષકો આવું કહે તો તેમા કાઈ કોઈ સમજદારી કે હોશીયારી નહી લાગે, કારણ કે જમાનો આજે બદલાઈ ગયો છે. જેમ સંપૂર્ણ જ્ઞાન અને આગળ વધવાની ધગશ માત્ર ચોપડીઓ સુધી જ સીમિત હતી. સમાજના વધતા જતા વિકાસની સાથે સાથે ભણવાનાના સાધનોમાં પણ વિકાસ થયો છે. એટલે જ સૌથી બુદ્ધિશાળી વિદ્યાર્થી એ નથી કે જે પોતાના બધાં જ પુસ્તકો કંઠસ્થ કરે પરંતુ આજે સૌથી સ્માર્ટ વિદ્યાર્થી એ છે કે જેને જ્યાંથી જ્ઞાન મળે તે પ્રાપ્ત કરે છે.

આમ જોઈએ તો આ ઈનફોરમેટીવ યુગમાં જ્ઞાનનો પણ ખૂબ જ બહોળો વિકાસ થયો છે. તેથી જ કોઈ વિદ્યાર્થીને માત્ર પુસ્તકો સુધી સીમિત ન રાખી શકાય. એટલે જ જે સ્માર્ટ વિદ્યાર્થી છે તે જ્ઞાન પ્રાપ્ત કરવાના અલગ અલગ માધ્યમ ગોતી જ લે છે જેથી તે તેના ભણતર અને કેરિયરમાં સહાયક રૂપ બની જાય. જોકે આ સુવિધા દરેક યુગમાં ઉપલબ્ધ રહી છે. દરેક યુગમાં જ્ઞાનના પોતાના સમાંતર માર્ગ રહ્યા છે, પરંતુ આજના જેટલા મજબૂત અને સમૃદ્ધ જ્ઞાનના માર્ગો પહેલાં કયારેય નહોતા. તો, આજે જો આપણે અભ્યાસક્રમના પુસ્તકો સિવાય આ માધ્યમોનો ઉપયોગ નહીં કરીએ , તો આપણે નુકસાનમાં જઈશું. તો ચાલો આપણે જાણીએ કે, ક્લાસરૂમની બહાર જ્ઞાન કઈ કઈ રીતે મળી શકે.

ઇન્ટરનેટ – ઈન્ટરનેટમાં બધી જ માહિતી છે જે ભૂતકાળમાં હતી અને વર્તમાન અને ભવિષ્યમાં થઈ શકે. પ્રસિદ્ધ શિક્ષાવિદ અને વિચારક નોમ ચોમસ્કીનું કહેવું છે કે, એમઆઈટીની તમામ શોઘો પર જેમને પુરસ્કાર મળ્યાં છે કે જે શોઘોએ પારંપારિક દુનિયાને બદલી નાખી હતી તે બઘી જ શોઘો ઈન્ટરનેટ પર મફતમાં મળે છે. આટલી વિશાળ અઘયન સામગ્રી કયારેય પણ ઉપલબ્ઘ ન હતી અને તે પણ ફ્રી માં ! ભલે તમને ઈન્ટરનેટ પર મળેલ ભણતર અંગેની માહિતીથી તમને કોઈ ડિગ્રી નથી મળવાની પરંતુ કોઈપણ સમયના વિદ્વાન પાસે થી મળેલ જ્ઞાન કરતાં વધુ માહિતી ઈન્ટરનેટ પર ઉપલબ્ઘ છે.

પરંતુ જો આપણી આજુબાજુ નજર નાખીયે તો મોટાભાગના લોકો ઈન્ટરનેટને વખાણવા કરતાં તેની આલોચના કરે છે. વાલિઓતો એમ જ સમજે છે કે, બાળકોને બગાડનાર ઈન્ટરનેટ જ છે. કેટલીક વાર તો સાચું પણ હોય છે. પરંતુ આનું કારણ ન તો ઈન્ટરનેટ છે કે નથી બાળકો. બાળકો આનો ફાયદો ઉઠાવવા કરતાં આનાથી થતાં

નુકસાનના દલદલમાં ફસાઈ જાય છે. પરંતુ આનું સૌથી મોટુ કારણ અભિભાવક અને સમાજના બીજા માર્ગદર્શક છે. પરંતુ માતા- પિતા જ જો ઈન્ટરનેટના માઘ્યમને જ્ઞાનનું કારક ન સમજતા હોય તો તેઓ બાળકોને તેનું મહત્ત્વ કેવી રીતે સમજાવી શકે કે તેની આદત કેવી રીતે પાડી શકે. બહુ વર્ષો



પહેલા કેનેડાના સંચાર વિશેષજ્ઞ માર્શલ મૈક્લૂહાનને કહ્યું હતું કે; બાળકો માતા-પિતાનું જ અનુકરણ કરે છે. જો માતા-પિતા જ્ઞાન વર્ધક કાર્યક્રમ જોતા હોય તો બાળકોને આદત પડે અને તેમાં રસ પળ પડે. પરંતુ જો માતા- પિતાને સારા-નરસા કાર્યક્રમની સમજ જ ન હોય તો? બાળકો કઈ રીતે સારા કાર્યક્રમ જોવાની આદત પાડશે. આના પરથી તારણ નીકળે છે કે, ઈન્ટરનેટને સૌથી વધુ જ્ઞાન વર્ધક સાઘન તરીકે ઉપયોગ કરવા માટે ઓભિભાનકો અને શિક્ષકોએ જ શિક્ષણ આપવું પડશે.

ઈન્ટરનેટમાં બધા જ સવાલોના પૂરતાં જવાબ છે. જેમાંથી ઘણાં એકસપેરીમેન્ટલ છે, ઘણાં ખોટા છે તે ઘણા ખોટા રસ્તા પર દોરી જાય તેવા છે. આ બધું જ તમારી કેપેસિટી અને તમને મળેલા શિક્ષણના સંસ્કાર પર આધાર રાખે છે. ઈન્ટરનેટ પર આજની તારીખે શિક્ષણના બેજોડ ત્તવ ઉપલબ્ધ છે. જેમકે ,

– ઈન્ટરનેટ પર દર એક મહત્ત્વપૂર્ણ વિષયનુ મૂળ અને તેની પૂર્ણ માહિતી ઈન્ટરનેટ પર શામિલ છે.

– ઈન્ટરનેટ પર ઉપલબ્ધ તમામ પારિભાષીક શબ્દોનુ ચલણ અને તેમનું મહત્ત્વ સમજી શકીયે. આને કારણે આમાં થયેલ ઉપયોગનો સાચો તરીકે સમજી શકે આનાથી ઈતિહાસની પરંપરા પણ સમજી શકીયે.

– બીજા કોઈ માઘ્યમ કરતાં ઈન્ટરનેટ પર સૂચના જલ્દીથી આવે છે. અને જૂના કોઈ જ્ઞાન માઘ્યમની પૂર્ણ માહિતી પણ મળે છે.

–ઈન્ટરનેટમાં કોઈ પણ બીજા માઘ્યમ દ્વારા જલ્દીથી સૂચના મળે છે અને જૂની માન્યતામાં થયેલ બદલાવોની માહિતી પણ મળે છે. બીજા શબ્દોમાં કહિએ તો જ્ઞાનમાં સર્વોચ્ચ વૃદ્ધિ કરવનારું સાધન એટલે ઈનટરનેટ.

–ઈન્ટરનેટ ઓપણી કલ્પના શક્તિમાં પણ ચાર ચાંદ લગાવી શકે છે કારણકે, ઈન્ટરનેટને એક સવાલ પૂછતાં તેના ઘણાં જવાબ સામે આવી જાય છે.

–ઈન્ટરનેટે ભૌગોલિક અંતરને ન જેવું કરી નાખ્યું છે. તમે દુનિયાના કોઈ પણ ખુણેથી કાંઈ પણ મોહિતી ન જેવા ટાઈમમાં મેળવી શકો છો.

– ઈન્ટરનેટ દ્વારા અલગ અલગ પરિક્ષા અંગે માહિતી મળે છે અને કેરિયરને લાગતા ઘણાં ઓપ્શન્સ મળી શકે છે. તેથી જ ઈન્ટરનેટ એ ભણતર અને કેરીયરના મામલે આશીર્વાદ રૂપ સાબિત થાય છે. ■

# દિલ્હીના ફળ વેપારીઓ તુર્કીથી સફરજનની આયાત બંધ કરશે

નવી દિલ્હીઃ એશિયાની સૌથી મોટી ફળ અને શાકભાજીની જથ્થાબંધ બજાર આઝાદપુર મંડીએ વર્તમાન રાજદ્વારી પરિસ્થિતિનો હવાલો આપતા તુર્કીથી સફરજનની આયાત બંધ કરવાનો નિર્ણય લીધો છે.

આઝાદપુર ફળ બજારના ચેરમેન મીઠા રામ કૃપલાણીના જણાવ્યા અનુસાર અમે તુર્કીથી સફરજનની તમામ નવી આયાત બંધ કરવાનો નિર્ણય લીધો છે. જો કે અગાઉ ઓર્ડર કરવામાં આવેલા કન્સાઇન્મેન્ટ હજુ પણ આવશે, પરંતુ આગળ જતાં સફરજન કે અન્ય પેદાશોનો કોઇ વેપાર થશે નહીં.

કૃપલાણીએ જણાવ્યું કે પરિસ્થિતિની કાળજીપૂર્વક સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં કોઇ નવા ઓર્ડર આપવામાં આવશે નહીં. કૃપલાણીના મત મુજબ આઝાદપુર બજાર લાંબા સમયથી તુર્કીના સફરજનને પ્રાથમિકતા આપતું હતું. જેની આયાત ૨૦૨૪ સુધીમાં ૧.૧૬ લાખ ટન સુધી પહોંચી હતી. જો કે તેમણે કહ્યું કે ભારત પ્રત્યે તુર્કીનો અભિગમ તાજેતરના ઘટનાક્રમમાં નિરાશાજનક રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે અમે વર્ષોથી તુર્કીના વેપારને ટેકો આપ્યો છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિઓએ અમારી પાસે કોઇ વિકલ્પ છોડ્યો નથી. તેમણે કહ્યું કે આ પગલું મંડીની સોર્સિંગ રણનીતિમાં નોંધપાત્ર પરિવર્તન છે. કારણ કે તે આગામી મહિનાઓમાં સફરજનની આયાત કરવા માટે વૈકલ્પિક સપ્લાયર્સ શોધી રહ્યા છે.

દિલ્હીભરના વેપારીઓ તુર્કી માલની આયાત અને માર્કેટિંગ પર પ્રતિબંધ મૂકવાની માગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. દિલ્હીનાં વેપાર સંગઠનો અનુસાર ભારત પ્રત્યે તુર્કીનું તાજેતરનું રાજકીય વલણ અસ્વીકાર્ય છે અને તેનાથી રાષ્ટ્રીય લાગણીઓને ઠેસ પહોંચી છે. ■

# લખનઊના ઝવેરીઓએ તુર્કીનાં ઝવેરાતનો બહિષ્કાર શરૂ કર્યો

લખનઊનાઃ લખનઊના ઝવેરીઓએ ભારત સાથેના તાજેતરના યુદ્ધ દરમિયાન તુર્કી દ્વારા પાકિસ્તાનને સક્રિય સમર્થન આપનાર તુર્કીથી આયાત કરાયેલી ઝવેરાતની ખરીદી, વેચાણ અને પ્રદર્શનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

''તાજેતરમાં ઉજવવામાં આવેલી અક્ષયતૃતીયા પર, તુર્કી ઝવેરાતની સૌથી વધુ માગ હતી. હવે, ઓપરેશન સિંદૂર દરમિયાન તુર્કી દ્વારા પાકિસ્તાનને સક્રિય સમર્થન આપ્યા પછી, અમે વધુ તુર્કી ઝવેરાત વસ્તુઓ આયાત ન કરવાનો નિર્ણય બુધવારે લીધો છે,'' એમ લખનઊના ચોક સરાફા એસોસિએશનના ઉપપ્રમુખ આદીશ જૈને જણાવ્યું હતું.

તુર્કી ઝવેરાતના વેચાણના જથ્થા વિશે વિગતવાર જણાવતા, જૈને ઉમેર્યું હતું કે તુર્કીથી આયાત કરાયેલી ઝવેરાતની મુખ્ય વસ્તુઓમાં ગળાનો હાર, વીંટી અને ઇયરટોપ્સનો સમાવેશ થાય છે. દરરોજ વેચાતા ૨૦ નેકલેસમાંથી, પાંચ ટર્કિશ મૂળના હતા, જે કુલ વેચાણના ૨૫ ટકા હતા.

લખનઊના મહાનગર સરાફા એસોસિએશનના પ્રમુખ મનીષ કુમાર વર્માએ જણાવ્યું હતું કે, ''અમે બધી ટર્કિશ જ્વેલરી વસ્તુઓનું વેચાણ બંધ કરી દીધું છે. અગાઉ, અમે ટર્કિશ જ્વેલરીની કાસ્ટિંગ આયાત કરતા હતા. તુર્કીથી જ્વેલરી વસ્તુઓની આયાત સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે.''

તેમણે ઉમેર્યું હતું કે અત્યાર સુધી તુર્કીથી કેટલીક ચાંદીની વસ્તુઓ આવતી હતી, પરંતુ ઓપરેશન સિંદૂર પછી, તુર્કી ઝવેરાતની વસ્તુઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવ્યો છે, અને તમામ ઓર્ડર રદ કરવામાં આવ્યા છે. ■

# દક્ષિણ કાશ્મીરમાં સુરક્ષાદળોની મોટી સફળતાઃ બે ઓપરેશનમાં છ આતંકી ઠાર

અવંતિપુરાઃ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળોએ આતંકવાદ વિરોધી અભિયાન વધુ ઝડપી કર્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં દક્ષિણ કાશ્મીરમાં છ આતંકવાદીઓને ઠાર માર્યા છે. અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી હતી.

કાશ્મીરના પોલીસ મહાનિરીક્ષક વી. કે. બિરદીએ જણાવ્યું હતું કે, ''સુરક્ષા એજન્સીઓએ છેલ્લા એક મહિનામાં આતંકવાદી ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને પરિસ્થિતિ અનુસાર તેમની વ્યૂહરચનાની સમીક્ષા કરી હતી અને અમારું ધ્યાન આતંકવાદ વિરોધી કામગીરી પર રહ્યું હતું.''

અધિકારી દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લામાં વિક્ટર ફોર્સ મુખ્યાલય ખાતે વિક્ટર ફોર્સના જનરલ ઓફિસર કમાન્ડિંગ (જીઓસી) મેજર જનરલ ધનંજય જોશી અને સીઆરપીએફના ઇન્સ્પેક્ટર જનરલ મિતેશ જૈન સાથે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધી રહ્યા હતા ત્યારે તેમણે આ વાત કરી હતી.

મેજર જનરલ જોશીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''સીઆરપીએફ, સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસે સંયુક્ત રીતે કેલ્લર (શોપિયા) અને ત્રાલ (પુલવામા) માં આ કાર્યવાહી હાથ ધરી હતી અને છ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા.''

બિરદીએ જણાવ્યું હતું કે વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન અને વધુ સતર્કતાને કારણે બે સફળ અભિયાન ચલાવવામાં આવ્યા હતા જેમાં આતંકવાદીઓ માર્યા ગયા. તેમણે આતંકવાદીઓના ખાત્માને એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી હતી. આઇજીપીએ કહ્યું હતું કે, ''સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ વચ્ચેના સંકલન અને સહયોગને કારણે આ સફળ કામગીરી શક્ય બની હતી. અમે કાશ્મીરમાં કોઈપણ આતંકવાદી ગતિવિધિઓનો અંત લાવવા માટે પ્રતિબદ્ધ છીએ અને આવા કૃત્યોને રોકવા માટે હંમેશાં તૈયાર છીએ.''

મંગળવાર અને ગુરુવારે અનુક્રમે શોપિયાના કેલ્લર વિસ્તારમાં અને પુલવામાના ત્રાલના નાદર વિસ્તારમાં એન્કાઉન્ટર થયા હતા. બંને કાર્યવાહીમાં ત્રણ-ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. વિક્ટર ફોર્સના જનરલ ઓફિસર કમાન્ડિંગ (જીઓસી) મેજર જોશીએ જણાવ્યું હતું કે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી તરત જ સુરક્ષા દળોએ ઘણા વિસ્તારોને પ્રાથમિકતાવાળા વિસ્તારો તરીકે ઓળખી કાઢ્યા હતા.

તેમણે કહ્યું, 'અમને ગુપ્ત માહિતી મળી હતી કે બરફ પીગળ્યા પછી આતંકવાદીઓ ઊંચા વિસ્તારો તરફ આગળ વધ્યા છે.' આને ધ્યાનમાં રાખીને અમારી ટીમો સતત ઊંચાઈવાળા વિસ્તારોમાં, પર્વતીય પ્રદેશોમાં અને જંગલોમાં તૈનાત કરવામાં આવી હતી.

મેજર જોશીએ કહ્યું હતું કે, '૧૨ મેની રાત્રે સુરક્ષા એજન્સીઓને શોપિયાના કેલ્લર વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળી હતી. તેથી ત્યાં તૈનાત ટીમે પોતાનું સ્થાન બદલ્યું અને વ્યૂહાત્મક રીતે વિસ્તારને ઘેરી લીધો હતો. તેમણે આતંકવાદીઓને પડકાર ફેંક્યો, જેના જવાબમાં આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. આ એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

ત્રાલ એન્કાઉન્ટર અંગે તેમણે કહ્યું હતું કે આ ઓપરેશન એક અલગ વિસ્તારમાં થયું હતું. તેમણે કહ્યું હતું કે, 'અમને માહિતી મળી હતી. ત્યારબાદ અમે ગામને ચારે બાજુથી ઘેરી લીધું.' આતંકવાદીઓએ અલગ અલગ ઘરોમાં પોઝિશન લીધી અને ગોળીબાર શરૂ કરી દીધો. અમારો સૌથી મોટો પડકાર બાળકો સહિત નિર્દોષ નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનો હતો. આ પછી ઘરોમાં વ્યવસ્થિત રીતે એક પછી એક તપાસ કરવામાં આવી અને ત્રણેય આતંકવાદીઓને અલગ અલગ સ્થળોએ ઠાર કરવામાં આવ્યા હતા.

મેજર જોશીએ કહ્યું હતું કે, ''બંને ઓપરેશનમાં સફળતા એ દર્શાવે છે કે આતંકવાદીઓ જ્યાં પણ છુપાયા હશે સુરક્ષા દળો તેમને શોધીને મારી નાખશે.'' અધિકારીએ જણાવ્યું કે માર્યા ગયેલા છ આતંકવાદીઓમાં મુખ્ય આતંકવાદી શાહિદ કુટ્ટે હતો, જે ઘણા મોટા હુમલાઓમાં સામેલ હતો.

તેમણે કહ્યું કે શાહિદ કુટ્ટે ગયા વર્ષે ૧૮ મેના રોજ શોપિયાના હીરપોરામાં સરપંચ પર થયેલા હુમલા અને ગયા વર્ષે ૮ એપ્રિલના રોજ ડેનિશ રિસોર્ટમાં થયેલી ગોળીબારની ઘટનામાં સામેલ હતો. આ ઘટનામાં બે જર્મન પ્રવાસીઓ અને એક ડ્રાઇવર ઘાયલ થયા હતા.

ઇન્સ્પેક્ટર જનરલ મિતેશ જૈને જણાવ્યું હતું કે સ્થાનિક વસ્તીના સમર્થન અને સહયોગ વિના આ કામગીરીની સફળતા શક્ય થઇ ના હોત, જૈને કહ્યું હતું કે, 'લોકોના સમર્થન વિના આતંકવાદને નાબૂદ કરવો માત્ર મુશ્કેલ જ નહીં પણ અશક્ય પણ છે.' આ સફળ ઓપરેશન એ વાતનો પુરાવો છે કે અહીંના લોકો જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનો અંત લાવવા માંગે છે. દરમિયાન, સેનાના ઉત્તરી કમાન્ડના લેફ્ટનન્ટ જનરલ પ્રતીક શર્માએ આતંકવાદ વિરોધી કામગીરીમાં સફળતા બદલ સેનાની પ્રશંસા કરી હતી. ■

# પટનામાં મહિલાઓની સફર થશે સુરક્ષિતઃ મુખ્ય પ્રધાન નીતીશકુમારે ૨૦ પિંક બસોને આપી લીલી ઝંડી

પટનાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે શુક્રવારે અહીં મહિલાઓની સલામત અને આરામદાયક મુસાફરી માટે રાજ્ય પરિવહન નિગમની ૨૦ પિંક બસોને લીલી ઝંડી આપી હતી. તેમણે રાજ્યમાં જાહેર પરિવહનની ગુણવત્તા સુધારવા માટે બિહાર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડ (બીએસઆરટીસીએલ) ની ૧૬૬ ડિલક્સ બસો પણ લોન્ચ કરી હતી.

મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને આયોજિત કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહા, પરિવહન મંત્રી શીલા કુમારી, સંસદીય બાબતોના મંત્રી વિજય કુમાર ચૌધરી અને રાજ્ય સરકારના અનેક અધિકારીઓ હાજર રહ્યા હતા.

મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બસોને લીલી ઝંડી આપતા પહેલા મુખ્ય પ્રધાને તેમનું નિરીક્ષણ કર્યું અને તેમાં આપવામાં આવતી સુવિધાઓ વિશે પૂછપરછ કરી હતી. મહિલા સશક્તીકરણ તરફ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે, જે હેઠળ હવે ૨૦ પિંક બસોનું સંચાલન શરૂ થયું છે. આનાથી મહિલાઓની મુસાફરી સુરક્ષિત અને આરામદાયક બનશે. આ ઉપરાંત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૧૬૬ ડીલક્સ બસો દોડશે.

૨૦૨૪-૨૫ માટે રાજ્યનું બજેટ રજૂ કરતી વખતે સરકારે ચાર શહેરો પટના, મુઝફ્ફરપુર, પૂર્ણિયા અને ભાગલપુરમાં ખાસ મહિલાઓ માટે ગુલાબી બસો શરૂ કરવાની યોજનાની જાહેરાત કરી હતી.

રાજ્ય પરિવહન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''તમામ ૨૦ પિંક બસો સીએનજી પર દોડશે. આ ફક્ત પટનામાં જ ચાલશે. બીજા તબક્કામાં અમે અન્ય જિલ્લાઓમાં પિંક બસોની સેવા શરૂ કરીશું. આ બસોમાં મહિલા કંડક્ટર હશે અને તે દરરોજ સવારે ૭ થી રાત્રે ૮ વાગ્યા સુધી દોડશે.'' ■

# પોતાની વાયુસેનાની નામોશી છુપાવવા પાકિસ્તાનના વિદેશ પ્રધાન ડારનું ગતકડું

ઇસ્લામાબાદ : પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઇશાક ડારે સેનેટમાં તેમના દેશની વાયુસેનાની પ્રશંસા કરવા માટે યુકે સ્થિત એક દૈનિક દ્વારા પ્રકાશિત 'બનાવટી' સમાચાર અહેવાલનો ઉપયોગ કર્યો પણ સત્ય જાહેર થતાં હાસ્યાસ્પદ ઠર્યો.

વાયરલ થયેલા ''બનાવટી સમાચાર'' ને ટાંકીને, ડારે સાંસદોને જણાવ્યું કે 'ધ ડેઇલી ટેલિગ્રાફ' એ અહેવાલ આપ્યો છે કે ''પાકિસ્તાન વાયુસેના આકાશનો નિર્વિવાદ રાજા છે.''

જોકે, ડોન અખબાર દ્વારા તેમના દાવાની હકીકત તપાસવામાં આવી હતી, જેણે વાયરલ સમાચાર અહેવાલને ''બનાવટી'' ગણાવ્યો હતો. સોશિયલ મીડિયા પર અનેક વપરાશકર્તાઓની પોસ્ટ્સમાં ૧૦ મે, ૨૦૨૫થી એક ફોટો ફરતો થયો હતો, જેમાં કથિત રીતે ભારત સાથેના તાજેતરના તણાવ વચ્ચે યુકે સ્થિત ધ ડેઇલી ટેલિગ્રાફ અખબારના પહેલા પાના પર પાકિસ્તાન વાયુસેનાને ''આકાશનો રાજા'' જાહેર કરવામાં આવ્યો હતો. જો કે, આવો કોઈ લેખ પ્રકાશિત થયો ન હતો અને સ્ક્રીનશોટ નકલી છે, એમ અખબારે જણાવ્યું હતું.

તેમાં કહેવામાં આવ્યું છે કે એક બેરિસ્ટર ખાદીજા સિદ્દીકીએ ૧૦ મેના રોજ બ્રિટિશ દૈનિકને આભારી નકલી સમાચારનો ફોટો પોસ્ટ કર્યો હતો, જેમાં એક સમાચાર વાર્તા હતી જેની સાથે એક હેડલાઇન હતીઃ ''પાકિસ્તાન વાયુસેનાઃ આકાશનો નિર્વિવાદ રાજા.''

આ પોસ્ટ ૬૬૦૦૦થી વધુ લોકોએ જોઈ હતી.

આ છબી ૧૧ મેના રોજ ખૈબર પખ્તુનખ્વાના વડા પ્રધાનના માહિતી સંયોજક ઇખ્તિયાર વલી ખાને પણ ફેસબુક પર શેર કરી હતી. ■

# ન્યૂ જર્સી ટ્રાન્ઝિટ ટ્રેન એન્જિનિયરોની હડતાળઃ સાડા ત્રણ લાખ મુસાફરોને હાલાકી

ન્યૂ જર્સીઃ અમેરિકામાં ન્યૂ જર્સી ટ્રાન્ઝિટ ટ્રેન એન્જિનિયરો શુક્રવારે હડતાળ પર ઉતર્યા હતા. જેના કારણે ન્યૂ જર્સી અને ન્યૂ યોર્ક શહેરમાં લગભગ ૩,૫૦,૦૦૦ મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન પર જવા માટે બીજા વિકલ્પો શોધવા અથવા ઘરે રહેવા પર વિચાર કરવાની ફરજ પડી છે. ગુરુવારે વાટાઘાટોના છેલ્લા રાઉન્ડમાં કોઇ સમજૂતી ન થયા બાદ આ હડતાળ કરવામાં આવી છે. આ રાજ્યમાં ૪૦ વર્ષોમાં પહેલી રેલ હડતાળ છે. બ્રધરહુડ ઓફ લોકોમોટિવ એન્જિનિયર્સ એન્ડ ટ્રેડમેનના જનરલ ચેરમેન ટોમ હાસે જણાવ્યું કે અમે તેમને અંતિમ ઓફર કરી હતી. તેમણે તેને નકારી કાઢી અને બે કલાક બાકી રહેતા જ ચાલ્યા ગયા હતા. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| રંક | દિલગીરી |
| રંજ | ઓજાર |
| રંદો | જીદ |
| રત | ગરીબ |
| રઢ | મગ્ન |

### ઓળખાણ પડી?



દરેક દેશની પોતાની એક આગવી ઓળખ હોય છે. પિરામિડ, બળબળતા રણ અને ઐતિહાસિક સ્મારકો ધરાવતા દેશની ઓળખાણ પડી?

અ) ઈજીપ્ત બ) કેન્યા ક) સુદાન ડ) મોરોક્કો

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આં | ૨ ત | ૩ ર | રા | ષ્ટ્રી | ૪ ય | ■ | ૫ મ | ૬ થ | ૭ ક |
| ૮ ગ | ર | મ | ■ | ■ | ૯ વ | ૧૦ સ | તિ | વા | ડી |
| ણું | ■ | તિ | ■ | ૧૧ બે | જ | ફા | ■ | ■ | બં |
| ■ | ૧૨ વ | ચા | તી | ત | ■ | ૧૩ ચો | ૧૪ ગ | ■ | ધ |
| ૧૫ ચો | ફા | ળ | ■ | ૧૬ મા | ૧૭ પ | ■ | ૧૮ ટ | પ | ■ |
| ક્ક | ■ | ■ | ૧૯ ગ | ■ | ૨૦ ગ | ૨૧ જ | ક | ■ | ૨૨ ગં |
| ૨૩ સ | ૨૪ ગ | વ | ડ | ■ | ૨૫ ર | ગ | ■ | ૨૬ ચં | ગા |
| ૨૭ પ | ગી | ■ | ૨૮ ગ | ૨૯ મા | ણ | ■ | ૩૦ પા | ■ | જ |
| ણું | ■ | ૩૧ બ | ડા | ઈ | ■ | ૩૨ ખા | ક | ■ | મ |
| ■ | ૩૩ ખૂ | સ | ટ | ■ | ૩૪ તા | લી | ■ | ૩૫ દા | ની |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ | ૭ |
| | ■ | ૮ | | ૯ | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | | | ■ | | ■ | ૧૨ | | ■ | |
| | ■ | ■ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ૧૫ | |
| ■ | ૧૬ | ■ | ૧૭ | | | ■ | ૧૮ | | ■ |
| ૧૯ | | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ■ | ૨૨ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ■ | | ■ | |
| ૨૫ | | | ૨૬ | ■ | ■ | ૨૭ | | | |
| | ■ | ■ | ૨૮ | ૨૯ | | | | ■ | |
| ■ | ૩૦ | | | | ■ | ૩૧ | | ■ | |

**આડી ચાવી**

૧. દર વર્ષે મળતી રકમ (૪)
૪. મરી જાય તેટલું (૫)
૮. નોકર, ચપરાસી (૩)
૧૦. --- કરવા એટલે અદૃશ્ય થવું, ગાયબ થવું (૨)
૧૧. ભાંગનો માદક પાક (૩)
૧૨. રસ્તો (૨)
૧૪. --- વાળવો એટલે ગરબડ કરવી (૨)
૧૫. મોટો સાપ, કોબ્રા (૨)
૧૭. દારૂ, નાનો મહુડો (વૃક્ષ) (૩)
૧૮. સોગંદ (૨)
૧૯. મોટાપણું (૪)
૨૧. ખાટલો (૨)
૨૩. કમી (૩)
૨૪. આતતાયીનો --- કરવાનો હોય (૨)
૨૫. સભ્ય, મેમ્બર (૪)
૨૭. ભેટ, નજરાણું, તોહફા (૪)
૨૮. આમતેમ ડોલવું તે (૫)
૩૦. ઉપકથા, વાતમાં આવતી વાત (૪)
૩૧. બીક, ભય (૨)

**ઊભી ચાવી**

૧. જમ્યા પછી ખાઓ (૪)
૨. જબરદસ્તી, જુલમ, કડકાઈ (૩)
૩. --- નાકે દિવાળી (૨)
૫. મારા કેસરભીના કંથ હો, સિધાવો જી --- (૪)
૬. --- મારવી એટલે ગપ્પું મારવું (૨)
૭. આશરે, અંદાજે (૪)
૯. હંમેશાં, કાયમ માટે (૨)
૧૩. સમત્વ, સરખાપણું (૩)
૧૪. દહાડી, રોજનું મહેનતાણું (૨)
૧૫. --- બોળવું એટલે આબરૂને બટ્ટો લગાડવો (૨)
૧૬. મોટી વિશાળ સભા (૪)
૧૮. વેરણછેરણ, આઘું પાછું (૬)
૧૯. ધ્યેય, ઈરાદો (૪)
૨૦. રસ વગરનું, નઠારું (૩)
૨૨. આભારી (૫)
૨૬. ઝરણું પર્વત પરથી --- માંડે (૩)
૨૭. 'ઉગાડવું'નું આજ્ઞાર્થ (૩)
૨૯. વીતી ગયેલું (૨)

### ગુજરાત મોરી મોરી રે

વિશ્વ પ્રસિદ્ધ ઓલિમ્પિક રમતોત્સવમાં આટલાં વર્ષોમાં ગુજરાતના એક જ ખેલાડીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. એ ખેલાડીનું નામ કહી શકશો?

અ) મિહિર શાહ બ) ખાશાબા જાધવ ક) ગોવિંદ સાવંત ડ) યોગેશ પટેલ

### જાણવા જેવું

હવામાં કોઈ સાધનથી થરથરાટ પેદા થઈ મોજાં ઉત્પન્ન થાય અને તે મોજાં કાનના પડદા સુધી પહોંચી પડદાને ધ્રુજાવે ત્યારે જે જ્ઞાન થાય તેને અવાજ કહે છે. માણસના કાનના પડદા ઉપર અમુક હદ સુધીની તીવ્રતાવાળાં મોજાંની અસર થઈ શકે છે. આપણે જે કાંઈ બોલીએ છીએ તેનો અથવા બંદૂક કે તોપ ફૂટવાનો જે અવાજ થાય છે તેનો અવાજ વાતાવરણમાં અત્યંત વેગથી જાય છે.

### સુડોકુ-૮૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૪ | | | ૩ | ૧ | |
| ૫ | | | ૭ | | | | | |
| | | ૯ | | | | | | |
| ૪ | | ૮ | ૫ | | | | | ૬ |
| | | ૭ | | | | ૯ | | |
| ૧ | | | | | ૬ | ૪ | | ૨ |
| | | | | | | ૫ | | |
| | | | | | ૨ | | | ૪ |
| | ૨ | ૫ | | | ૮ | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ | ૭ | ૫ |
| ૫ | ૯ | ૮ | ૭ | ૨ | ૪ | ૩ | ૧ | ૬ |
| ૨ | ૭ | ૧ | ૩ | ૬ | ૫ | ૮ | ૪ | ૯ |
| ૯ | ૮ | ૨ | ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ |
| ૧ | ૫ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૪ |
| ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૯ | ૭ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૯ | ૨ | ૫ | ૬ | ૪ | ૩ | ૮ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૧ | ૭ | ૫ | ૯ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સોળમી સદીમાં મેવાડના શક્તિશાળી મહારાણા પ્રતાપ અને મુઘલ સૈન્ય વચ્ચે ખેલાયેલું ભીષણ યુદ્ધ કયાં નામથી પ્રચલિત છે એ જાણો છો ખરા?

અ) પ્લાસી બ) હલ્દીઘાટી ક) સારાગઢી ડ) પાણીપત

### નોંધી રાખો

અંધારાનો કકળાટ કરવાને બદલે દીવો પ્રગટાવવાને મહત્ત્વ આપો. બીજાને નીચા દેખાડવાને બદલે જાતને ઊંચાઈ પર લઈ જવાની કોશિશ કરો.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૧, ૨૩, ૪૯, ૧૦૩, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૦૩ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૭૭ બ) ૧૯૦ ક) ૨૧૩ ડ) ૨૪૯

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| છજું | ઝરુખાનું છાપરું |
| છટકું | જાળ |
| છડા | પગનું ઘરેણું |
| છબરડો | ગોટાળો |
| છબી | તસવીર |

ગુજરાત મોરી મોરી રે: ધંધૂકા

ઓળખાણ પડી: ધ હેગ

માઈન્ડ ગેમ: ૧૪૯

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: ૧૫

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) ધીરેન ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મહેશ દોશી (૧૬) પુષ્પા પટેલ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) શ્રદ્ધા આશર (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) પ્રવીણ વોરા (૨૨) મીનળ કાપડિયા (૨૩) કિશોર બી. સંઘરાજકા (૨૪) ભાવના કર્વે (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) નુતન વિપીન શાહ (૩૧) અલકા વાણી (૩૨) અંજુ ટોલિયા (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) પુષ્પા ખોના (૩૫) નિતિન જયંતિલાલ બજરિયા (૩૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) વિણા સંપટ (૪૪) મહેશ દોશી (૪૫) નિતિન બજરિયા (૪૬) જયશ્રી બાવીશી (૪૭) વિજય આસર (૪૮) જગદીશ ઠક્કર (૪૯) અરવિંદ કામદાર (૫૦) દિપીકા દોશી

## દુશ્મન કા દોસ્ત દુશ્મન

# તુર્કીના સફરજન બાદ જીરું અને ખસખસને પણ નો-એન્ટ્રી

બૅન તુર્કી

### તેમ છતાં વેપારીઓના નિર્ણયોમાં મતભેદ જોવા મળી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

વાશી: તુર્કીના માલની આયાત તેમ જ માર્કેટિંગ પર પ્રતિબંધની માગ દેશભરના વેપારીઓ કરી રહ્યા છે. નવી મુંબઈના વાશીમાં આવેલી હોલસેલ એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (એપીએમસી)ના વેપારીઓએ પણ હાલની પરિસ્થિતિને ટાંકી તુર્કીથી સફરજનની આયાત બંધ કરવાનો નિર્ણય લીધો છે એમ કહેવાય છે, પરંતુ અમુક વેપારીઓનું કહેવું છે કે તે દરેક વેપારીનો વ્યક્તિગત નિર્ણય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરના તણાવના માહોલમાં તુર્કીએ પાકિસ્તાનને આપેલા ખુલ્લા સમર્થનના પગલે આ પરિસ્થિતિ ઉદ્ભવી છે. પુણેના વેપારીઓએ તુર્કીના સફરજનની આયાત બંધ કરવાનો નિર્ણય લીધા બાદ પાકિસ્તાન તરફથી તેને ધમકી મળી હોવાનો દાવો કરાયો હતો અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ તેમને નહીં ડરવાનું આશ્વાસન આપ્યું હતું.

એપીએમસી માર્કેટમાં ઉચ્ચ ગુણવત્તાવાળા ટર્કિશ સફરજનના સેંકડો કન્ટેનર આવે છે. આ પુરવઠો

(જુઓ પાનું ૪) ▶▶




**ના એટલે ના...** ફોર્ટમાં આવેલી તુર્કી રેસ્ટૉરાંની બહાર વિરોધ કરી રહેલા ભાજપી નેતાઓ. (અમય ખરાડે)

## હવે તુર્કીમાં ફિલ્મનું શૂટિંગ ન કરવાની અપીલ

મુંબઈ: ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવભર્યા માહોલમાં પાકિસ્તાનને આપેલું સમર્થન તુર્કીને નુકસાન પહોંચાડશે. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (એફડબલ્યૂઆઇસીઇ) એ ભારતીય ફિલ્મ નિર્માતાઓને તુર્કીમાં કોઈ પણ ફિલ્મનું શૂટિંગ ન કરવા અપીલ કરી છે.

પહલગામ આતંકી હુમલા બાદ ભારતે 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનના નવ આતંકવાદી કેમ્પને નષ્ટ કર્યા હતા. ત્યાર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ દરમિયાન તુર્કીએ ડ્રોનની સાથે મિસાઈલોની સપ્લાય કરીને પાકિસ્તાનને ખુલ્લેઆમ સમર્થન આપ્યું હતું. તેથી, સમગ્ર દેશમાં 'બેન તુર્કી' ચળવળ શરૂ થઈ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ પણ તુર્કીનો બહિષ્કાર કર્યો છે. ''ભારતીય ફિલ્મ ઉદ્યોગે તુર્કીમાં રોકાણ ન કરવું જોઈએ,'' એફડબલ્યૂઆઇસીઇ એ એક

(જુઓ પાનું ૪) ▶▶

## રેલવેના ઈતિહાસમાં પહેલીવાર

# ઍરપોર્ટ્સને ઉપનગરની રેલવે લાઈનો સાથે જોડવાની વિચારણા

નવી મુંબઈ ઍરપોર્ટને જોડતી નવી લાઈનો સાથે આસનગાંવ-કસારા અને બદલાપુર-કર્જત માટે વધારાની લાઈન તથા પરાં અને લાંબા અંતરની ટ્રેનોને અલગ કરવા માગે છે મંત્રાલય

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ના વિકાસ સાથે રાજ્યમાં મધ્ય અને પશ્ચિમ રેલવે બંને પર ઉપનગરીય રેલ કોરિડોરનું પણ વિસ્તરણ કરવામાં આવશે. આમાં નવી મુંબઈ એરપોર્ટને એમએમઆર સાથે જોડતી નવી લાઈનો, ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેન સેવાઓને અલગ પાડવાનો અને દહાણુથી પાલઘર જિલ્લામાં ભારતના સૌથી મોટા બંદર તરીકે ઓળખાતા વાઢવણ બંદર સુધી રેલ કનેક્ટિવિટીનો વિસ્તાર કરવાનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય રેલ્વે મંત્રાલયે મધ્ય અને પશ્ચિમ રેલવેને આ નવી ઉપનગરીય રેલ લાઈનો માટે સર્વેક્ષણ અને અભ્યાસ હાથ ધરવા જણાવ્યું છે.

મધ્ય રેલ્વે પર, મંત્રાલય નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (એનએમઆઈએ)ને જોડતી નવી લાઇનો, આસનગાંવ-કસારા સેક્શન પર વધારાની લાઇનો, બદલાપુર-કર્જત સેક્શન પર વધારાની લાઇનો તથા ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોને અલગ કરવા માંગે છે. મંત્રાલય એમએમઆરની જેમ પનવેલ-રોહા રૂટ પર ૭૫ કિમી લાંબી,

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈના જળાશયોમાં માત્ર ૧૮ ટકા પાણી

### રાજ્યના બંધમાં પાણીની સપાટી ૨૮ ટકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યના જળાશયો અને બંધમાં ઘટતા પાણીને કારણે ચિંતા વધી ગઈ છે. રાજ્ય સરકારના જળ સંસાધન વિભાગના બુધવારના આંકડા મુજબ રાજ્યના તમામ બંધમાં ફક્ત ૨૮.૦૯ ટકા પાણીનો જથ્થો બાકી રહ્યો છે. તો મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં ગુરુવારે સવારના પાણીનો જથ્થો ૧૮.૭૯ ટકા હતો. દિવસેને દિવસે ગરમી વધવાની સાથે જ પાણીનું બાષ્પીભવન થતું હોવાને કારણે જળાશયોમાં અને બંધમાં પાણીની સપાટીમાં ઘટાડો થઈ રહ્યો છે.

નૈર્ઋત્યનાં ચોમાસાનું આગમન સમગ્ર મહારાષ્ટ્રમાં પાંચથી ૧૦ જૂન સુધીની આસપાસ થવાની શક્યતા છે. ચોમાસાને આગમનને હજી ખાસ્સો એવો સમય બાકી રહ્યો છે પણ રાજ્યના તમામ બંધમાં પાણીની સપાટીમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવાથી ચિંતા વધી ગઈ છે. ગયા વર્ષે આ સમયે

(જુઓ પાનું ૪) ▶▶

### મોબાઈલ નેટવર્ક બ્લેક આઉટથી છુટકારો

## મેટ્રો-થ્રીના સ્ટેશનો પર હવે મફત વાઈ-ફાઈ

મુંબઈ: મુંબઈ મેટ્રો-થ્રી ના બીજા તબક્કાના ઉદ્ઘાટન બાદ પ્રવાસીઓ નેટવર્ક ન મળવાથી પરેશાન છે. તેને કારણે મેટ્રોની ટિકિટો સુધ્ધાં કઢાવવી મુશ્કેલ બની રહી છે. ત્યારે ભૂગર્ભ એક્વા લાઇન પર મુસાફરો માટે મોટી રાહત તરીકે, મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી)એ તમામ કાર્યરત એક્વા લાઇન સ્ટેશનોના કોનકોર્સ સ્તરે મફત વાઇ-ફાઇની જાહેરાત કરી છે. આ પગલું સ્ટેશનો અને ટ્રેનોમાં સતત મોબાઇલ નેટવર્ક બ્લેકઆઉટના પ્રતિભાવમાં આવ્યું છે, જેના કારણે ડિજિટલ ટિકિટિંગ, ઝડ઼ી ચુકવણીઓ અને સંદેશાવ્યવહાર સહિત મોબાઇલ-આધારિત સેવાઓ ખોરવાઈ ગઈ હતી. મુંબઈ મેટ્રો લાઈન ૩ દ્વારા સોશિયલ મીડિયા ડ ના સત્તાવાર હેન્ડલ દ્વારા આ જાહેરાત કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶

## હું જે બોલું છું તેનો અમલ કરું છું: અજિત પવાર

મુંબઈ: હું એક એવો નેતા છું જે બોલેલું પાળવાની ખ્યાતિ ધરાવે છે એવો દાવો મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના અધ્યક્ષ અજિત પવારએ કર્યો છે. જોકે, તેમના કાકા શરદ પવારના પક્ષ એનસીપી (એસપી)એ આ દાવો ''નૈતિકતા'' વિના અર્થહીન છે એવો કટાક્ષ કર્યો છે ગુરુવારે પુણેમાં પક્ષના એક કાર્યક્રમમાં બોલતા પવારે કહ્યું હતું કે 'હું જે બોલું છું એનો અમલ કરું છું એ વાત સૌ કોઈ જાણે છે. (પીટીઆઈ) ■

### મુંબઈને આતંકવાદ મુક્ત બનાવવા માટેનો મહત્ત્વનો નિર્ણય

# પોલીસ દળમાં પ્રથમ વખત પાંચને બદલે છ જોઈન્ટ કમિશનર: આરતી સિંહની નિયુક્તિ



### સ્લીપર સેલ અને ગુપ્ત માહિતી પર રાખશે નજર

મુંબઈ: આતંકવાદીઓના સ્લીપર સેલનું પગેરું મેળવવા અને ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે મુંબઈ પોલીસને વધુ એક જોઇન્ટ પોલીસ કમિશનર (ઇન્ટેલિજન્સ) મળ્યાં છે અને આ પદ માટે આરતી સિંહની નિયુક્તિ કરવામાં આવી છે. ૨૦૦૬ બેચનાં આઇપીએસ ઓફિસર આરતી સિંહ ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરના વતની હોઇ એમબીબીએસની ડિગ્રી ધરાવે છે. તેઓ અગાઉ સ્પેશિયલ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકે સેવા આપી ચૂક્યાં છે.

જમ્મુ-કાશ્મીરમાં પહલગામ ખાતે નિર્દોષ પર્યટકો પર આતંકવાદીઓએ કરેલા હુમલા અને ત્યાર પછી ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવ બાદ રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુંબઈ પોલીસ પાસે કાયદો-વ્યવસ્થા, ક્રાઇમ, વહીવટીતંત્ર, ટ્રાફિક અને આર્થિક ગુનાઓ માટે પાંચ જોઇન્ટ પોલીસ કમિશનર છે. હવે છઠ્ઠા જોઇન્ટ કમિશનરનું પદ નિર્માણ કરાયું છે.

મુંબઈમાં ગુપ્ત માહિતી એકત્રિત કરવાની કામગીરી સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા કરવામાં આવે છે, જેનું નેતૃત્વ ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ દરજ્જાના એડિશનલ કમિશનર સંભાળે છે અને તેઓ જોઇન્ટ પોલીસ કમિશનર (કાયદો-વ્યવસ્થા)ને રિપોર્ટ કરે છે. હવે આ બ્રાન્ચનું નેતૃત્વ જોઇન્ટ કમિશનર કરશે, જેઓ ઇન્સ્પેક્ટર જનરલ રેન્કના રહેશે.

સ્પેશિયલ બ્રાન્ચ મુંબઈમાં દરેક હિલચાલ પર નજર રાખે છે. તે ઇન્ટેલિજન્સ ઇનપુટ્સ ભેગા કરે છે, સ્લીપર સેલ અને આતંકવાદી સંગઠન પર સહાનુભૂતિ રાખનારાની પ્રવૃત્તિઓ પર બારીકાઇથી નજર

(જુઓ પાનું ૪) ▶▶



**જાળવણી:** મુંબઈના પ્રખ્યાત પર્યટન સ્થળ ગેટવે ઑફ ઈન્ડિયા ખાતે હેરિટેજ ઈમારતનું હાલમાં સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. (જયપ્રકાશ કેળકર)

# સાર્વજનિક હિતના આડે આવશો તો કાર્યવાહી થશે: શિંદેની વન વિભાગને ચેતવણી

થાણે: શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રોજ વાદળછાયું વાતાવરણ રહે છે. ચોમાસુ ગમે ત્યારે ટકોરા મારતું આવી ચડવાના એંધાણ છે. ત્યારે થાણેમાં ગાયમુખ રસ્તાનું કોન્ક્રીટીકરણ હજી પૂરું ન થવાથી રાજ્યના નાયબ-મુખ્યપ્રધાન અને થાણેના પાલક પ્રધાન એકનાથ શિંદે લાલઘૂમ છે. શહેરના રસ્તાઓ તાત્કાલિક ખોડામુક્ત થવા જોઈએ તેવી સ્પષ્ટ સૂચના તેમના તરફથી સંબંધીઓને આપવામાં આવી છે.

શિંદેના ધ્યાનમાં એ બાબત લાવવામાં આવી હતી કે વન વિભાગ તરફથી મંજૂરી ન મળવાના કારણે કામ પૂરું થઇ શક્યું નથી. તેનાથી ક્રોધિત શિંદેએ વન વિભાગના અધિકારીઓ ઉપર કાર્યવાહી કરવાની ચેતવણી ઉચ્ચારી હતી. જુના રસ્તાની મરમ્મત કરવામાં તમારી પરવાનગી કરતા લોકોનો જીવ મહત્વપૂર્ણ છે. સાર્વજનિક હિતના કામોમાં આડા આવશો તો સંબંધિત અધિકારીઓએ કાર્યવાહીનો સામનો કરવો પડશે, આ શબ્દોમાં એકનાથ શિંદેએ અધિકારીઓનો ઉધડો લીધો હોવાનું જાણવા મળ્યું છે.

શુક્રવારે થાણે જિલ્લા નિયોજન સમિતિના હોલમાં આયોજિત આપત્તિ વ્યવસ્થાપન અને ખરીફ ઋતુ આયોજન બાબતની બેઠકમાં જિલ્લાના પાલક પ્રધાન અને ઉપ-મુખ્યપ્રધાન એકનાથ શિંદે બોલી રહ્યા હતા. થાણે જિલ્લામાં વર્ષા ઋતુ દરમિયાન કોઈપણ કટોકટીને પહોંચી વળવા આપત્તિ વ્યવસ્થાપન દળની બે ટિમ હાજર રખાઈ છે અને જરૂર પડશે તો ટીડીઆરએફની ટિમ પણ તાત્કાલિક આવી પહોંચશે. તેથી કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં શહેરના લોકોને તત્કાળ સહાય પહોંચાડી શકાશે, એમ તેમણે જણાવ્યું હતું.

પ્રશાસને સતર્ક થઈને, જિલ્લાની બધી મહાનગર પાલિકા અને નગર પાલિકા. તથા ગ્રામીણ વિભાગમાં જોખમી ઇમારતો અને ઘરો શોધીને

(જુઓ પાનું ૪) ▶▶

## મહાવિકાસ આઘાડીને તોડી પાડવા માટે દિલ્હીમાં રચાયું હતું કાવતરું: સંજય રાઉતનો દાવો

મુંબઈ: ૨૦૧૯માં કોંગ્રેસ, એનસીપી-શિવસેનાએ સાથે મળી સરકાર રચી હતી અને ૨૦૨૨માં તે પડી ભાંગી હતી. ત્યાર બાદ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી આવી અને હાલમાં ભાજપ સાથે ગઠબંધનમાં શિવસેના-એનસીપીના એક જૂથ સત્તામાં છે. ત્યારે હવે અચાનક સંજય રાઉતે તે સમયની ઉદ્ધવ સરકારના પડવા મામલે નિવેદન આપ્યું છે.

એક બાજુ પી. ચિદમ્બરમના નિવેદનથી ગરમાવો છે જ. ચિદમ્બરમે ઈન્ડિયા ગઠબંધનના ભવિષ્ય મામલે સવાલો કર્યા છે. ત્યારે સાંસદ સંજય રાઉતે એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે રાજ્યમાં મહાવિકાસ આઘાડી સરકારને તોડી પાડવા માટે દિલ્હીમાં કાવતરું ઘડવામાં આવ્યું હતું. પોતાને પણ ધમકીભર્યા ફોન મળ્યા હોવાની વાત તેમણે આજે પત્રકારો સાથે વાત કરતા કહી હતી.

સંજય રાઉતે જણાવ્યું કે હું તેમનું નામ લેવા માગતો નથી, પણ એક વરિષ્ઠ નેતા મારા શુભચિંતક હતા. તેમણે કહ્યું. તમે આ સરકાર બનાવી, અમે તેને પાડી રહ્યા છીએ. દિલ્હીમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે અમે તે સરકારને કોઈપણ સ્થિતિમાં સત્તા પર ટકવા દેશું નહીં.

રાઉતે એમ પણ કહ્યું કે મેં તેમને પૂછ્યું હતું કે તમે કાયદેસર રીતે બનેલી સરકારને કેવી રીતે ઉથલાવી શકશો ત્યારે તેમણે કહ્યું હતું કે અમે આમ કરી શકીએ છીએ, પરંતુ મને તમારી ચિંતા છે. તમે આ મામલામાં ન પડશો. બાકી તમને નુકસાન થવાની શકયતા છે. મેં તરત જ આ બધી વિગતો રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુને જણાવી, કારણ કે હું રાજ્યસભાનો સભ્ય છું. મેં નાયડુને કહ્યું કે ગઈકાલે રાત્રે મને ફલાણા વ્યક્તિએ ધમકી આપી હતી. અને બે મહિનામાં, તે સાચું પડી ગયું. ■

# ૧૮ લાખ બોગસ રેશનકાર્ડનો પર્દાફાશ

મુંબઇ: રેશનકાર્ડ અંગેની છેતરપિંડી મામલે મહારાષ્ટ્ર સરકારે મોટી કાર્યવાહી કરી રાજ્યભરમાં ૧૮ લાખથી વધુ બોગસ રેશનકાર્ડ રદ કર્યા છે. મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ, વેપારીઓ અને શ્રીમંત વ્યક્તિઓ, ગરીબો અને વંચિત લોકો માટે સબસિડીવાળા અનાજનો છેતરપિંડી કરી લાભ લઈ રહ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યા પછી આ નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવી છે.

બોગસ રેશનકાર્ડ પૈકી કેટલાક કાર્ડ બાંગ્લાદેશી નાગરિકો પાસે હતા એ અધિકારીઓની તપાસમાં જાણવા મળ્યું છે. આને કારણે ચિંતા વધી છે અને સિસ્ટમની નબળાઈ છતી થઈ છે. આ સમસ્યાના નિવારણ માટે રાજ્યએ વ્યાપક સ્તરે ઇ-કેવાયસી (ઇલેક્ટ્રોનિક નો યોર કસ્ટમર - ગ્રાહકની ઓળખાણ) અભિયાન શરૂ કર્યું છે જેનો હેતુ રેશનકાર્ડ ધારકોની ઓળખ અને પાત્રતાની ચકાસણી કરવાનો છે. અત્યાર સુધીમાં, લગભગ ૫.૨૦ કરોડ કાર્ડધારકોએ તેમનું ઇ-કેવાયસી પૂર્ણ કર્યું છે, જ્યારે ૧.૬૫ કરોડ માટેની પ્રક્રિયા બાકી છે. જોકે સત્તાવાર ઝુંબેશની અવધિ સમાપ્ત થઈ ગઈ છે, પરંતુ સરકારે સ્પષ્ટતા કરી છે કે ઇ-કેવાયસી પ્રક્રિયા આગામી સૂચના સુધી ચાલુ રહેશે, જેથી યોગ્ય લાભાર્થીઓને વિક્ષેપ વિના તેમના અધિકારો મળતા રહે. ■

# અટલ સેતુ પર ડમ્પર સાથે બીએમડબ્લ્યુ કાર ભટકાઇ: યુવકનું મોત

મુંબઈ: અટલ સેતુ પર ડમ્પર સાથે બીએમડબ્લ્યુ કાર ટકરાતાં કાર હંકારી રહેલા ૨૮ વર્ષના યુવકનું મોત થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

શિવડી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર બ્રિજની શરૂઆતથી આઠ કિલોમીટર દૂર ગુરુવારે મોડી રાતે ૨.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો.

મુંબઈથી પુરપાટ વેગે બીએમડબ્લ્યુ કાર પનવેલ તરફ જઇ રહી હતી ત્યારે તે અટલ સેતુ પર ડમ્પર સાથે અથડાઇ હતી. કાર હંકારી રહેલા ચેમ્બુરના રહેવાસી પુનિત સિંહ માજરાનું આ અકસ્માતમાં ઘટનાસ્થળે જ મોત થયું હતું.

કારની ટક્કર એટલી જોરદાર હતી કે ડમ્પર પણ અટલ સેતુની રેલિંગ સાથે ટકરાયું હતું, જેમાં તેના ડ્રાઇવરને પણ ઇજા પહોંચી હતી.

ઘાયલ ડમ્પરચાલકને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયા બાદ પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

# પરિસરમાં વર્ચસ જમાવવા જાહેરમાં ચાકુ હુલાવી યુવકની હત્યા: બેની ધરપકડ

### યુવક પર હુમલા બાદ આરોપીઓએ સ્થાનિક ફેરિયા અને રહેવાસીઓને ધમકાવી ડરનો માહોલ ઊભો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણેમાં પોતાના વિસ્તારમાં વર્ચસ જમાવવા ચાર જણે રાહદારીઓની ભીડવાળા માર્ગ પર જાહેરમાં ચાકુના ઘા ઝીંકી યુવકની હત્યા કરી હોવાની ઘટના બનતાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. યુવક પર હુમલા બાદ આરોપીઓએ સ્થાનિક રહેવાસીઓ અને ફેરિયાઓને ચાકુથી ધમકાવી ડરનો માહોલ ઊભો કર્યો હતો.

વર્તક નગર પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સાંજે ૭.૧૫ વાગ્યાની આસપાસ થાણે પશ્ચિમમાં લક્ષ્મી ચિરાગ નગર ખાતે બની હતી. આ પ્રકરણે કેતન સાટમ (૩૦)ની ફરિયાદને પગલે પોલીસે મુખ્ય આરોપી આર્યન ગઢીવાલ (૨૦), તુષાર નિરુખેકર (૨૪), આકાશ શિંદે (૨૮) અને ભાલ નામે ઓળખાતા ૨૦ વર્ષના યુવાન વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર થાણેના ખોપટ

(જુઓ પાનું ૪) ▶▶

# જુલાઈના અંત સુધીમાં બોરીવલીની છઠ્ઠી લાઈનનું કામ પૂર્ણ થશે

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોને જોડવા માટે બાંદ્રા ટર્મિનસ અને બોરીવલી વચ્ચેની છઠ્ઠી લાઇનનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે, જે જુલાઈના અંત સુધીમાં પૂર્ણ થાય એવી ધારણા છે.

આ છઠ્ઠી લાઈનનું કામ ગોરેગાંવ સુધી નવેમ્બર ૨૦૨૨માં ઓક્ટોબર ૨૦૨૩માં કાંદિવલી સુધી પૂર્ણ થયુ હતું. હવે કાંદિવલી અને બોરીવલી વચ્ચેનું ૩.૭ કિમીનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. કાંદિવલી અને બોરીવલી વચ્ચેના બ્રિજ નંબર ૬૧ પર કોંક્રિટ સ્લેબ અને ગર્ડર બાંધવામાં આવશે. આ કામ જુલાઈના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે. આ રૂટ ખાસ કરીને લાંબા અંતરની ટ્રેનો માટે રખાશે. બોરીવલી સુધી વિસ્તરણ પૂર્ણ થયા બાદ ટ્રેનોમાં વિલંબને ટાળવામાં ઘણી મદદ મળશે, રેલવે અધિકારીઓએ જણાવ્યું.

મુંબઈ ઉપનગરીય રેલ્વે ચર્ચગેટ અને વિરાર વચ્ચે ચાર ટ્રેક છે, જ્યાં અપ-ડાઉન સ્લો અને ફાસ્ટ લોકલ દોડે છે. મુંબઈ સેન્ટ્રલ અને બોરીવલી વચ્ચે પાંચમી લાઈન છે અને હાલમાં અપ અને ડાઉન મેઈલ-એક્સપ્રેસ તેના પર ચાલે છે. બાંદ્રા ટર્મિનસ અને કાંદિવલી વચ્ચે છઠ્ઠો માર્ગ છે. ■

# મુંબઈમાં પાંચ વર્ષમાં બની શકે ૧,૦૦,૦૦૦ સીટવાળું નવું વિશાળ ક્રિકેટ સ્ટેડિયમઃ સીએમ ફડણવીસ

## ૨030માં ૧૦૦ વર્ષ પૂરાં કરનાર એમસીએ તરફથી દરખાસ્ત મળે તો જમીન ફાળવવા રાજ્ય સરકારની તૈયારી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અહીં શુક્રવારે સાંજે વાનખેડે સ્ટેડિયમમાં આયોજિત સમારોહમાં જણાવ્યું હતું કે ‘ જો મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ) મુંબઈ શહેરમાં નવું સ્ટેડિયમ બનાવવા વિશેની દરખાસ્ત મોકલશે તો અમારી રાજ્ય સરકાર એ માટે વિશાળ પ્લૉટ ફાળવશે.’

એમસીએ દ્વારા વાનખેડે સ્ટેડિયમમાં ભૂતપૂર્વ કૅપ્ટન અજિત વાડેકર તેમ જ બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ શરદ પવાર તેમ જ કરોડો ક્રિકેટપ્રેમીઓના લાડલા રોહિત શર્માના નામ જે સ્ટૅન્ડને આપવામાં આવ્યા છે એ ત્રણ સ્ટૅન્ડના અનાવરણ પ્રસંગે ઉપસ્થિત ફડણવીસ બેહદ ખુશ હતા. તેમણે સ્પીચમાં કહ્યું, ‘ આપણા આઇકૉનિક બૅટ્સમૅન, કૅપ્ટન અને મારા ફેવરિટ ક્રિકેટર્સમાંના એક તેમ જ પોતાની બૅટિંગથી અનેક લોકોને મંત્રમુગ્ધ કરનાર ખેલાડી (રોહિત શર્મા) અહીં હાજર છે અને તેની ઉપસ્થિતિમાં હું કહું છું કે જો એમસીએ પ્રપોઝલ મોકલશે તો અમે એક લાખ પ્રેક્ષકો બેસી શકે એટલી ક્ષમતાવાળું નવું સ્ટેડિયમ બનાવવા માટે વિશાળ જમીન આપીશું અને આશા રાખીશું એ નવું સ્ટેડિયમ પાંચ વર્ષમાં (૨૦૩૦ સુધીમાં) બની જાય.’

૨૦૩૦માં એમસીએ ૧૦૦ વર્ષ પૂરા કરશે અને એ અરસામાં નવું સ્ટેડિયમ બની શકે એવી ધારણા છે.

વાનખેડે સ્ટેડિયમનું આ ગોલ્ડન જ્યૂબિલી યર છે. આ સ્ટેડિયમમાં ૩૪,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી જગ્યા છે. નજીકમાં જ આવેલા ઐતિહાસિક બ્રેબર્ન સ્ટેડિયમમાં ૨૦,૦૦૦ જેટલા પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમની ક્ષમતા ૪૫,૦૦૦ સીટની છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧,૦૦,૦૦૦થી પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે અને એ રીતે એ ક્રિકેટ જગતનું સૌથી મોટું સ્ટેડિયમ છે. મુંબઈમાં પણ એની હરોળનું સ્ટેડિયમ બને એવી ફડણવીસ સરકારની ધારણા છે. ■




વાનખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે હિટમૅન રોહિત શર્માનો સુપરહિટ ફૅન. રોહિતે ટી-૨૦ પછી હવે ટેસ્ટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી છે. જોકે તે વન-ડે ફૉર્મેટ રમતો રહેશે. (અમય ખરાડે)

# વાનખેડેમાં મારા જ નામના સ્ટૅન્ડ સામે રમીને હું વિશેષ આનંદ અનુભવીશઃ રોહિત

## અજિત વાડેકર અને શરદ પવારનાં નામ પણ અલગ-અલગ સ્ટૅન્ડને આપવામાં આવ્યા










વાનખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે રોહિત શર્માના નામના સ્ટૅન્ડના અનાવરણ પ્રસંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, બીસીસીઆઇના ભૂતપૂર્વ ચીફ શરદ પવાર તેમ જ રોહિત શર્માના માતા-પિતા, રોહિતની પત્ની રિતિકા તેમ જ એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇક અને અન્ય મહેમાનો (ડાબે). વાનખેડેમાં એક સ્ટૅન્ડને રોહિત શર્માનું નામ આપવામાં આવ્યું છે (વચ્ચે). વાનખેડેમાં એક સ્ટૅન્ડને અજિત વાડેકરનું અને બીજા સ્ટૅન્ડને શરદ પવારનું નામ અપાયું છે (જમણે). (અમય ખરાડે)

મુંબઈઃ ભારતના બૅટિંગ-લેજન્ડમાં ગણાતા અને વન-ડે ફૉર્મેટમાં હજી પણ ભારતીય ટીમના કૅપ્ટન બની રહેલા રોહિત શર્માએ શુક્રવારે સાંજે અહીં વાનખેડે સ્ટેડિયમમાં એક સ્ટૅન્ડને પોતાનું નામ આપવામાં આવ્યું એ બદલ અનેરો આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ‘અહીં મારા જ નામે બનેલા સ્ટૅન્ડ સામે ટીમ ઇન્ડિયાની જર્સી પહેરીને રમવામાં હું જુદા જ આનંદનો અનુભવ કરીશ.’

મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ) દ્વારા વાનખેડે સ્ટેડિયમમાં ત્રણ સ્ટૅન્ડને નવા નામ આપવામાં આવ્યા છે. એક સ્ટૅન્ડને બીસીસીઆઇના ભૂતપૂર્વ ચીફ શરદ પવારનું નામ, બીજા સ્ટૅન્ડને ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન અજિત વાડેકરનું નામ અને ત્રીજા સ્ટૅન્ડને રોહિત શર્માનું નામ આપવામાં આવ્યું છે.

‘હિટમૅન’ રોહિતે શુક્રવારે સાંજના સમારંભને સંબોધતા જણાવ્યું હતું કે ‘અહીં આજે જે કંઈ બન્યું એની મેં કલ્પના પણ નહોતી કરી. કોઈ પણ ખેલાડી અનેક સિદ્ધિઓ મેળવવાનો પ્રયત્ન કરતો હોય છે, પણ આ અવસર અનેરો અને સ્પેશિયલ જ કહેવાય, કારણકે વાનખેડે આઇકૉનિક સ્ટેડિયમ છે અને અહીં મારી અનેક યાદો સમાયેલી છે. અહીં અનેક મહાન લોકો સાથે મારું નામ પણ લખાયું એ મારા માટે બહુ મોટી વાત છે. આ પ્રસંગ મારા માટે વધુ સ્પેશિયલ હોવાનું કારણ એ પણ છે કે હું હજી પણ ક્રિકેટ રમું છું. હું બે ફૉર્મેટ (ટી-૨૦ અને ટેસ્ટ)માંથી નિવૃત્ત થઈ ગયો છું, પણ હજી એક ફૉર્મેટ (વન-ડે)માં રમવાનું મેં ચાલુ રાખ્યું છે.’

રોહિતે એક સ્ટૅન્ડને પોતાનું નામ આપવામાં આવ્યું એ બાબતમાં એવું પણ જણાવ્યું હતું કે ‘હું અહીં ઉપસ્થિત તમામ લોકોનો આભાર માનું છું. મારા માટે આ પળો સ્પેશિયલ છે. મારા માટે આ બધુ કરવામાં આવશે એ મેં ક્યારેય નહોતું ધાર્યું. હું તો અહીં (વાનખેડેમાં) ક્રિકેટ રમવા આવ્યો હતો, મુંબઈ વતી રમવા આવ્યો હતો, દેશ વતી રમવા આવ્યો હતો. મેં પણ હંમેશાં અન્ય ખેલાડીઓની માફક સર્વશ્રેષ્ઠ ક્ષમતાથી પર્ફોર્મ કરવાનો પ્રયાસ કર્યો છે. હું આ મેદાન પર મારા જ નામના સ્ટૅન્ડ સામે રમીશ ત્યારે મારા માતા-પિતા, પત્ની, બાળકો બધા અહીં મોજુદ હશે એ અવસર પણ મારા માટે અપ્રતિમ હશે.’

રોહિત શર્માએ આ અસાધારણ પ્રસંગે માતા-પિતાને તેમ જ પત્ની રિતિકાને સ્ટેજ પર આમંત્રિત કર્યા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને એનસીપીના મુખ્ય નેતા શરદ પવારે રોહિતના માતા-પિતાના શુભહસ્તે રોહિત શર્માના નામના સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરાવ્યું હતું.

આ પ્રસંગે એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇક તેમ જ અન્ય હોદ્દેદારો અને મહેમાનો પણ ઉપસ્થિત હતા. ■

# વૈભવ સૂર્યવંશી ૧૦મા ધોરણમાં નાપાસ થયો એ સાચું કે ખોટું?

પટનાઃ દસમા ધોરણનાં પરિણામોની મોસમ ચાલી રહી છે ત્યારે તાજેતરમાં ૧૪ વર્ષની ઉંમરે આઇપીએલમાં સેન્ચુરી ફટકારનાર આ ટૂર્નામેન્ટના ઇતિહાસનો સૌથી યુવાન ખેલાડી બનેલા વૈભવ સૂર્યવંશીના નામે પણ આ વિષયમાં ચર્ચા ચાલી છે. કેટલાક અહેવાલોમાં જણાવાયું હતું કે સૂર્યવંશી ૧૦મા ધોરણમાં નાપાસ થયો છે. જોકે હકીકત જુદી છે જેના પર આપણે થોડી વાર પછી ચર્ચા કરીશું.

રાજસ્થાન રૉયલ્સે બિહારના સૂર્યવંશીને ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. તેણે આઇપીએલમાં પોતાની પહેલી જ મૅચના પ્રથમ બૉલ પર સિક્સર ફટકારીને સનસનાટી મચાવી જ દીધી હતી, તેણે ગુજરાત ટાઇટન્સ સામે ૩૫ બૉલમાં સદી ફટકારીને કેટલાક વિક્રમો તોડ્યા હતા. એ મૅચમાં તેણે ૫૯ મિનિટ સુધી ક્રીઝ પર રહીને કુલ ૧૧ સિક્સર અને ૭ ફોરની મદદથી ૩૮ બૉલમાં ૧૦૧ રન કર્યા હતા. ત્યાર પછીની બન્ને મૅચમાં તે ફક્ત બે-બે બૉલમાં વિકેટ ગુમાવી બેઠો, પરંતુ તેનું ભવિષ્ય ખૂબ ઉજળું છે.

વાત એવી છે કે દસમા ધોરણનાં પરિણામો વચ્ચે અફવા એવી ઊડી છે કે સૂર્યવંશી ૧૦મા ધોરણની સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યૂકેશન (સીબીએસઇ)ની પરીક્ષામાં ફેલ થયો છે. જોકે અમુક અહેવાલો પરથી જાણવા મળ્યું કે આ પોસ્ટ માત્ર મજાક ખાતર શૅર કરવામાં આવી હતી. એક રમૂજમાં એવું પણ જણાવાયું હતું કે બીસીસીઆઇએ સૂર્યવંશીની ઉત્તર-પત્રિકાઓની ચકાસણી માટે ડીઆરએસ (ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ) હેઠળ તપાસની માગણી કરી છે.

આના પરથી જ જણાયું કે સૂર્યવંશી વિશેની આ પોસ્ટ માત્ર મજાક માટેની જ હતી.

એક અહેવાલ મુજબ સૂર્યવંશી હજી આઠમા ધોરણમાં જ ભણે છે. તે બિહારના સમસ્તીપુર જિલ્લાના તેજપુરની સ્કૂલમાં આઠમા ધોરણનો વિદ્યાર્થી છે અને દસમાની બોર્ડની એક્ઝામ તેના માટે હજી દૂરની વાત છે.

આઇપીએલની ૨૦૦૮ની પ્રથમ સીઝનમાં રાજસ્થાન રૉયલ્સની ટીમ ચૅમ્પિયન બની હતી. જોકે આ વખતે જે ત્રણ ટીમ પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ છે એમાં ચેન્નઈ અને હૈદરાબાદ ઉપરાંત રાજસ્થાનનો પણ સમાવેશ છે. ■

# અરે વાહ! ઑલિમ્પિક્સના પ્રેક્ષકો અને વીઆઈપીઓ માટે પહેલીવાર ઍર ટેક્સી!

લૉસ ઍન્જલસઃ ૨૦૨૮ની સાલમાં અમેરિકામાં લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ વખતે પ્રેક્ષકો અને વીઆઇપીઓ માટે ઐતિહાસિક વ્યવસ્થા કરવામાં આવશે. પહેલી વાર વિશ્વના આ સૌથી મોટા રમતોત્સવમાં ઍર ટેક્સીનો ઉપયોગ કરવામાં આવશે. બીજી રીતે કહીએ તો લૉસ ઍન્જલસમાં જે પણ સ્થળે ઑલિમ્પિક્સની સ્પર્ધાઓ યોજાશે ત્યાં પહોંચવા માટે પ્રેક્ષકો અને મુખ્ય અતિથિઓ તેમ જ વિશેષ મહેમાનો અને ખાસ પ્રેક્ષકગણ માટે ઍર ટેક્સીની વ્યવસ્થા રાખવામાં આવશે.




લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ ૧૪-૩૦ જુલાઈ દરમ્યાન યોજાશે અને એ દરમ્યાન મિડનાઇટ નામની ઇલેક્ટ્રિક ઍર ટેક્સીઓ અમેરિકામાં સૌથી વધુ (૪૦ લાખ લોકોની) વસતિ ધરાવતા શહેર લૉસ ઍન્જલસના આકાશમાં ઉડતી જોવા મળશે.

વર્ટિપૉટ ખાતેથી ટેક-ઑફ કરનારી ઍર ટેક્સી (ફેરી)માં ચાર મુસાફરોને લઈ જવામાં આવશે અને ઑલિમ્પિક્સની સ્પર્ધાના સ્થળની નજીકના હબમાં ઍર ટેક્સી લૅન્ડિંગ કરશે.

યોજનાબદ્ધ નેટવર્કમાં ઇન્જલવૂડનું સૉફી સ્ટેડિયમ, લૉસ ઍન્જલસ મેમોરિયલ કૉલિસીયમ, લૉસ ઍન્જલસ ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ, હૉલીવૂડ, સાન્તા મૉનિકા અને ઑરેન્જ કાઉન્ટીના વર્ટિપોર્ટનો સમાવેશ હશે.

એપી/પીટીઆઇના અહેવાલ મુજબ આર્ચર ઍવિએશનના સીઇઓ તથા સ્થાપક ઍડમ ગોલ્ડસ્ટેઇને જણાવ્યું છે કે ‘અમેરિકામાં અમે લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સના પ્રેક્ષકો માટેની ઍર ટેક્સીની વ્યવસ્થા સાથે ભાવિ પરિવહન માટે નવી અને અનોખી પરંપરા શરૂ કરવા માગીએ છીએ.

મારા મતે પરંપરાગત હેલિકૉપ્ટરની તુલનામાં ઍર ટેક્સીના ઉપયોગમાં અવાજ ઓછો હોય છે અને હવામાં પ્રદૂષણ પણ પ્રમાણમાં ઘણું ઓછું હોય છે.’ ■



## બન્ને ટીમની સંભવિત પ્લેઇંગ-ઇલેવનઃ

બેંગલૂરુઃ રજત પાટીદાર (કૅપ્ટન), વિરાટ કોહલી, ફિલ સૉલ્ટ, મયંક અગરવાલ, જિતેશ શર્મા (વિકેટકીપર), ટિમ ડેવિડ, કૃણાલ પંડ્યા, રોમારિયો શેફર્ડ, ભુવનેશ્વર કુમાર, લુન્ગી ઍન્ગિડી અને યશ દયાલ.

કોલકાતાઃ અજિંક્ય રહાણે (કૅપ્ટન), રહમનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), સુનીલ નારાયણ, અંગક્રિશ રઘુવંશી, આન્દ્રે રસેલ, રિન્કુ સિંહ, રમણદીપ સિંહ, વૈભવ અરોરા, હર્ષિત રાણા, ઍન્રિક નૉર્કિયા અને વરુણ ચક્રવર્તી.

# આઈપીએલ ૨.૦નો આજથી આરંભ

## બેંગલૂરુ-કોલકાતા વચ્ચે સાંજે ૭.30 વાગ્યાથી જંગ

બેંગલૂરુઃ શનિવાર, ૧૭મી મેએ આઇપીએલનો (ભારત-પાકિસ્તાન યુદ્ધ પછીનો) બીજો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે અને એમાં ફાઇનલ ૧૭ મૅચ રમાશે જેમાંની શનિવારના પ્રથમ મુકાબલામાં સામસામે આવનાર રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) અને કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની સંભવિત પ્લેઇંગ-ઇલેવન તેમ જ એમ. ચિન્નાસ્વામી ગ્રાઉન્ડનો પિચ-રિપોર્ટ, વેધશાળાની આગાહી વગેરે બધુ જ હવે તૈયાર થઈ ગયું છે. તો ચાલો, ફરી આઇપીએલની સફર શરૂ કરીએ.

રજત પાટીદારના સુકાનમાં બેંગલૂરુની ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં ગુજરાત ટાઇટન્સ પછી બીજા નંબરે છે, જ્યારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન કેકેઆર છેક છઠ્ઠા નંબરે છે.

### પિચ રિપોર્ટ શું કહે છે?

બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ઘણી વાર ૨૦૦-પ્લસના ટીમ-સ્કોર જોવા મળ્યા છે. અહીં મોટા ભાગે હાઇ-સ્કોરિંગ મૅચો જોવા મળી છે. શનિવારે બેંગલૂરુ-કોલકાતા મૅચમાં પણ બૅટિંગનું વધુ જોર જોવા મળી શકે. જોકે નવા બૉલથી બોલર્સને સારી એવી મદદ મળી શકશે. અહીં પ્રથમ બૅટિંગ કરનારી ટીમોને ૪૩ વખત અને લક્ષ્યાંક ચેઝ કરનારી ટીમને ૫૩ વાર વિજય મળ્યો છે.

### હવામાન કેવું રહેશે?

બેંગલૂરુમાં થોડા દિવસથી વરસાદ પડે છે અને શનિવારે (મૅચના દિવસે પણ) વરસાદ પડવાની આગાહી છે. સાંજે અને રાત્રે વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડવાની સંભાવના છે. મૅચ દરમ્યાન નાનાં-મોટાં વિઘ્નો આવી શકે. મૅચ દરમ્યાન આકાશમાં કાળાં વાદળો છવાયેલાં રહેશે. જો મૅચ ખોરવાઈ જશે અને બન્ને ટીમને એક-એક પૉઇન્ટ અપાશે તો બેંગલૂરુની ટીમ પ્લે-ઑફમાં પહોંચી જશે અને કોલકાતા બહાર થઈ શકે.

### હેડ-ટુ-હેડ મુકાબલાઃ

આઇપીએલમાં બન્ને ટીમ વચ્ચે કુલ ૩૫ મૅચ રમાઈ છે જેમાંથી ૨૦ કોલકાતાએ અને ૧૫ બેંગલૂરુએ જીતી છે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની વાત કરીએ તો આ સ્થળે બન્ને વચ્ચે ૧૨ મૅચ રમાઈ છે જેમાંથી ૮ કોલકાતાએ જીતી છે. નવાઈની વાત એ છે કે ૨૦૧૬ની સાલ પછી એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આરસીબીને ક્યારેય કેકેઆર સામે વિજય નથી મળ્યો. આ બધા આંકડા બતાવે છે કે કેકેઆર આ સ્થળે ફરી એકવાર યજમાન આરસીબીની ટીમ પર હાવિ થઈ શકે. ■

# મેદાન પર વરસાદમાં ટિમ ડેવિડની બાળકો જેવી મસ્તી

બેંગલૂરુઃ અહીં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં શનિવારે સાંજે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે જે મૅચ રમાવાની છે એમાં મેઘરાજા વિઘ્નો ઊભા કરશે એવી આગાહી છે તો ખરી, પરંતુ વરસાદને કારણે પરેશાન થવાની ચિંતા વચ્ચે ખેલાડીઓ વરસાદમાં મોજ માણવાની તક પણ ક્યારેક છોડતા નથી હોતા. આરસીબીના ઑલરાઉન્ડર ટિમ ડેવિડની જ વાત કરીએ.



આ મેદાન પર પ્રૅક્ટિસ દરમ્યાન વરસાદ પડતાં ટિમ ડેવિડ સાથી ખેલાડીઓ ભેગો પૅવિલિયનમાં પાછો તો ગયો, પણ થોડી વારમાં પાછો આવ્યો અને ટી-શર્ટ કાઢીને વરસાદમાં નહાવાની મજા માણવા લાગ્યો હતો. તે મેદાન પર ભરાયેલા પાણીમાં લોટપોટ થઈ ગયો હતો.

ડેવિડ મેદાનની વચ્ચોવચ્ચ આવી ગયો અને ભરાયેલા પાણીમાં નહાવાની સાથે ડાઇવ મારવા લાગ્યો હતો અને બાળકોની જેમ ધોધમાર વરસાદમાં ભીના થવાની મજા પણ માણવા લાગ્યો હતો.

તેને આ રીતે નહાતો જોઈને બાકીના ખેલાડીઓ હસવા લાગ્યા હતા. કેટલાકે તો ડેવિડે ચોક્કા-છગ્ગાનો વરસાદ વરસાવ્યો હોય એ રીતે તાળી પાડીને તેનો ઉત્સાહ વધારતા જોવા મળ્યા હતા.

બેંગલૂરુમાં થોડા દિવસથી લગભગ રોજ વરસાદ પડે છે. જોકે આખા દેશમાં વહેલા વરસાદનું (કમોસમી વરસાદનું) વાતાવરણ છે.

શનિવારે વરસાદને કારણે કોલકાતા સામેની મૅચ રદ થશે અને આરસીબીને એક પૉઇન્ટ મળશે તો પણ રજત પાટીદાર ઍન્ડ કંપનીને કોઈ ખેદ નહીં હોય, કારણકે આ ટીમ પ્લે-ઑફમાં પહોંચવાની અણી પર જ છે અને એને એ એક પૉઇન્ટ પણ ઘણો કામ લાગશે. બીજી તરફ, કોલકાતા આ મૅચ હારશે અથવા ફક્ત એક પૉઇન્ટ મેળવશે તો સ્પર્ધાની બહાર થઈ શકે એમ છે. ■

# ઍરપોર્ટ પર ચાહકોના દિલ તોડ્યાં પછી મિચલ સ્ટાર્ક હવે પાછો ભારત નહીં આવે

નવી દિલ્હીઃ આ વખતે આઈપીએલમાં સારી શરૂઆત કર્યા બાદ હવે પ્લે-ઑફ માટે સંઘર્ષ કરી રહેલી દિલ્હી કેપિટલ્સની ટીમનો મુખ્ય બોલર મિચલ સ્ટાર્ક બાકીની મૅચો માટે ભારત પાછો નથી આવવાનો. ગયા અઠવાડિયે તે ઑસ્ટ્રેલિયા જવા રવાના થયો ત્યારે દિલ્હી ઍરપોર્ટ પર તેણે ચાહકોને ‘આઘા જાઓ’ એવું કહીને નારાજ કર્યા હતા. ચાહકો તેના આ અસભ્ય વર્તનથી ચોંકી ગયા હતા.

સ્ટાર્કે આ વખતે ૧૧ મૅચમાં ૧૪ વિકેટ લીધી છે જે દિલ્હીના તમામ બોલરમાં હાઈએસ્ટ છે.

દિલ્હી કેપિટલ્સે સ્ટાર્કને ૧૧.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ શરૂ થઈ જતાં આઇપીએલ અટકાવી દેવામાં આવી ત્યારે વિદેશી ખેલાડીઓ ભારત છોડીને જવા લાગ્યા હતા. દિલ્હી ઍરપોર્ટ પર ટર્મિનલની બહાર મિચલ સ્ટાર્કને જોતાં જ કેટલાક ક્રિકેટ પ્રેમીઓ તેની પાસે જવા લાગ્યા હતા. સ્ટાર્ક ત્યારે ટ્રોલીમાં પોતાની ક્રિકેટ કિટ ગોઠવી રહ્યો હતો. તેણે કેટલાક ચાહકોને પોતાની પાસે આવતા ટાળ્યા હતા અને એમાંનો એક ફૅન તેનો વીડિયો ઉતારી રહ્યો હતો ત્યારે સ્ટાર્કે તેને ‘દૂર જાઓ’ એવું ત્રણ વાર કહીને નારાજગી બતાવી હતી. સ્ટાર્ક ઑસ્ટ્રેલિયા પાછો પહોંચી ગયો છે અને હવે થોડા દિવસ આરામ કર્યા બાદ ૧૧મી જૂને લૉર્ડ્સમાં સાઉથ આફ્રિકા સામે શરૂ થનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યૂટીસી)ની ફાઈનલ માટેની તૈયારીમાં વ્યસ્ત થઈ જશે.

એક અહેવાલ મુજબ સ્ટાર્કે દિલ્હી કેપિટલ્સના ફ્રૅન્ચાઈઝીને જણાવી દીધું છે કે તે હવે આ વખતની આઇપીએલની બાકીની મૅચો રમવા ભારત પાછો નહીં આવે.

સાઉથ આફ્રિકાનો ટ્રિસ્ટેન સ્ટબ્સ ડબલ્યૂટીસીની ફાઈનલમાં રમવાનો હોવાથી દિલ્હી માટે પ્લે-ઑફની મૅચોમાં ઉપલબ્ધ નહીં હોય.

ફાફ ડુ પ્લેસીએ હજી દિલ્હીને સ્પષ્ટ જવાબ નથી આપ્યો એવું જાણવા મળ્યું છે. ■




**કોલકાતાના ક્રિકેટપ્રેમીઓની અપીલઃ** કોલકાતામાં ગઈ કાલે પોસ્ટર સાથે ક્રિકેટ પ્રેમીઓ. તેમણે બીસીસીઆઇને વિનંતી કરી છે કે અગાઉ નક્કી થયા મુજબ જ ઈડન ગાર્ડન્સમાં આઈપીએલની ફાઈનલ રાખજો. જોકે ઉલ્લેખનીય છે કે નવા શેડ્યૂલમાં ફાઈનલ કોલકાતાને બદલે મુંબઈ અથવા અમદાવાદમાં રાખવાની વિચારણા થઈ રહી છે. (પીટીઆઇ)

# આઈટી શેરોના પ્રોફિટ બુકિંગથી બેન્ચમાર્ક ગબડ્યો, ભારતી એરટેલ અને ઈન્ડસઈન્ડ બેન્કમાં વેચવાલીના દબાણ વચ્ચે કડાકા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સરહદે યુદ્ધ અને લશ્કરી અથડામણ તથા આક્રમણ અને સીઝફાયર વચ્ચે સપ્તાહની શરૂઆતમાં તેજી બાદ અંતિમ સત્રમાં ફાઇનાન્શિયલ અને ઇન્ફર્મેશન ટેકનોલોજી સેગમેન્ટના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં વેચવાલીનું દબાણ આવવાથી શુક્રવારે ભારતીય બેન્ચમાર્ક શેરઆંક નીચા સ્તરે બંધ થયા હતા. હાલ યુદ્ધની ગરમાગરમી ઠંડી પડી હોવાથી શેરલક્ષી કામકાજમાં વધારો થયો છે. સેન્સેક્સ ૨૦૦.૧૫ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકા ઘટીને ૮૨,૩૩૦.૫૯ પોઇન્ટ પર બંધ થયો છે, જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ ૪૨.૩૦ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા ઘટીને ૨૫,૦૧૯.૮૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો છે.

ભારતી એરટેલ, એચસીએલ ટેક્નોલોજીસ, ઇન્ફોસિસ, એસબીઆઇ અને ટેક મહિન્દ્રા ૦.૮૦ ટકાથી ૨.૮૦ ટકા સુધીના કડાકા સાથે ટોપ લૂઝર્સ બન્યા હતા. ટીસીએસ, બજાજ ફિનસર્વ, લાર્સન, મહિન્દ્રા અને ટાઇટન પણ ગબડ્યા હતા, જ્યારે એટર્નલ, હિન્દુસ્તાન યુનિલિવર, એશિયન પેઇન્ટ્સ, આઇટીસી, ટાટા મોટર્સ અને એનટીપીસીમાં સુધારો હતો. ઇન્ટર્નલ ઓડિટમાં રૂ. ૫૯૫ કરોડની અપ્રમાણીત રકમ મળી આવી હોવાની જાણ કરનારી ઇન્ડસઇન્ડ બેન્કના શેરમાં સત્ર દરમિયાન છ ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. વેચાણમાં ઘટાડો થવાથી હ્યુન્ડાઇ મોટર્સ ઇન્ડિયાનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ચાર ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૧૪ કરોડ નોંધાયો છે.

પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ શરૂ થઇ છે. બોરાના વીવ્સ લિમિટેડ રૂ. ૧૪૪.૮૯ કરોડના બુકબિલ્ડિંગ જાહેર ભરણાં સાથે ૨૦મી મેના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે. સબ્સ્ક્રિપ્શન ૨૨ મીએ બંધ થશે. શેરની ફાળવણી શુક્રવાર, ૨૩ મેના રોજ નક્કી થવાની અપેક્ષા છે. લિસ્ટિંગ બીએસઇ, એનએસઇ પર ૨૭ મે, ૨૦૨૫ના રોજ થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૨૦૫થી રૂ. ૨૧૬ છે. અરજી માટે લઘુત્તમ લોટ સાઈઝ ૬૯ શેરનો છે.

બેલરાઇઝ ઇન્ડસ્ટ્રીઝ રૂ. ૨૩.૮૯ કરોડના જાહેર ભરણાં સાથે ૨૧ મે, ૨૦૨૫ના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે, ભરણું ૨૩ મે, ૨૦૨૫ના રોજ બંધ થશે. બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ ૨૮ મેએ થવાની ધારણા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૫થી રૂ. ૯૦ પ્રતિ શેર નક્કી થઇ છે. અરજી માટે લઘુત્તમ લોટ સાઈઝ ૧૬૬ શેરનો છે. બીએલએસ ઇન્ટરનેશનલે વર્ષ ૨૦૨૫માં ૩૦.૮ ટકાના વધારા સાથે રૂ. ૨૧૯૩.૩૦ કરોડની રેવેન્યુ નોંધાવી છે.

હીટિંગ, વેન્ટિલેશન, એર કન્ડીશનીંગ અને રેફ્રિજરેશન ઉદ્યોગની અગ્રણી કંપની કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, કેઆરએન એચએવીસી પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડને ભારત સરકારની પીએલઆઇ યોજના હેઠળ એર કન્ડીશનર અને એલઇડી ઉત્પાદનો જેવા વ્હાઇટ ગૂડ્સ માટે મંજૂરી મળી છે. ઇમામીએ રૂ. ૧૬૨ કરોડનો અને જ્યુબિલન્ટ ફાર્મોવાએ રૂ. ૧૫૧.૩૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પ્રીમિયમ સ્પાઇસીસ, ડ્રાઇ ફ્રૂટ અને ગ્રોસરી પ્રોડક્ટના સોર્સિંગથી માર્કેટિંગમાં વ્યસ્ત લીઓ ડ્રાયફ્રુટ્સ એન્ડ સ્પાઇસીસ ટ્રેડિંગ લિમિટેડે, અગ્રણી લક્ઝરી હોસ્પિટાલિટી કંપની ઇઆઇએચ લિમિટેડ પાસે મેળવેલા માઇલસ્ટોન કરાર હેઠળ તે મુંબઈમાં ટ્રાઇડેન્ટ હોટેલ્સ, ઓબેરોય હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ અને ઓબેરોય ફ્લાઇટ સર્વિસિસને સ્પાઇસીસ અને ડ્રાઇ ફ્રૂટની સિગ્નેચર રેન્જ સપ્લાય કરશે.

અલાઇડ બ્લેન્ડર્સ એન્ડ ડિસ્ટીલરીઝ લિમિટેડે ચોથા ક્વાર્ટરમાં ૨૧.૪ ટકાના વધારા સાથે રૂ. ૯૩૫ કરોડની આવક અને ગયા વર્ષના સમાનગાળાની રૂપિયા બે કરોડની ખોટ સામે રૂ ૭૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એલટી ફૂડ્સે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૧૨ ટકાના વધારા સાથે રૂ. ૮૭૭૦ કરોડની રેવેન્યુ નોંધાવી છે.

લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડના બાંધકામ વિભાગ તરફથી એલઇડી લાઇટ્સ અને ફિક્સરની ઉત્પાદક અને લાઇટિંગ સોલ્યુશન્સ પ્રોવાઇડર, ફોક્સ લાઇટિંગ એન્ડ ફિક્સ્ચર્સ લિમિટેડને રૂ. ૧૦.૫ કરોડના મૂલ્યનો ઓર્ડર મળ્યો છે જે આઠ મહિનાના સમયગાળામાં અમલમાં મુકવામાં આવનાર અદ્યતન એલઇડી લાઇટિંગ અને ફિક્સર પ્રોડક્ટ્સ, સપ્લાઇ અને



ડિલિવરી માટે છે.

સરકારી માલિકીની ભારત હેવીલેક્ટ્રિકલ્સે માર્ચ ક્વાર્ટરમાં ત્રણ ટકાના વધારા સાથે રૂ. ૫૦૪.૪૫ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૯૧૪૨.૬૪ કરોડની કુલ આવક નોંધાવી છે. આઇટીસી હોટલ્સે ચોથા ક્વાર્ટરમાં ૧૯ ટકાના વધારા સાથે રૂ. ૨૫૭.૮૫ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૧૦૬૦.૬૨ કરોડની કોન્સોલિડેટેડ રેવન્યૂ નોંધાવી છે. નાના શેરોમાં લેવાલી જળવાઇ હતી. બીએસઈ સ્મોલકેપ ઇન્ડેક્સ ૧.૧૮ ટકા અને મિડકેપ ઇન્ડેક્સ ૦.૮૫ ટકા વધ્યો હતો. ક્ષેત્રીય શેરઆંકોમાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં સૌથી વધુ ૧.૮૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો, ત્યારબાદ રિયલ્ટી (૧.૭૨ ટકા), કેપિટલ ગુડ્સ (૧.૬૩ ટકા), યુટિલિટીઝ (૧.૪૪ ટકા), પાવર (૧.૩૭ ટકા) અને કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી (૦.૮૭ ટકા)નો ક્રમ આવે છે. આઈટી, ટેક, બીએસઈ ફોકસ્ડ આઈટી, મેટલ અને બેંકેક્સ ગબડ્યા હતા. સાપ્તાહિક મોરચે, બીએસઈ બેન્ચમાર્ક ૨,૮૭૬.૧૨ પોઈન્ટ અથવા ૩.૬૧ ટકા વધ્યો છે અને નિફ્ટી ૧,૦૧૧.૮ પોઈન્ટ અથવા ૪.૨૧ ટકા વધ્યો છે.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા સ્તરે સ્થિર થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો. યુરોપિયન બજારો વધારા સાથે કારોબાર કરી રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા સ્તરે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૯ ટકા વધીને ૬૪.૫૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવારે રૂ. ૫,૩૯૨.૯૪ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. ગુરુવારે સેન્સેક્સ ૧,૨૦૦.૧૮ પોઈન્ટ અથવા ૧.૪૮ ટકા વધીને ૮૨,૫૩૦.૭૪ પોઇન્ટની સાત મહિનાની ટોચે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૩૯૫.૨૦ પોઈન્ટ અથવા ૧.૬૦ ટકા વધીને ૨૫,૦૬૨.૧૦ ની સાત મહિનાની ટોચે પહોંચ્યો હતો.

સેક્ટરલ ધોરણે ઈન્ડસ્ટ્રિયલ્સ, રિયલ્ટી અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ વધ્યા હતા, જ્યારે ટેક ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. એક્સચેન્જ પર લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપમાં રૂ.૨.૫૭ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૨,૫૩૦.૭૪ના બંધથી ૨૦૦.૧૫ પોઈન્ટ્સ (૦.૨૪ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૨,૩૯૨.૬૩ ખૂલીને ઊંચામાં ૮૨,૫૧૪.૮૧ સુધી અને નીચામાં ૮૨,૧૪૬.૯૫ સુધી જઈને અંતે ૮૨,૩૩૦.૫૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૦.૧૯ લાખ કરોડથી રૂ.૨.૫૭ લાખ કરોડ વધીને રૂ.૪૪૨.૭૬ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૪ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૧૨૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૬૦૭ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૩૮૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા.

કુલ ટ્રેડેડ શેરોમાંથી ૮૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૮૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૮ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૨૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૪૯ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૮ ટકા, રિયલ્ટી ૧.૭૨ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૩ ટકા, યુટિલિટીઝ ૧.૪૪ ટકા, પાવર ૧.૩૭ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૮૭ ટકા, સર્વિસીસ ૦.૭ ટકા, ઓટો ૦.૬૩ ટકા, એફએમસીજી ૦.૬૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૫૯ ટકા, એનર્જી ૦.૫ ટકા, કોમોડિટીઝ ૦.૩ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૧ ટકા વધ્યા હતા, જ્યારે ટેક ૧.૨૯ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૮૮ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૭૧ ટકા, હેલ્થકેર ૦.૨૯ ટકા, મેટલ ૦.૨ બેન્કેક્સ ૦.૧૫ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૧.૩૮ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૧૦ ટકા, એશિયન પેઈન્ટ ૦.૯૮ ટકા, આઈટીસી ૦.૭૩ ટકા, નેસ્લે ૦.૫૨ ટકા, તાતા મોટર્સ ૦.૩૬ ટકા, એનટીપીસી ૦.૩૫ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૨૬ ટકા, પાવર ગ્રીડ ૦.૨૩ ટકા, રિલાયન્સ ૦.૧૯ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૧૯ ટકા વધ્યા હતા, જ્યારે ભારતી એરટેલ ૨.૮૧ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૧૪ ટકા, સ્ટેટ બેન્ક ૧.૯૬ ટકા, ઈન્ફોસિસ ૧.૪૬ ટકા, ટેક મહિન્દ્ર ૦.૭૯ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૫૦ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૪૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૫૭.૬૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧૯૭૨ સોદામાં ૧,૫૬૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૪,૮૧,૪૪૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૪૨,૭૫,૦૮૭.૫૫ કરોડનું રહ્યું હતું.

### વૈશ્વિક સોનું ૧.૯ ટકા તૂટીને ૩૨૦૦ ડૉલરની અંદર છતાં

# સ્થાનિકમાં ઘટ્યા મથાળેથી માગને ટેકે સોનામાં ₹ ૬૪નો મામૂલી ઘસરકો, ચાંદીમાં ₹ ૩૪નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે સોનામાં રોકાણકારોની સલામત માટેની માગમાં ઘટાડો થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં વધુ ૧.૯ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧.૪ ટકાનો ઘટાડો આગળ વધ્યો હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં નીચા મથાળેથી બન્ને કિંમતી ધાતુઓમાં રોકાણકારોની અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નીકળી હતી. તેમ જ આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નબળો પડ્યો હોવાથી હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ સાધારણ રૂ. ૬૪નો ઘટાડો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪નો સાધારણ સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિકમાં ઘટચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ અને ડૉલર સામે રૂપિયો નબળો પડતાં વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૪ના સાધારણ ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૯૧,૯૩૧ અને રૂ. ૯૨,૩૦૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે



૯૯૯ ટચ ચાંદીમાં પણ ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૪ વધીને રૂ. ૯૫,૬૦૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો સુધારો આવ્યો હોવાથી અને રોકાણકારોની સોનામાં સલામતી માટેની માગ નિરસ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૧.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧૭૮.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં નવેમ્બર, ૨૦૨૪ પછીનો સૌથી મોટો ચાર ટકાનો ઘટાડો નોંધાયો છે. વધુમાં આજે સોનાના વાયદામાં પણ ભાવ ૧.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧૮૦.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને ચાંદીના ભાવ ૧.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકા અને ચીન વચ્ચેનાં ટ્રેડ વૉરનો તણાવ હળો થતાં આ સપ્તાહ દરમિયાન સોનામાં વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું ટેસ્ટીલિવનાં ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પિવીકે જણાવતા ઉમેર્યું હતું કે આ સપ્તાહના આરંભે ચીન અને અમેરિકા એપ્રિલના આરંભમાં લાદવામાં આવેલી ઊંચી ટૅરિફમાં કામચલાઉ ધોરણે ઘટાડવા સહમત થયા હતા.

દરમિયાન ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના એપ્રિલ મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં અનપેક્ષિતપણે ઘટાડો જોવા મળ્યો હતો અને રિટેલ વેચાણમાં વૃદ્ધિ જોવા મળી હતી. તે પૂર્વે રિટેલ ફુગાવામાં પણ ઘટાડો થયો હોવાથી ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના ગવર્નર માઈકલ બારે જણાવ્યું હતું કે અમેરિકી અર્થતંત્રમાં મજબૂત વલણ જોવા મળ્યું છે અને ફુગાવો પણ ફિડરલના બે ટકાનાં લક્ષ્યાંક નજીક જઈ રહ્યો છે. તેમ છતાં અર્થતંત્રની ભવિષ્યની સ્થિતિનો આધાર અમેરિકાની વેપાર નીતિઓ પર વધુ અવલંબિત છે. પરંપરાગત ધોરણે સોનામાં રોકાણકારોની આર્થિક અને રાજકીય અનિશ્ચિતતાના સંજોગોમાં સલામતી માટેની માગ રહેતી હોય છે, પરંતુ હાલના તબક્કે આવા પરિબળોનો અભાવ હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકાની વેપાર નીતિની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા સોનામાં દરેક ઘટાડે રોકાણકારોનું આકર્ષણ જળવાઈ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

# એપ્રિલમાં વેપાર ખાધ વધીને પાંચ મહિનાની ઊંચી સપાટીએ રહેતાં ડૉલર સામે રૂપિયામાં એક પૈસાનો સાધારણ સુધારો

મુંબઈઃ ગત એપ્રિલમાં દેશમાં ખાસ કરીને ક્રૂડતેલ અને ફર્ટિલાઈઝરના શિપમેન્ટમાં વધારો થવાથી આયાત વર્ષાનુવર્ષ ધોરણે ૧૯.૧૨ ટકા વધીને ૬૪.૯૧ અબજ ડૉલરના સ્તરે અને નિકાસ ૯.૦૩ ટકા વધીને છ મહિનાની ઊંચી ૩૮.૪૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ છતાં નિકાસ આયાત કરતાં વધુ રહેતાં મહિનાના અંતે વેપાર ખાધ પાંચ મહિનાની ઊંચી ૨૬.૪૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાના ગઈકાલના મોડી સાંજના અહેવાલો તથા વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા તૂટ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી લેવાલી અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ રહ્યું હોવાથી સત્રના અંતે ડૉલર સામે રૂપિયો સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૫.૫૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૨૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૦ અને ઉપરમાં ૮૫.૨૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે મામૂલી એક પૈસાના સુધારા સાથે ૮૫.૫૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ગબડ્યો હતો. એકંદરે આજે ડૉલર સામે એશિયન અને યુરોપિયન ચલણોમાં સુધારો જોવા મળ્યો હોવા છતાં ગત એપ્રિલ મહિનાના આયાત-નિકાસ અને વેપાર ખાધના ડેટા નબળા આવ્યા હોવાથી રૂપિયામાં રૂપિયો ૮૫ની સપાટી તોડવામાં સફળ નહોતો રહ્યો અને અપેક્ષાનુસાર ૮૫.૨૫થી ૮૫.૭૫ની રેન્જમાં અથડાતો રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સનાં ટ્રેઝરી વિભાગના હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાલીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા વધીને બેરલદીઠ ૬૪.૬૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૦૦.૧૫ પૉઈન્ટનો અને ૪૨.૩૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ આર્થિક ડેટાઓને કારણે રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૪નો સુધારો



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં ટેન્ડરોમાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૮૦થી ૩૮૨૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પ્રબળ માગ અને અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી મથકોથી વિપરીત હાજર ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પ્રબળ માગ અને અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેનાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ના સુધારા સાથે રૂ. ૩૯૩૬થી ૩૯૯૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૩૯૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં જળવાતી પીછેહઠ, આયાતી તેલની ટૅરિફ વૅલ્યુમાં ઘટાડો


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ત્રણ ડૉલરનો અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૪ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ ગઈકાલે સરકારે આયાતી તેલની ટૅરિફ વૅલ્યુમાં ઘટાડો કર્યો હોવાથી આજે સ્થાનિકમાં આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આગળ ધપ્યો હતો, જ્યારે મથકો પાછળ સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ વધી આવ્યા હતા અને અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો પણ છૂટાછવાયા રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે સરકારે આયાતી ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યુ જે ટનદીઠ ૧૦૪૯ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૧૯ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૭૧૩ ઘટીને રૂ. ૨૪,૨૧૧, આરબીડી પામોલિનની ટૅરિફ જે ટનદીઠ ૧૧૧૨ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૨૨ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૨૭૮૦ ઘટીને રૂ. ૩૧,૫૬૭ અને સોયા ડિગમની ટૅરિફ વૅલ્યુ જે ટનદીઠ ૧૧૦૨ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૭૦ ડૉલર કરતા અસરકારક જકાત રૂ. ૭૮૪ ઘટીને રૂ. ૨૫,૪૨૩ની સપાટીએ રહી હતી.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૨૦, રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૪૧૦ અને ગોકુલ એગ્રો તથા ઓલામના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે વેપારો પણ છૂટાછવાયા ગોઠવાયાના અહેવાલ હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના અને સિંગતેલના રૂ.૧૩૮૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા.

# ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો, અન્ય ધાતુમાં મિશ્ર વલણ



મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. સાત અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યો હતો, જ્યારે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીએ એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને કોપર આર્મિચરમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૨૮૬૨ અને રૂ. પાંચ વધીને રૂ. ૧૩૬૩ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકારોની છૂટીછવાઈ માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૪૦ અને રૂ. ૮૮૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકારો અને સ્થાનિક ડીલરોની નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૪૩, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૦૦ અને કોપર આર્મિચર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૧૫ અને રૂ. ૨૬૦ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમ કે કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્ન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



રાજકોટમાં ગુનાહિત ઈતિહાસ ધરાવનાર અજય માનસિંગ પરસોંડાના ઘર પર બુલડોઝર ચાલ્યું હતું, શખ્સએ પોતાનું ઘર સરકારી જમીન પર ગેરકાયદે રીતે ચણ્યું હતું... (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# લાંબા સમય બાદ કચ્છ યુનિવર્સિટીમાં ત્રીજા કાયમી કુલસચિવની નિમણૂક કરાઈ


(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં લાંબા સમયથી ખાલી પડેલા કુલસચિવના પદ પર પ્રા. ડૉ. અનિલ ગોરની પાંચ વર્ષ માટે કાયમી નિયુક્તિ કરાઈ છે. ડૉ. અનિલ ગોર કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કાયમી કુલસચિવ તેમ જ નાયબ કુલસચિવ તરીકે વર્ષ ૨૦૦૩થી ૨૦૧૦ દરમિયાન કાર્યભાર સંભાળી ચૂક્યા છે.

કુલપતિ ડૉ. મોહન પટેલે આ બાબતે જણાવ્યું હતું કે, કુલસચિવની ખાલી પડેલી જગ્યા પર નિયુક્તિ માટે યુનિવર્સિટી દ્વારા કરાયેલી દરખાસ્ત બાદ ઉચ્ચ શિક્ષણ કચેરીના સેક્શન અધિકારી ધર્મેશકુમાર હઠીલા દ્વારા જારી કરાયેલા આદેશમાં રજિસ્ટ્રારની જગ્યા પર આગામી પાંચ વર્ષ માટે ડૉ. અનિલકુમાર એચ. ગોરની નિમણૂકને બહાલી અપાઈ છે.

પ્રથમ કાયમી કુલસચિવ તરીકે ડૉ. ગોરની નિયુક્તિ બાદ ખાલી પડેલી જગ્યા પર બીજા કાયમી રજિસ્ટ્રાર પદે ડૉ. જી. એમ. બુટાણીને નિમણૂક અપાઈ હતી. જોકે, ડૉ. જી.એમ. બુટાણીએ રાજીનામું આપી દીધા બાદ પરીક્ષા નિયામક ડૉ. તેજલ શેઠને ચાર્જ સોંપાયો હતો. .

દરમિયાન, ખાસ જારી કરાયેલા આદેશ બાદ ડૉ. ગોરે ડેપ્યુટેશન પર કુલસચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. હવે રાજ્ય સરકાર દ્વારા ડૉ. ગોરની જ ફરી કાયમી કુલસચિવ પદે નિમણૂક કરાઈ છે. કચ્છ યુનિવર્સિટીને કાયમી રજિસ્ટ્રાર મળતાં હવે વહીવટી ગતિવિધિઓને વેગ મળશે તેવું મોહન પટેલે ઉમેર્યું હતું.



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

# કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી હતી. ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી.) કાયદા હેઠળ વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં હતાં.

આ કાર્યવાહીમાં આરોપીઓના ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલ્કત મળીને કુલ ૬૩.૪૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. દેશના ઇતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહીની નોંધ લેવામાં આવી હતી. રાજ્યમાં નિર્દોષ લોકોને વ્યાજખોરોના ત્રાસ સામે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીની સૂચનાથી ગુજરાત પોલીસે કડક પગલાં ભર્યાં હતાં. ગુજરાતમાં પ્રથમ વખત પોલીસ દ્વારા વ્યાજખોરોની મિલ્કત જપ્ત કરી કડક કાર્યવાહી હાથ ધરી હતી.

ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના સૂચન મુજબ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા રાજ્યભરના પોલીસ સ્ટેશનોને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા અને તેમની ગેરકાયદેસર મિલ્કતો જપ્ત કરવા સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત, સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસે સંગઠિત ગુનાહિત ટીમ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ રિયાબેન ઇશ્વરગર ગોસ્વામી, આરતીબેન ઇશ્વરગર ગોસ્વામી અને તેજસ ઇશ્વરગર ગોસ્વામી સામે કાર્યવાહી કરી હતી. ગૃહ વિભાગના હુકમના આધારે આ મિલ્કતોને જપ્ત કરવામાં આવી છે.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ અને જી.સી.ટી.ઓ.સી. કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે આ મિલ્કતોને જપ્ત કરી દરખાસ્ત ગૃહ વિભાગ, ગાંધીનગરને મોકલવામાં આવી હતી. આ નોંધપાત્ર કાર્યવાહી બદલ ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કચ્છ પૂર્વના એસ.પી. સાગર બાગમાર અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ મનપા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પ્રિ-મોન્સૂન કામગીરી માટે રૂ. ત્રણ લાખનો વધારાનો ખર્ચ મંજૂર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસ માટે અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ પલ્લવીબેન ઠાકરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જીઆઈએસએફ સિક્યુરિટી ગાર્ડની ભરતી માટે રુ. ૫૦ લાખની દરખાસ્તને મંજૂરી મળી છે.

આ બેઠકમાં શહેરના ત્રણ આશ્રય ગૃહોનું સંચાલન ખાનગી સંસ્થા 'સત્યમ સેવક યુવક મંડળ' અને 'સીધી સેવા ખાદી ગ્રામ ઉદ્યોગ' સંસ્થાઓને સોંપવામાં આવ્યું છે. ઝાંઝરડા ચોકડી પાસે થયેલી આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ત્રણ વ્યક્તિઓના પરિવારને રૂ. ત્રણ લાખ અને ઈજાગ્રસ્ત ત્રણ વ્યક્તિઓને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાનો નિર્ણય લેવાયો હતો. જયશ્રી ફાટકથી નર્મદેશ્વર સુધીના માર્ગને પૂર્વ આરોગ્ય મંત્રી નિમાબેન આચાર્યના નામ રાખવાનો ઠરાવ મંજૂર કરાયો હતો. એસટી સર્કલ રોડ પર પદ્મશ્રી દિવાળીબેન ભીલની પ્રતિમા સ્થાપિત કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

પ્રિ-મોન્સૂન કામગીરી માટે રૂ. ૩ લાખનો વધારાનો ખર્ચ મંજૂર કરાયો હતો તેમજ ગટરના ઢાંકણાની મરામત માટે રૂ. ૧ લાખ સુધીના ખર્ચને મંજૂરી અપાઈ હતી. આ ઉપરાંત સ્ટોર શાખાની કોમ્પ્યુટર સિસ્ટમ અને ટેકનિકલ સાધનોની ખરીદીની દરખાસ્તોને પણ મંજૂરી આપવામાં આવી હતી.

# ભાવનગરના અલંગમાં ૪૭૬ મેટ્રિક ટનના શિપનું ભંગાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરના અલંગમાં સૌથી મોટું શિપ ભંગાવવા માટે આવ્યું છે. એશિયાનું સૌથી મોટું જહાજ ભાંગવાનું સ્થળ છે. અલંગમાં નાના-મોટો જહાજો તોડવામાં આવે છે. ૧૧૭૮૦ મેટ્રિક ટનનું ક્રુઝ શિપ ભંગાણ અર્થે આવ્યું છે

લાંબાગાળાથી અલંગના ધંધામાં મંદી ચાલતી હતી. ત્યારે હાલ અલંગના વેપારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો કારણકે અલંગમાં આવા મોટા શિપ ભંગાણ માટે આવતા હોય છે. આ શિપ વર્ષ ૧૯૮૦માં બન્યું હતું તેની વિશેષતામાં ૧૦ માળ, ૪૭૬ કેબીન છે, શિપમાં ૧૪૦૦થી વધુ મુસાફર અને ૩૦૦થી વધુ ક્રૂ મેમ્બરની ક્ષમતા ધરાવતું હતું.

ભાવનગરના અલંગમાં સૌથી મોટું શિપ ભંગાવવા માટે આવ્યું હતું. ભાવનગરના અલંગમાં ૧૧૭૮૦ મેટ્રિક ટનનું શિપ ભંગાણ માટે આવતા તેમાં ૪૭૬ કેબીન અને ૧૦ માળનું ક્રુઝ શિપ અલંગમાં આવ્યું છે. આ શિપને અલંગના પ્લોટ નંબર ૧૫માં બીચ કરવામાં આવ્યું હતું. .

લાંબા સમય બાદ શિપ બ્રેકીંગ વ્યવસાયમાં ૧૧૭૮૦ મેટ્રિક ટનનું શિપ ભંગાણ માટે આવ્યું હતું. અલંગમાં અલગ-અલગ શિપ ભંગાણ માટે આવતા હોય છે પરંતુ આ શિપ વિશ્વમાં અલગ-અલગ જગ્યાએ ફરીને અલંગમાં ભંગાણ માટે આવ્યું છે. આ શિપની ક્ષમતા પૂર્ણ થતા તેનું ભંગાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જહાજ તોડી તેમાંથી નીકળતા કાચ, પ્લાસ્ટિક, લાકડાનું રાચરચીલું, લોખંડ વગેરે વસ્તુઓનું વેચાણ પણ કરવામાં આવે છે.

# માંડવીના કોડાય મધ્યે આવેલી એસજીજે ઈન્સ્ટિટયૂટને અદ્યતન ડ્રોન લેબ બનાવવા માટે ડીજીસીએ અને એઆઇસીટીઇએ માન્યતા આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ફોટોગ્રાફી, કૃષિ, સંરક્ષણ સહિતના અનેક ક્ષેત્રે વિશ્વમાં ક્રાંતિ સમાન બની ચૂકેલા ડ્રોનના ઉપયોગને વ્યાપક બનાવવા માટે ડીજીસીએ (ડાયરેકટર જનરલ ઑફ સિવિલ એવિએશન) અને એઆઇસીટીઇ દ્વારા ભારતમાં ૩૩ જેટલી સંસ્થાઓને તાજેતરમાં માન્યતા આપવામાં આવી છે. ગુજરાતની વાત કરીએ તો માન્યતા પ્રાપ્ત ત્રણ સંસ્થામાં સિમાવર્તી કચ્છના માંડવી તાલુકાના કોડાય સ્થિત એસજીજે ઇન્સ્ટિટયૂટને માન્યતા આપવામાં આવી છે.

એસજીજે ગ્રુપના ડાયરેકટર અને સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ નિષ્ણાત બિનુ પિલ્લાઈએ આ અંગે જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહેલા ભાતીગળ પ્રદેશ કચ્છને પ્રથમ ડ્રોન માટેની અદ્યતન લેબ મળશે, જે કચ્છનાં શૈક્ષણિક ક્ષેત્રમાં એક નવી ક્રાંતિ છે.

ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેક્નિકલ દ્વારા ઊભરતી કંપની એરો વિઝન પ્રા.લિ. (એવીપીએલ)ના સહયોગથી શરૂ કરવામાં આવી રહેલી આ અદ્યતન લેબના પગલે કચ્છના વિદ્યાર્થીઓને ભારત સરકારની માર્ગદર્શિકા અને ટૅક્નોલૉજી ક્ષેત્રની ઝડપી વિકાસધારા સાથે સંકળાવાની તક મળશે. શૈક્ષણિક અને ઉદ્યોગજગત વચ્ચેના સંકલનનો છાત્રોને લાભ મળે એ આ કોર્સની ખાસ વિશિષ્ટતા છે.

વળી તે નવી શિક્ષણનીતિ સાથે સુસંગત હોવાથી વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સાથેના વ્યવહારુ અને કારકિર્દી કેન્દ્રીત અભ્યાસમાં મદદરૂપ થશે. આ લેબમાં ડીજીસીએ દ્વારા માન્યતાપ્રાપ્ત વિવિધ ડ્રોનને લગતા કોર્સિસ શીખવવામાં આવશે જેમાં છાત્રોને સરકાર દ્વારા સહાયિત ફી માફી અથવા રાહત મળશે તેમ બિનુ પિલ્લાઈએ ઉમેર્યું હતું.

# નકલી ભારતીય ચલણી નોટ બનાવવાના ઉપયોગમાં લઈ શકાય તેવા કાગળોના ભુજમાંથી બંચ મળી આવ્યા



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નકલી ભારતીય ચલણી નોટને યુક્તિપૂર્વક બંડલમાં રાખીને છેતરપિંડીના સેંકડો બનાવો કચ્છમાંથી બહાર આવી ચૂક્યા છે તેવામાં પોલીસ કોમ્બિંગ દરમ્યાન એક ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સનાં ભુજ ખાતેના શેખ ફળિયામાં આવેલા મકાનમાંથી નકલી ચલણી નોટના બંડલો બનાવા માટે વપરાતા કાગળના ૯૦ જેટલા બંચ મળી આવતાં આરોપીને પકડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઈન્ડો-પાક યુદ્ધ અને યુદ્ધવિરામ વચ્ચે કચ્છમાં અપાયેલી હાઇઍલર્ટ વચ્ચે ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિઓને પકડવા માટે ખાસ કોમ્બિંગ આદરવા માટે રાજ્યસ્તરથી આપવામાં આવેલી સૂચના આપતાં પોલીસે વિવિધ ટુકડીઓ બનાવીને ભુજમાં કોમ્બિંગ આદર્યું હતું, જેમાં આલાવારા કબ્રસ્તાન પાછળ આવેલા શેખ ફળિયામાં રહેતા રમજાનશા કાસમશા શેખ નામના શખ્સના મકાનની તપાસ કરવામાં આવી હતી. જેમાં કોઈને છેતરવામાં ઉપયોગમાં લઈ શકાય તેવી ભારતીય ચલણની નોટોના રંગ અને માપના કાગળોના ૯૦ જેટલા બંચ મળી આવ્યા હતા. જો કે, આરોપી હાજર મળ્યો ન હતો.

રમજાનશા વિરુદ્ધ અગાઉ એ-ડિવિઝન તથા માધાપર પોલીસ મથકે છેતરપિંડીના ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું સ્થાનિક ગુનાશોધક શાખાના પી.આઈ. સંદીપસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.

# રાજ્યની સર્વશ્રેષ્ઠ સંસ્થાનો ઍવૉર્ડ ભાવનગરની શિશુવિહાર સંસ્થાને એનાયત થશે

ભાવનગર: શહેરની જાણીતી સંસ્થા શિશુવિહારને રાજ્યનો સર્વશ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થાનો ઍવૉર્ડ એનાયત થનાર છે. ગુજરાત રાજ્ય મહિલા અને બાળવિકાસ, મંત્રાલય ગાંધીનગર તરફથી ''ગુજરાત મહિલા અને બાળ વિકાસ પુરસ્કાર'' અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ની રાજ્યની સર્વ શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થાનો એવૉર્ડ શિશુવિહાર સંસ્થા ભાવનગરને મળ્યો હતો. રાજ્યપાલ તથા શિક્ષણપ્રધાનના વરદ્ હસ્તે રૂપિયા એક લાખ તથા પ્રશસ્તિ પત્રથી સંસ્થાનું તારીખ ૧૭ શનિવારે મહિલા સંમેલન ગાંધીનગર ખાતે અભિવાદન થશે.





કર્નલ સોફિયા કુરેશી મામલે નિવેદન આપનાર મધ્ય પ્રદેશના પ્રધાન વિજય શાહ અને રાજકોટ ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજા સામે રાજકોટ શહેર કૉંગ્રેસના કાર્યકરોએ વિરોધ પ્રદર્શનો કરી પોસ્ટર સળગાવ્યા હતા. (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરની સરકારી સર. ટી. હોસ્પિટલમાં બે બાળકોની ગંભીર બીમારીની સફળતાપૂર્વક સારવાર કરાઇ





(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની સર ટી. જનરલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ગંભીર પરિસ્થિતિમાં દાખલ થયેલ બે બાળ દર્દીઓને સ્વસ્થ અને સારી સ્થિતિમાં સફળતાપૂર્વક રજા આપી હતી. જેમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલાની ૮ વર્ષની બાળકી અને અમદાવાદ જિલ્લાના ધોળકાની ૬ વર્ષની બાળકી આ બંને બાળકોને સેપ્ટિસેમિયા, શ્વસન તંત્રની તકલીફ અને પાયોથોરેક્સ સાથે એમ્પાયમા સાથે ગંભીર સ્થિતિમાં લાવવામાં આવ્યા હતા.

તેમને ઓક્સિજન સપોર્ટ, યાંત્રિક વેન્ટિલેશન અને પીઆઈસીયુમાં સઘન સારવાર માટે દાખલ કરવાની જરૂર હતી. વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત સારવાર પ્રોટોકોલ મુજબ તાત્કાલિક આ બન્ને દર્દીઓની સારવાર શરૂ કરી પીઆઈસીયુમાં દાખલ કરીને શરૂ કરવામાં આવી હતી. નિષ્ણાત તબીબોના સંકલિત પ્રયાસના પરિણામે બંને દર્દીઓની નોંધપાત્ર રિકવરી માટે સાથે અને સફળતા પૂર્વક ડિસ્ચાર્જ કરી શકાયા હતા.

# ભાવનગરના શેળાવદર ગામના સરપંચે યુવતી ઉપર કરેલ દુષ્કર્મના કેસમાં કરેલી જામીન અરજી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા તાલુકાના શેળાવદરના સરપંચે એક યુવતી ઉપર બળજબરીપૂર્વક કરેલા બળાત્કાર કેસમાં આરોપીએ તળાજા કોર્ટ સમક્ષ જામીન અરજી રજૂ કરી હતી આ અરજી તળાજા કોર્ટમાં જેલ માંથી મુક્ત થવા અરજી કરી હતી. આ અંગેની અરજી તળાજા કોર્ટના ઇન્ચાર્જ મહુવા કોર્ટ સમક્ષ ચાલતા અદાલતે આરોપીના જામીન નામંજૂર કરી ફગાવી દીધા હતા.

આ કામના ફરિયાદી બેન પોલીસ મથકમાં એવા મતલબની પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, અમારા ગામના સરપંચ વલ્લભભાઈ વિરાભાઈ મકવાણા રહે. શેળાવદર, તા. તળાજા, વાળાએ હું મારા ઘરે એકલી હતી ત્યારે તા. ૬/૫/૨૦૨૫ ના બપોરના આશરે સાડા બારેક વાગે અમારા ઘરે આવી મારી એકલતાનો લાભ લઈ મને પકડી ઢસડીને અમારા ઘરના રૂમમાં લઈ જઈ મને રૂમમાં ખાટા ઉપર સુવડાવી મને રાડ પાડીશ તો ગળુ દબાવી પતાવી દેવાની ધમકી આપી મારી મરજી વિરુદ્ધ મારી સાથે બળજબરીથી બળાત્કાર કર્યો હતો. આ બનાવની જે તે સમયે દાઠા પોલીસ સ્ટેશનમાં આરોપી વલ્લભભાઈ વિરાભાઈ મકવાણા સામે દાઠા પોલીસે બી.એન.એસ.ની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પોલીસે ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો.

આરોપીએ જેલ માંથી મુક્ત થવા તળાજા કોર્ટમાં જામીન અરજી મૂકી હતી આ અરજી તળાજા કોર્ટના ઇન્ચાર્જ મહુવાના ચોથા એડિશનલ સેશન્સ જજ અતુલકુમાર એસ. પાટીલની અદાલતમાં ચાલી જતા સરકારી વકિલ કમલેશ કેશરીની અસરકારક દલીલો, વાંધાઓ, વિગેરે ધ્યાને રાખી અદાલતે આરોપી વલ્લભભાઈ વિરાભાઈ મકવાણાની જામીન અરજી નામંજૂર કરી ફગાવી દીધી હતી.

# ભાવનગર જિલ્લામાં રાજસ્થળી-વીરડીમાં ૨૦ સિંહોનો પરિવાર કેમેરામાં કેદ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર જિલ્લામાં રાજસ્થળી-વીરડી વિસ્તારમાં સિંહની વસ્તી ગણતરી દરમિયાન ૨૦ સિંહોનો પરિવાર જોવા મળ્યો હતો. આ સિવાય અન્ય નવ સિંહનો સમુહ જોવા મળ્યો હતો.

તાજેતરમાં રાજ્ય સરકારના વન વિભાગે બે તબક્કામાં સિંહની ગણતરીની કામગીરી હાથ ધરી હતી. પ્રાથમિક અંદાજ પ્રમાણે સિંહોની વસ્તી ૯૦૦ જેટલી છે હાલમાં સત્તાવાર આંકડો જાહેર થયો નથી. રાજ્યના વન વિભાગ દ્વારા સાસણ ગીરના તાલાળા સહિત રાજ્યભરના વિવિધ વિસ્તારમાં વસવાટ કરતાં સિંહોની ગણતરી હાથ ધરી છે. બે તબક્કામાં યોજાયેલ સિંહની ગણતરીની કામગીરી પૂર્ણ થઇ ગઈ છે.

ભાવનગર જિલ્લામાં ટીમ દ્વારા વિવિધ પદ્ધતિથી સિંહોની ગણતરી કામગીરીમાં રાજસ્થળી- વીરડી વિસ્તારમાં ગણતરી કરતા સમયે લગભગ ૨૦ સિંહનું કુટુંબ ધ્યાને આવ્યું હતું. જેમાં બે પુખ્ત સિંહ, છ સિંહણ, ૧૩ સિંહ બાળ જોવા મળ્યાં હતાં. આજ વિસ્તારમાં નવ સિંહનો અન્ય એક પરિવાર પણ જોવા મળ્યો હતો. હાલ ભાવનગર જિલ્લામાં પણ સિંહોની વસ્તી જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૨માં ગડકબારીમાં ફોટોગ્રાફરે ૧૮ સિંહના સમૂહને કેમેરામાં કેદ કર્યો હતો જે આ ગણતરી પહેલાનો સિંહનો મોટો સમૂહ ગણવામાં આવે છે.

# અમરેલીના બાબરા પંથકમાં પવનચક્કી ધરાશાયી થતા આગ લાગી

અમદાવાદ: અમરેલીના બાબરાના સમઢીયાળા ગામમાં ખાનગી કંપનીની પવનચક્કી ધરાશાયી થતા વીજ લાઈનને અડતા મોટો ધડાકો થતા આગના સ્વરૂપમાં ફેરવાયું હતું. આ બનાવની ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરાતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પ્રાપ્ત થતી વિગતો અનુસાર અમરેલીના બાબરાના સમઢીયાળા ગામમાં પ્રાઈવેટ કંપનીની પવનચક્કી ધરાશાયી થવાની ઘટના સામે આવી હતી. પવનચક્કી અચાનક ધરાશાયી થતા ૬૬ કેવી વીજલાઈન પર પડતા ભયાનક ધડાકા સાથે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના ધુમાડાના ગોટા બે કિમી દૂર સુધી દેખાતા હતા. પવનચક્કીમાં આગ લાગવાનું કારણ તપાસનો વિષય બન્યો હતો. પવનચક્કીમાં આગ લાગતા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વીજપૂરવઠો ઠપ્પ થયો હતો. સમગ્ર ઘટનાની જાણ થતા વહીવટીતંત્ર પણ ઘટના સ્થળે દોડી આવ્યું હતું. સ્થાનિકો અને તંત્ર દ્વારા આગ ઠારવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.